## જીતુભાઈ પંડ્યાની

# સીધી વાત



- ઊર્મિલાનું વરદાન
- ભારતીય સંસ્કૃતિ વિશ્વની સૌથી ફ્રી સેક્સ સોસાયટી રહી હશે.
- હિંદુ ધર્મમાં કન્ફેશનની પ્રથા કેમ નથી?
- નસીબ-સંયોગ અને સંજોગ- કથા સચિન તેંદૂલકરની.
- શું સમય જ ઈશ્વર છે?
- ભૂપત વડોદરિયાજી શું માત્ર હિન્દુ ધર્મમાં જ સ્ત્રીઓને અન્યાય થયો છે?
- ગાંધીજીના સાનિધ્યમાં કાંચન થયેલા વડોદરાના ત્રણ મુસ્લિમ સંતો.
- વેપારમાં સફળ થવાની ત્રણ ચાવીઓ.
- તમને બે આયામી પતિ કે પત્ની તો મળશે નહીં.
- વૃદ્ધાવસ્થામાં ઘરે બેઠા લાખો કમાવાનો કીમિયો.
- સમાજનાં ઘડતરમાં અસમાજિક તત્ત્વનો ફાળો.
- ઝાડ, તું સૂકાઈ જા-મનની તાકાતની અદભૂત વાત.
- પાપ શું? પુણ્ય શું?
- મા-બાપને ભૂલશો નહીં.
- સૂર્ય કે સૂર્યલોક.
- મારા પતિ પેલીની પાછળ કેમ ગાંડા થઈ ગયા છે?
- ના, ભારતમાં ક્યારેય પણ સ્ત્રીઓનું શોષણ થયુ નથી.
- શિક્ષકોને વિદ્યાર્થીઓને મારવાનો હક્ક હોવો જોઈએ.
- આ મમ્મીઓને શું કહીશું?
- ભારતનાં ન્યાયતંત્રમાં આટલા ફેરફારો ના થઈ શકે?

અક્ષરનાદ
AksharNaad.com



http://AksharNaad.com

# જીતુભાઈ પંડ્યાની

# સીધી વાત



**સાયુજ્ય પ્રકાશન**
વડોદરા-390023

http://AksharNaad.com

# સીધી વાત

જીતુભાઈ પંડ્યા

કોઈનો કોપી રાઈટ નહીં

પ્રથમ આવૃત્તિ : 2020
નકલ : 500
પૃષ્ઠ : _________
મૂલ્ય : Rs. _______

: મુદ્રક :
પ્રિન્ટો ગ્રાફિક્સ
છાણી જકાતનાકા, વડોદરા.
ફોન : 9825321187

: પ્રકાશક :
**સાયુજ્ય પ્રકાશન**
એ-228, સૌરભ પાર્ક, સુભાનપુરા,
વડોદરા-390023
ફોન : 9998003128, 9601257543
chandaranas@gmail.com

http://AksharNaad.com

# અર્પણ

જેની સાથે આનંદસભર 40 વર્ષનું દાંપત્ય વ્યતીત કર્યું તેવી સાચા અર્થમાં મારી અર્ધાંગિની

**હર્ષા.**

મારા દિલના ટુકડા જેવા ત્રણ દીકરી જમાઈઓ

| | | |
|---|---|---|
| **ખ્યાતિ** | **રિધ્ધિ** | **સિધ્ધી** |
| **અમર** | **નીરજ** | **ચિરાગ** |

મારી બે પૌત્રીઓ

**વામા ઈશિકા**

મારા ઋષિતુલ્ય અલૌકિક પિતા

**જેઠાલાલ છોટાલાલ પંડ્યા**

મારા અનન્ય માતૃશ્રી

**દેવલક્ષ્મી જેઠાલાલ પંડ્યા**

મારા પાલક પિતા

**અંબાલાલ ધીરજલાલ પંડ્યા (મામા)**

મારા પાલક માતા

**કૈલાશબેન અંબાલાલ પંડ્યા (મામી)**

http://AksharNaad.com

http://AksharNaad.com

# સીધી વાત – લેખકના બે બોલ

**'સીધી વાત'** એટલે ટીવી પરના કાર્યક્રમમાં મેં રજૂ કરેલા વિષયોમાંથી સંકલિત કેટલાક વિષયો, એટલે કે મારી ટીવી ટોક. ટીવી પર મારા આ કાર્યક્રમની શરૂઆત સાવ અચાનક જ થઈ હતી.

સંસારથી અને સાચું કહું તો કામ કરવાથી મને વારંવાર કંટાળો આવી જતો હોય છે. એટલે જ જિંદગીમાં મેં કેટલાય લાંબા વેકેશનો ભોગવ્યા છે. ૨000ની સાલ પછી આવો જ કોઈ વૈરાગ્ય મને આવી ગયેલો, આ વૈરાગ્ય આવવાનું કારણ પણ એક જજ સાહેબનો ચુકાદો હતો. બન્યું એવું કે જેલમાં રહેલા એક 80 વર્ષના ગરીબ આરોપીની જામીન અરજી મફત લડવા જેલરે મને વિનંતી કરેલી. 80 વર્ષનો બાપ અને 30 વર્ષનો પુત્ર હત્યાના આરોપમાં જેલમાં હતા. ચાર્જશીટ જોતાં સમજાતું હતું કે આ હત્યા પુત્રએ કરેલી છે પણ બાપને ખોટો ફસાવી દેવાયો છે. આ અરજી પર હું દલીલ શરૂ કરું તે પહેલા જજ સાહેબે મને કહ્યું જીતુભાઈ જેટલી લાંબી દલીલો કરવી હોય એટલી કરો હું હત્યાના કેસમાં જામીન આપતો જ નથી. મે તેમ છતાં પૂરે પૂરા દિલથી પૂરે પૂરી દલીલો કરી. મને આશા હતી કે આ જામીન અરજી તો ચોક્કસ મંજૂર થશે કારણકે બનાવના દિવસે બાપની હાજરી બીજે હતી તેવું પોલીસ રેકોર્ડ ઉપરથી જ પુરવાર થતું હતું. સાંજે 5 વાગે ચુકાદો આવ્યો કે જામીન ના મંજૂર. અને એજ રાત્રે આ 80 વર્ષના આરોપીએ જેલમાં આત્મહત્યા કરી લીધી.

સવારે અખબારમાં આ સમાચાર વાંચ્યા અને ન્યાયમંદિર ગયો. થોડી વારમાં જજ સાહેબનો પટાવાળો મને બોલાવવા આવ્યો. હું સાહેબની ચેમ્બરમાં ગયો મને જોઈને સાહેબની આંખમાં આંસુ આવી ગયા, સાહેબે મને કહ્યું જીતુભાઈ, આઈ એમ રોંગ. કાલે તમારી દલીલો મારે ગળે ઉતરી પણ હતી પણ માત્ર હત્યા કેસમાં જામીન નહીં આપવા જોઈએ તેવી મારી જીદને કારણે એક વૃધ્ધ માણસને આત્મહત્યા કરવી પડી. આઈ એમ ગીલ્ટી. સાહેબનો પશ્ચાતાપ સાચો હતો પણ હવે કશું થઈ શકે તેમ ના હતું. હું સાહેબની ચેમ્બરમાથી બહાર આવ્યો અને સીધો મારે ઘરે પહોંચી ગયો અને મારી પત્ની હર્ષાને કહ્યું કે મારી પાસે જે બે મર્ડર કેસ બાકી છે તે પૂરા થયા પછી હું

વકીલાત નહીં કરું.અને એક માહિનામાં મારી વકીલાત પૂરી થઈ ગઈ.આ બનાવ પછી મે મારી જાતને મારા ઘરના ઉપરના માળમાં કેદ કરી લીધી ભાગ્યે હું નીચે આવતો આમ એકાદ વર્ષથી મારા ઘરમાંથી બહાર જ નીકળ્યો ન હતો. તે સમયે હું વડોદરાના મકરપુરામાં રામબાગ સોસાયટીમાં રહેતો હતો.

એક દિવસ મારે ત્યાં કોઈ પ્રસંગનો નાનકડો જમણવાર હતો, અને મારા ભાણેજ-જમાઈ રત્નાકર રાઉરકર મારે ઘેર આવેલા. રત્નાકર રાઉરકાર એ સમયે વડોદરાની ૨૪ કલાક ચાલતી એક લોકલ ન્યુઝ ચેનલ “દીપ ચેનલ”ના એડિટર. મને કહે, “મામા, તમે મારી ચેનલ પર કશુંક બોલો. સમાચાર પછી તમારી આઠ-દસ મીનિટની ટીવી ટોક મુકીએ.”

વાસ્તવમાં રાઉરકરની ખરી ઈચ્છા મને ઘરમાંથી બહાર કાઢવાની.મેં કહ્યું, કે હું કાલથી આવીશ અને ટીવી ટોક આપીશ.

બીજે દિવસે હું જૂની મહારાણી શાંતાદેવી ટોકીઝ અને હાલમાં દીપ ચેમ્બર નામે ઓળખાતા બિલ્ડીગમાં આવેલી દીપ ચેનલની ઓફિસે ગયો. આ દીપ ચેનલના માલિક વડોદરાના બહુ જાણીતા બિલ્ડર શ્રી અશ્વિન પટેલ જે અશ્વિન બાપુના નામે ઓળખાય છે તે હતા અને તેમની પુત્રી પ્રિયા બાખૂબી આ ચેનલ ચલાવતા. આ પહેલા મેં ક્યારેય ટીવી પ્રસારણ માટે રેકોર્ડિંગ કરાવેલ નહીં. અને શું બોલવું એ પણ નક્કી નહીં . અચાનક દીપ ચેનલની ઓફિસમાં પડેલા અખબારો પર મારી નજર પડી. જોયું તો ફૂલ પેઈજની એક જાહેરાત.'કૈલાસ-માનસરોવરની યાત્રા પર જનાર દરેક ગુજરાતી યાત્રીને રૂપિયા દસ હજાર રોકડા અને દસ હજારની કીટ ગુજરાત સરકાર આપશે.'

રાઉરકરે કહ્યું,“મામા ચાલો.”અને હું કેમેરા સામે ગોઠવાઈ ગયો,અને‘સીધી વાત’ની શરૂઆત મેં આ કૈલાસ-માનસરોવર યાત્રાની જાહેરાત પર નિશાન તાકીને જ કરી . મેં કહ્યું, કે કૈલાસ-માનસરોવરની સરકાર પ્રાયોજિત યાત્રામાં પૂરા ભારતમાંથી ફક્ત ૩૨૦ યાત્રીઓને પસંદ કરાય છે. તો આ લોટરીમાં ગુજરાતમાંથી માત્ર દસ કે પંદર યાત્રીઓનો માંડ નંબર લાગ્યો હશે. પંદર યાત્રીઓને ગુજરાત સરકારે જો ૨૦ હજાર રૂપિયાની મદદ કરી હોય, તો કુલ ત્રણ લાખ રૂપિયાની મદદ માંડ કરી હશે . અને ગુજરાતના દરેક અખબારમાં આખા પાનની જાહેરાત આપવામાં ગુજરાત સરકારે ઓછામાં ઓછા ત્રણ-ચાર કરોડ ખર્ચી નાખ્યા હશે . તો આ જાહેરાત કરવાને બદલે

ગુજરાત સરકારે ભારતમાથી જતાં તમામે તમામ 320 યાત્રીઓને ૨૦ હજારની મદદ કરી હોત તો શું વાંધો હતો? વિગેરે-વિગેરે. મતલબ કે કેશુભાઈની સરકારની ઝાટકણી કાઢીને મારી પહેલી ટીવી ટોક પૂરી કરી.

સમાચાર ઉપરાંતમાં આ ટીવી ટોક અપાતી હોવાથી રાઉરકરે તેનું નામ આપ્યું "ન્યુઝ પ્લસ". પછી તો આ ટીવી ટોક લોકપ્રિય થતાં રાઉરકર અને પ્રિયાબેને સમાચાર ઉપરાંત તેના માટે અડધો કલાક ફાળવી દીધો, અને તેનું નામકરણ પણ રાઉરકરે જ કર્યું 'સીધી વાત'.

આમ દીપ ચેનલમાં આ 'સીધી વાત' શરૂ થઈ, અને જો હું કોઈનો ઈન્ટરવ્યું લઉં, તો એનું નામ આપવામાં આવ્યું 'આમને સામને'.

'આમને સામને'માં તે સમયના દિગ્ગજ ગણાતા નેતા અને પ્રધાન જશપાલસિંગનો ઈન્ટરવ્યુ લીધો. એક કલાકના આ સ્ફોટક ઈન્ટરવ્યુમાં કેબિનેટ મિનિસ્ટર હોવા છતાં જસપાલ સિંગે મુખ્યમંત્રી કેશુભાઈ પટેલના જમાઈ ભારે ભ્રષ્ટાચાર કરી રહ્યા હોવાનું અને કેશુભાઈ નિષ્ફળ મુખ્યમંત્રી હોવાના ખુલ્લામાં ખુલ્લા આક્ષેપો કર્યા. કેશુભાઈ પટેલ સામે બળવાની આ શરૂઆત હતી અને તેની જાહેરાત કોઈ નેશનલ મીડિયા કે અખબારમાં કરવાને બદલે જશપાલ સિંગે અમારી દીપ ચેનલથી કરી. આ ઈન્ટરવ્યુની નોંધ વડોદરાના તમામ અખબારો અને 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' સહિત દેશભરના અખબારોએ લીધી.

આ સ્ફોટક ઈન્ટરવ્યુના પરિણામે જશપાલસિંગની પ્રધાનમંડળમાંથી હકાલપટ્ટી કરવામાં આવી હતી એ એક આડ વાત થઈ, પણ રત્નાકર રાઉરકર, દીપ ચેનલ અને આ સીધી વાતે મને મારા એકાંતવાસમાંથી મુક્તિ અપાવી એ એક સીધી વાત થઈ.

એકાદ વર્ષ પછી માલિકો દ્વારા દીપ ચેનલ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો, અને મારા મિત્ર ગિરીશભાઈ શાહના અત્યંત આગ્રહને કારણે મેં મારી પોતાની ન્યુઝ ચેનલ શરૂ કરી. એનું નામ શું આપવું તે વિચારતા હતા અને ગિરીશભાઈ શાહે એનું નામ "ન્યુઝ પ્લસ" ચેનલ રાખ્યું, અને મારા વાર્તાલાપનું એ જ નામ 'સીધી વાત' અમે ચાલુ રાખ્યું. આ ચેનલ ખોલવાનો નિર્ણય અમે લીધો ત્યારે મારા ગજવામાં માત્ર

http://AksharNaad.com

156 રૂપિયા હતા. આ નવી ચેનલ શરૂ કરવાના મારા વિચારને સાર્થક કરવામાં મારા પરમ મિત્ર સ્વ.પ્રકાશ પંડયાએ પણ ખૂબ મદદ કરી.

ન્યુઝ પ્લસ ચેનલ શરૂ થઈ ૯ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ મારા મિત્ર હરીશ અમિન (ભૂરિયા)ની હોટલ જલસાગરમાં, અને ૨૭ તારીખે ગોધરાકાંડ થયો . મારી ચેનલના ઉદઘાટનના થોડા સમયમાં મારી મોટી પુત્રી ખ્યાતિ મારી સાથે જોડાઈ ગઈ હતી.

એક વાત કહી દઉં, કે મારી ચેનલ પર, સમાચાર કરતાં લોકોને વધારે અપીલ કરી જતી હતી મારી 'સીધી વાત'. આમ ૨૦૦૨થી માંડીને આજ સુધી ટીવી પરની 'સીધી વાત' ખૂબ જ લોકપ્રિય રહી છે. આશા રાખું, કે એ વાતોમાંથી પસંદગીની કેટલીક સીધી વાતોના આ પુસ્તક સંસ્કરણને પણ એવો જ પ્રતિસાદ મળશે.

ટીવી પર કરેલી મારી હજારો 'સીધી વાત'નું કોઈ રેકોર્ડિંગ મેં કાળજીપૂર્વક સાચવ્યું નથી. અનેક રસપ્રદ 'સીધી વાતો' હું ભૂલી પણ ગયો હોઈશ, પરંતુ એ સમયની ઘટનાઓ અને એ પરના મારા એ સમયના પ્રતિસાદોમાંથી જે કંઈ યાદ રહ્યું છે, તેનો માત્ર સ્મરણોના સહારે જ અહીં સમાવેશ કરું છું.

'સીધી વાત'ના ઘણા દર્શકો અને મિત્રો 'સીધી વાત'ને પુસ્તકરૂપે પ્રગટ કરવા આગ્રહ કરતા હતા. તેમાં મુખ્ય હતા મારા મિત્ર ડો. દીનાબેન શાહ, સ્વ. પ્રકાશ પંડ્યા, અને સ્ટેટ બેન્ક ઓફ ઈંડિયામાં હાલમાં ફરજ બજાવતા અનંત આનંદ.

પછી તો પ્રકાશ પંડ્યાએ "હવે તો ઉત્તર આપો કૃષ્ણ" એ નામનું એક પુસ્તક લખ્યું જેમાં મેં પ્રસ્તાવના પણ લખી. આ પુસ્તકના કેટલાક લખાણોનો ઉલ્લેખ પૂજ્ય મોરારીબાપુએ એમની કથામાં પણ નામ જોગ કરેલો. એ પુસ્તકના વિમોચન પ્રસંગે મેં મારા મનમાં 'સીધી વાત'ને પુસ્તકાકારે પ્રકાશિત કરવાનો પાક્કો નિર્ધાર કર્યો, અને તેના પરિણામ સ્વરૂપે આજે આ પુસ્તક આપના હાથમાં છે.

મારા વિચારો પર આચાર્ય રજનીશ અને દંતાલીના સચિદાનંદ સ્વામીનો ભારે પ્રભાવ રહ્યો છે. ન્યૂસ પ્લસ ચેનલના ટાઇટલમાં મેં સ્વામી સચિદાનંદજીનો ફોટો કાયમ રાખેલો. વડોદરાના સિંધવઈમાતા રોડ પર આવેલ આયુર્વેદિક હોસ્પિટલના મેનેજિંગ ટ્રસ્ટી અને સાક્ષાત ધન્વંતરીના અવતારસમ વૈદ્યરાજ સારાભાઈ અને

વડોદરામાંથી ડેપ્યુટી કમિશ્નર ઓફ પોલીસ તરીકે નિવૃત્ત થયેલા નરેન્દ્ર સિંહ જાડેજા અને ન્યુ ઈરા હાઈસ્કૂલના મારા શિક્ષક રામચંદ્ર રાનડે મારા માટે કાયમ પિતા તુલ્ય રહ્યા છે અને આ વડીલોએ મને પુત્રની જેમ ચાહ્યો છે.

આ પ્રસંગે હું મારા કલમગુરુ વંદનીય દિનેશ પાઠક કે જેઓ “સંદેશ” અખબારના તંત્રી હતા જે મારો હાથ પકડીને મારી અનિચ્છા હોવા છતાં સંદેશ અખબારમાં લઈ ગયા અને મને પત્રકારીત્વ અને અસ્ખલિત એટ્લે કે પેન રોકાયા વગર લખતા શીખવાડયું. તેમને વંદન કરું છું.

2010 થી 2014 સુધી ફરી એક વાર નિવૃત્ત થઈ ગયેલો. એક દિવસ દલસુખભાઈ પ્રજાપતિએ મને બોલાવી કહ્યું કે ગુજરાત હાઈકોર્ટમાં ખેડૂતો માટે લડો, હું દર મહિને તમને રૂ.25,000/- આપીશ એમ કહી રૂ.25,000/- હાથમાં મૂકી દીધા. હું ફરી એકવાર સક્રિય થઈ ગયો અને હાઈકોર્ટ અને વડોદરાની કોર્ટમાં પ્રેક્ટિસ કરવા માંડ્યો. એક વર્ષ પછી મેં જાતે જ દલસુખભાઈને કહ્યું, હવે હું ખૂબ કમાવા માંડ્યો છું મારે રૂ. 25,000/- જરૂર નથી. અને તે પછી અંકોડિયાના ખેડૂત અગ્રણી ઘનશ્યામભાઈ ઉર્ફે રોહિતભાઈ પટેલની સાથે મળીને ગુજરાત ખેડૂત હિતરક્ષક સમિતિની સ્થાપના કરી અને ખેડૂત લડત શરૂ થઈ. આમ આ વખતે દલસુખભાઈએ મને નિષ્ક્રિયતામાંથી બહાર કાઢ્યો.

ખૂબ ટૂંકા સમયમાં આ પુસ્તકની પ્રસ્તાવના લખી આપવા બદલ કવિ શ્રી ભાગ્યેશ જહાનો ખૂબ આભારી છું. વડોદરાના કલેક્ટર તરીકે ભાગ્યેશભાઈ સાથે ખૂબ અંગત ઘરોબો રહેલો અને ન્યૂઝ પ્લસ ચેનલ પર એમનો પ્રેમ એટલો બધો કે રોજ તેમના બંગલે ન્યૂઝ પ્લસની કેસેટ મંગાવે અને રાત્રે જમવા બેસતી વખતે અચૂક આ કેસેટ સાંભળે.

આ પુસ્તકમાં સમાવેલી સીધીવાતો ઘણા લાંબા સમય સુધી લખીને મૂકી રાખેલી તે મારી સાથે કામ કરતાં વકીલ કોમલ શર્માના હાથમાં આવી અને તેમણે તેને ટાઈપ કરી મૂકી રાખેલી. મારા નિવાસ સ્થાને બીજા અને ચોથા ગુરુવારે મળતી કવિ સંગતના એક કવિ યુગલ મીનાક્ષી ચંદારાણા અને અશ્વિન ચંદારાણાએ સાયુજ્ય પ્રકાશનની શરૂઆત કરી અને તેમના આગ્રહથી મે ટાઈપ થઈને કોમ્પ્યુટરમાં પડી રહેલી સીધીવાત તેમને મોકલાવી. આ વાત પણ મને ભુલાઈ ગયેલી. નવ-દસ મહિને

કવિ સંગતની બેઠક પૂરી થયા બાદ અશ્વિનભાઈએ સીધીવાત પુસ્તકની ડમી મારી સામે મૂકી દીધી અને આમ આ સીધીવાત આપના સુધી પહોંચી રહી છે.

આ પુસ્તકનાં પ્રૂફ રીડિંગ માટે કવિ જૈમિન ઠક્કર – પથિક તેમજ આખું પુસ્તક કાળજીપૂર્વક જોઈને સહૃદયતાપૂર્વક સૂચનો કરવા માટે કવિશ્રી અશોક જાની – આનંદનો ખૂબ આભારી છું. આ પુસ્તકને ફરી ફરી ટાઈપ કરી આપી મને ખૂબ મદદરૂપ થયેલા મારા સાથી વકીલ પ્રતિક પ્રજાપતિનો પણ આભારી છું.

અહીં સમાવાયેલા પ્રત્યેક વિષયને મેં તર્કબદ્ધ રીતે, અને ભારતીય તત્વચિંતનને ધ્યાનમાં રાખીને સત્યની કસોટીએ ચઢાવીને ન્યાય આપવાનો પ્રયાસ કર્યો છે. તેમ છતાં, મારું સત્ય એ કોઈ સનાતન સત્ય હોવાનો મારો દાવો નથી. મારી વાતમાં માહિતી દોષ હોવાનું પણ શક્ય છે, કારણ કે 'સીધી વાત' કહેતા પહેલાં મેં ક્યારેય, કોઈ તૈયારી કરી ન હતી. હૃદયમાંથી જે વાત નીકળી તેને મેં સીધેસીધી જ કહી દેવાનું મેં પસંદ કર્યું હતું.

બની શકે કે ટીવી પર કહેલી 'સીધી વાત' અને પુસ્તકમાં પ્રગટ થયેલી 'સીધી વાત'માં તફાવતો પણ હોય. કારણ કે પહેલાંની માફક આજે પણ આ 'સીધી વાત' લખવા માટે મેં કોઈ રેકોર્ડિંગ તપાસેલ નથી.

અસ્તુ.

**જીતુભાઈ પંડ્યા**

http://AksharNaad.com

# પ્રસ્તાવના
# કવિશ્રી ભાગ્યેશ જહા

વડોદરાના ચિંતક અને મારા પરમ મિત્ર શ્રી જીતુભાઈ પંડ્યાનું આ પુસ્તક સીધીવાત જોઈ ગયો અને ખૂબ આનંદ એટલા માટે થયો કે એક રોજ સાંજે બોલાતી સહજ ચિંતનિકાઓ નિબંધ સ્વરૂપે આ પુસ્તકમાં આવી છે. આ પુસ્તકનું હું સ્વાગત કરું છું કારણકે એ એક ઈતિહાસ આપણો જે વર્તમાન ઈતિહાસ છે એના ચિંતનનું ડોક્યુમેન્ટેશન છે. જીતુભાઈ પંડ્યા સીધીવાત એવું શીર્ષક આપે એટ્લે આપણને સ્વાભાવિક રીતે જ જિજ્ઞાશા થવી જોઈએ અને થતી હતી એ વખતે પણ થતી હતી. સીધીવાત એટ્લે આડી-અવળી વાત નહીં, તર્કબધ્ધ રીતે જે કહેવાનું છે તે સીધે સીધું કહેવાનું.આ જીતુભાઈનો સ્વભાવ છે,આ જીતુભાઈની વિશેષતા પણ છે.જ્યારે ગોળ-ગોળ વાત કરવાનનો જમાનો હોય ત્યારે જીતુભાઈએ એક તીરની માફક પોતાના શબ્દોને રેખાંકિત કરે છે.આવા જીતુભાઈના આ પુસ્તકનું હું સ્વાગત કરું છું.

આજના જમાનામાં ખાસ કરીને પત્રકારિતાને માટે એવું કહેવાયું છે કે “પત્રકારિતા ઈઝ લિટરેચર રિટર્ન ઇન હરી” તો ત્રણ બાબતો સીધીવાતમાથી ઉભરે છે. 1. એ સ્પષ્ટ વક્તા પત્રકાર હોવો જોઈએ. પત્રકારે જે કહેવાનું છે તે સીધે-સીધું કહેવાનું છે. 2. એની નિર્ભયતા તમને દેખાવવી જોઈએ. 3. વરબોઝ નહીં પણ આર્ટિક્યુલેશન એટ્લે જીતુભાઈને મેં જ્યારે જ્યારે હું સાંભળતો હતો વડોદરા હતો એ દરમિયાન પણ અને પછી પણ તો મને આ વ્યક્તિમાં એ વાત ગમી કે એકદમ આર્ટિક્યુલેટ છે એ મુદ્દાસર જ વાત કરે, કે મારે ત્રણ બાબતો કહેવી છે એમ કરીને વાતની શરૂઆત કરે.તો આ સ્પષ્ટતા આ ક્લેરિટી એ જીતુભાઈની વિશિષ્ટ્તા છે અને આજની આવશ્યકતા છે.

જીતુભાઈનું આ પુસ્તક એ અનેક કોંટેમ્પરરી આપણાં સમ-સામાયિક જે ઈસ્યુઝ છે, આપણાં મુદ્દાઓ છે એના વિષે એમની વાત રજૂ થઈ છે અને વડોદરામાં

http://AksharNaad.com

મારા કાર્યકાળ દરમિયાન મેં  જોયું કે અનેક લોકો જીતુભાઈની આ વાત સાંભળવા ખુબ જ આતુર રહેતા હતા. જેમ જેમ ટેકનોલોજીનો વિકાસ થતો ગયો એમ એમ સમચારના સમયે સમાચારની અપ્રસ્તુતતા વધતી ગઈ. કારણકે રીઅલ ટાઈમમાં સમાચાર મળવા માંડ્યા, ક્યાં શું થઈ રહ્યું છે દુનિયાભરમાં, એ તમારા મોબાઈલમાં આવવા માંડ્યુ. ઈવન 2002 નો જે ગાળો જેમાં જીતુભાઈની આ વાત છે ત્યારે ન્યૂઝ કરતાં વ્યુઝ એટ્લે કે સમાચારોનું એનાલિસિસ, સમાચારો ઉપરાંત આમાં કયો વિચાર છે અથવા કેવી રીતે પ્રજાએ વિચાર કરવો જોઈએ એ બાબતમાં જીતુભાઈ જાણે કે એક વ્યક્તિની એક પાઠશાળા, લોક શિક્ષણની પાઠશાળા ચાલતી હોય એવું આપણને સંભળાય. આવા એક, આમ ભેખધારી લાગે એવા જીતુભાઈ એ સંસ્થાના તો ખરા જ, સમાચારના તો ખરા પણ સંબંધોના પણ માણસ છે. કારણ કે મૂળ એમનો સ્વભાવ આધ્યાત્મિક છે. સર્જક્તાને ચાહનારા છે, અને તે કારણે એમની ઋજુતા તમને એમની ભાષામાં અને મુદ્દાઓને પકડવાની એમના કૌશલ્યમાં જોવા મળે. જીતુભાઈનું આ પુસ્તક તમને એમની એ સંવેદનશીલતા ને પણ દેખાડશે આત્મહત્યાથી માંડીને અનેક વાતો તમે વાંચશો એટ્લે ખ્યાલ આવશે કે જીતુભાઈ કેવી રીતે પોતાની સંવેદનશીલતા ને  સાચવે છે. મે છેલ્લા વર્ષોમાં જોયું છે કે કવિઓ, ખાસ કરીને વડોદરાના કવિઓ માટે, એનું એક સંગઠન થાય બધા સાથે મળે, બધા સાથે પોત-પોતાની કવિતાઓ રજૂ કરે એ માટે પણ જીતુભાઈની મથામણ હોય. ડૉ. દિનાબેન શાહ તો અમારા ખાસ કવિ મિત્ર અને અમે બધા સાથે બેસીએ ઘણી બધી વખતે તો જીતુભાઈ હંમેશા એક આદર્શ ભાવક તરીકે કોઈ કવિતાની પંક્તિ યાદ પણ રાખે અથવા ખાસ આગ્રહ કરે કે ચાલો એક કવિતા સંભળાવો . કોઈ પત્રકાર, કોઈ ચિંતક અને આ પ્રકારના રજનીશજી અને સચ્ચિદાનંદના પુસ્તકો વાંચીને પોતાના વિચાર – વૈભવને તરબતર રાખનાર વ્યક્તિત્વ જ્યારે ગુજરાતી કવિતાની આવી માવજત કરતાં હોય ત્યારે આપણને ગૌરવ થાય અને એ રીતે જીતુભાઈને હું વડોદરાના આ આપણાં કલ્ચરલ સિટી, આપણી સંસ્કાર નગરીના એક સરસ પત્રકાર તો છે, પણ એક સાહિત્ય પુરુષ, એક સાહિત્યના પ્રેમી, એક આદર્શ ભાવક તરીકે એમને બિરદાવું છું.

આ પુસ્તક ફરી એકવાર એનું સ્વાગત કરું છું અને અપેક્ષા રાખું છું કે જીતુભાઈ ખૂબ લખે કારણકે એમનું વાંચન છે પણ વાંચનની સાથે સાથે ખૂબ ચિંતન પણ છે. તો આ બધાનો મેળ પાડીને એક સરસ શ્રેણી ચલાવીને પણ સારા લેખોનો સંપૂટ કરી અને પુસ્તક આકારે ગુજરાતી પ્રજાને જીતુભાઈ આપે એવી અપીલ કરું છું સહુને ખૂબ-ખૂબ શુભકામનાઓ,જીતુભાઈને વિશેષ.

આભાર

**કવિશ્રી ભાગ્યેશ જહા**

http://AksharNaad.com

http://AksharNaad.com

# અનુક્રમણિકા


| | | પાન નં. |
|---|---|---|
| ૧. | એક બનાવ એવો બન્યો કે જીતુ પંડયાએ આત્મહત્યા ના કરી. | ૧૭ |
| ૨. | ઊર્મિલાનું વરદાન - રામાયણમાં જેને પૂરતો ન્યાય મળ્યો નથી તે ઊર્મિલાની એક કથા. | ૨૧ |
| 3. | ગુજરાતનાં મુખ્યમંત્રી ચીમનભાઈનું અવતરણ અને જીતુ પંડ્યાનું પ્રવચન. | ૨૪ |
| ૪. | ભારતીય સંસ્કૃતિ વિશ્વની સૌથી ફ્રી સેક્સ સોસાયટી રહી હશે. | ૨૮ |
| ૫. | હિંદુ ધર્મમાં કન્ફેશનની પ્રથા કેમ નથી? | ૩૧ |
| ૬. | નસીબ-સંયોગ અને સંજોગ- કથા સચિન તેંદૂલકરની. | ૩૪ |
| ૭. | શું સમય જ ઈશ્વર છે? | ૩૮ |
| ૮. | તારી પાસે જ નહીં મુકેશ અંબાણી પાસે પણ માંગનારા બહુ ઉઘરાણી કરે છે. | ૪૧ |
| ૯. | ભૂપત વડોદરિયાજી શું માત્ર હિન્દુ ધર્મમાં જ સ્ત્રીઓને અન્યાય થયો છે? | ૪૫ |
| ૧0. | ગાંધીજીના સાનિધ્યમાં કાંચન થયેલા વડોદરાના ત્રણ મુસ્લિમ સંતો. | ૪૯ |
| ૧૧. | વેપારમાં સફળ થવાની ત્રણ ચાવીઓ. | ૫૩ |
| ૧૨. | તમને બે આયામી પતિ કે પત્ની તો મળશે નહીં. | ૫૬ |
| ૧૩. | વૃદ્ધાવસ્થામાં ઘરે બેઠા લાખો કમાવાનો કીમિયો. | ૬0 |


http://AksharNaad.com

| | | |
|---|---|---|
| ૧૪. | સમાજનાં ઘડતરમાં અસમાજિક તત્ત્વનો ફાળો. | ૬૩ |
| ૧૫. | સવારે વહેલા ઊઠો. | ૬૫ |
| ૧૬. | ઝાડ, તું સૂકાઈ જા-મનની તાકાતની અદભૂત વાત. | ૬૭ |
| ૧૭. | ભાઈ, ગીતાપાઠથી જેલમાં રહેલો પુત્ર કેવી રીતે છૂટે? | ૬૯ |
| ૧૮. | શું પાપ ? શું પુણ્ય? | ૭૨ |
| ૧૯. | મા-બાપને ભૂલશો નહીં. | ૭૪ |
| ૨૦. | શ્રેષ્ઠ ગાયક કોણ? તાનસેન કે હરિદાસ સ્વામી ? | ૭૭ |
| ૨૧. | સૂર્ય કે સૂર્યલોક. | ૮૦ |
| ૨૨. | તારા દિલની વાત તું બેધડક કહી દે. | ૮૩ |
| ૨૩. | મારા પતિ પેલીની પાછળ કેમ ગાંડા થઈ ગયા છે? | ૮૬ |
| ૨૪. | ના, ભારતમાં ક્યારેય પણ સ્ત્રીઓનું શોષણ થયુ નથી. | ૮૯ |
| ૨૫. | સંસાર સુખી રાખવા સાસુ અને પતિનું કહ્યું કર. | ૯૮ |
| ૨૬. | શિક્ષકોને વિદ્યાર્થીઓને મારવાનો હક્ક હોવો જોઈએ. | ૧૦૦ |
| ૨૭. | ભારતમાં દલિતોના સૌ પહેલા ઉદ્ધારક કોણ? | ૧૦૫ |
| ૨૮. | શું ઋષિઓ દાનવના જન્મદાતા હતા? | ૧૦૯ |
| ૨૯. | આ મમ્મીઓને શું કહીશું? | ૧૧૪ |
| 30. | ભારતનાં ન્યાયતંત્રમાં આટલા ફેરફારો ના થઈ શકે? | ૧૧૬ |


http://AksharNaad.com

# ૧

## એક બનાવ એવો બન્યો કે જીતુ પંડયાએ આત્મહત્યા ના કરી.

એ સમય બહુ કપરો ચાલતો હતો મારા માટે. ૧૯૮૪ની સાલમાં મારા માથે સાડા ત્રણ કરોડ રૂપિયાનું દેવું. મારી કંપનીએ ગુજરાત હાઈકોર્ટમાં નાદારી નોધાવેલી. બધું જ ઊંધું પડી ગયું હતું અને દરેક નવો દિવસ નવી ઉપાધિ લઈને મારી સામે આવતો હતો. વડોદરાની કોર્ટમાં મારી સામે છેતરપીંડીના ૭૫ કેસ દાખલ થયેલા. અખબારોમાં રોજે-રોજ આઠ કોલમમાં મારી વિરુદ્ધના સમાચારો છપાય.

તે સમયે હું મકરપુરા રોડ પર આવેલ રામબાગ સોસાયટીમાં રહેતો હતો. એક શનિવારની સાંજે મેં નિર્ણય કરી લીધો કે આજે રાત્રે બધાં સૂઈ જાય એટલે ઝેર પી લઈને કાયમ માટે શાંતિથી સૂઈ જવું.

એક ઘાતક ઝેરી દવા લઈ આવીને મેં બાથરૂમમાં સંતાડી રાખી. પણ કોણ જાણે કેમ, મારી પત્ની હર્ષા પણ મારી સાથે મોડે સુધી જાગતી રહી અને મારી સાથે વાતો કરતી રહી. મને કહે, “લો, તમે સંદેશમાં નોકરી કરતા હતા ત્યારે પણ તમારું આટલું નામ નહોતું છપાતું. આજે ફરી પાછા આઠ કોલમમાં તમારા સમાચાર છે.” વગેરે-વગેરે. એ મારું દુ:ખ હળવું કરવાનો પ્રયાસ કરી રહી હતી.

મને કહે, “આજે મને ઊંઘ જ નથી આવતી. ચાલો બહાર બાગમાં બેસીને વાતો કરીએ.”

મેં કહ્યું, “સૂઈ જાને હવે.”

તો કહે, “ના આજે ચાંદની રાત છે, બહાર બેસીએ.”

મોડી રાતે ઘરમાં પાછાં આવ્યાં અને આખરે હું ક્યારે સૂઈ ગયો તેની ખબર જ ના રહી.

રવિવારે સવારના ઊઠ્યો. રોજની ટેવ પ્રમાણે સંદેશ અખબાર મારા ઓશિકાં પાસે જ પડેલું. આજે પણ મારી વિરુદ્ધ પાછલાં પાને કોઈ ૮ કૉલમ સ્ટોરી છપાઈ જ હશે, એમ માનીને અખબાર વાંચવાની હિંમત ચાલી નહીં. એટલે સૌથી



http://AksharNaad.com

પહેલાં પૂર્તિ વાંચવાની શરૂઆત કરી સંદેશમાં તે સમયે પૂર્તિમાં વચલાં પાને મોહમ્મદ માંકડનો લેખ છપાય.

એ રવિવારે મોહમ્મદ માંકડનો જે લેખ છપાયો હતો, તે મારી યાદશક્તિ પ્રમાણે ફરી અહીં વર્ણવું છું,એ લેખમાં એક વાર્તા હતી.વાર્તા કંઈક આવી હતી.

ચીનમાં એક ખેડૂત હતો. નાનકડું ગામ પણ એની ખેતી મોટી. ગામમાં એ સૌથી પૈસાદાર ખેડૂત. એક દિવસ આ ખેડૂતને ત્યાં ચીનના શહેનશાહનો એક સેનાપતિ મહેમાન થઈને આવ્યો. સેનાપતિ જોયું કે આ ખેડૂતની ઘોડારમાં એક અદભૂત પંચકલ્યાણી ઘોડો ઊભો છે. સેનાપતિએ આ જાતવાન ઘોડાની કિંમત પારખી અને ખેડૂતને કહ્યું કે આ ઘોડો તો ચીનના શહેનશાહની ઘોડારમાં શોભે એવો છે,તું લાખ સોનામોહર લઈને મને આ ઘોડો આપી દે.

ગામના પાંચ-સાત મોટા માણસો ત્યાં જ બેઠા હતા,તેમની સામે જ આ વાત થઈ.ખેડૂતે સેનાપતિને બહુ નમ્રતાપૂર્વક કહ્યું,"જહાંપનાહ,આપે મારી બહુ કદર કરી છે, પણ આ ઘોડો નથી, આ તો મારો દીકરો જ છે, એમ સમજો ને એટલે આ ઘોડો તો હું આપને નહીં આપી શકું."

સેનાપતિ તો ચાલ્યા ગયા, પણ આખું ગામ આ ખેડૂતને ઘેર આવીને તેને સલાહ દેવા લાગ્યું, "ભાઈ, એક ઘોડાની એક લાખ સોનામહોરો લઈ લેવી જોઈતી હતી.તેં તો ભારે નુકસાન વેઠયું,બહુ ખોટમાં રહ્યો તું તો..."

ખેડૂત બધાને હાથ જોડીને કહે,"ભાઈઓ,સેનાપતિએ ઘોડા સામે એક લાખ સોનામહોરો આપવાની કહી, પણ મેં ના પાડી; હું જાણતો નથી કે સારું થયું કે ખરાબ થયું.હા,આવો એક પ્રસંગ જરૂર બન્યો છે."

એક ઘોડાની સામે એક લાખ સોનામહોરની વાત નકારનાર આ ખેડૂતને ગામે તો પાગલ ગણી લીધો.આ વાતને ત્રણ-ચાર મહિના થયા હશે અને ખેડૂતનો પેલો પંચકલ્યાણી ઘોડો ઘોડારમાંથી નાસી છૂટ્યો. આખું ગામ ભેગું થઈ ગયું. બધા મનમાં કહેવા લાગ્યા,"બહુ ખરાબ થયું.આ ઘોડાની એક લાખ સોનામહોરો મળતી હતી,અને આ ગાંડિયાએ ના લીધી.અને છેવટે ઘોડો ભાગી ગયો.લો શું લાઠા કાઢ્યા?"

આખા ગામે ઘોડાના નાસી જવાને કારણે ખરખરો કર્યો, જવાબમાં ખેડૂતે કહ્યું,"ભાઈઓ, એક બનાવ બન્યો છે. મારો ઘોડો તો ભાગી ગયો, પણ સારું થયું કે



http://AksharNaad.com

ખરાબ, તે હું નથી જાણતો."

ગામ લોકો કહે,"આનું ચસકી ગયું લાગે છે. બહુ આઘાતમાં આવું બોલે છે."

આ બનાવના આઠ-નવ મહિના પછી ગામમાં બૂંગિયો વાગ્યો, ઢોલ વાગવા લાગ્યા. ગામ પર આફત આવી પડી હતી. બધા પોતપોતાના ગાડાને રસ્તા પર આડા ગોઠવી દઈ, હથિયારો લઈને ઊભા રહ્યા. દૂરથી ખૂબ ધૂળ ઊડતી નજરે પડતી હતી, જાણે નાનું લશ્કર ગામ પર ધસી આવતું ન હોય. ધૂળની ડમરી છેક નજીક આવી, ત્યારે ગામ તાજ્જુબ થઈને જોઈ રહ્યું. ખેડૂતનો ઘોડો પાછો આવી રહ્યો હતો અને તેની પાછળ-પાછળ ૨૫-૩૦ જંગલી ઘોડીઓ પણ દોડતી આવતી હતી. આખો રસાલો ખેડૂતની ઘોડાર પર જઈને રોકાયો.

હવે ગામ લોકો કહેવા લાગ્યા,"વાહ ભાઈ વાહ. આનું નામ નસીબ. લાખેણો ઘોડો પણ પાછો આવ્યો, અને ૨૫-૩૦ જંગલી ઘોડીઓ પણ લાવ્યો. હવે તો આ ખેડૂત લાખો રૂપિયા કમાવાનો."

બધા કહે,"ચાલો, બહુ સારું થયું, આનંદ થયો. હવે આ ખુશીમાં આખું ગામ જમાડો."

પાછો ખેડૂતનો એક જ જવાબ,"સારું થયું, ખરાબ થયું, એ હું નથી જાણતો. એક બનાવ બન્યો છે. મારો ઘોડો પાછો આવ્યો અને સાથે ઘોડીઓ લઈ આવ્યો."

ગામ લોકો કહે, "આને બહુ અભિમાન આવી ગયું છે. આનાથી સારું શું થવાનું હતું."

પછી તો ખેડૂતનો છોકરો આ જંગલી ઘોડીઓને કેળવવા લાગ્યો. એકનો એક છોકરો, એક ઘોડીને કેળવતો હતો ત્યારે ઘોડી તો ઝાડ થઈ ગઈ, આગલા બે પગે ઊભી થઈ ગઈ, છોકરો ઘોડી પરથી ધડામ દઈ પડ્યો અને જાંઘનું હાડકું ભાંગી ગયું. હાડવૈદ આવ્યા. છોકરાને અડધા શરીર પર ખપાટિયાં મારવાં પડ્યાં અને વૈદરાજે ઊંધા સૂઈ રહેવાનો આદેશ કર્યો.

ગામ લોકો ફરી આવ્યા. કહે,"આ ઘોડીઓને ગોળી મારી દો. જુવાનજોધ છોકરાની જિંદગી બગડી. હવે આ છોકરો ક્યારે ચાલતો થશે? બહુ ખરાબ થયું."

ખેડૂત કહે,"એક બનાવ જરૂર બન્યો છે. મારા છોકરાને બહુ વાગ્યું. થાપાનું હાડકું ભાંગી ગયું પણ સારું થયું, કે ખરાબ થયું, તેની મને ખબર નથી."



http://AksharNaad.com

ગામ લોકો કહે,"એકનો એક છોકરો માંડ મરતાં બચ્યો, અને થાપાનું હાડકું ભાંગી ગયું તે આ નાલાયકને દેખાતું નથી અને કહે છે મને ખબર નથી કે સારું થયું કે ખરાબ થયું."

આ બનાવને પદંર દિવસ પણ નહીં થયા હોય અને શહેનશાહના અમલદારો ગામમાં આવ્યા અને કહ્યું કે પાડોશી રાજા સાથે મોટી લડાઈ કરવા નીકળવાનું છે, એટલે ગામમાં ૨૦થી ૫૦ વર્ષના જેટલા લોકો છે તેમને લશ્કરમાં જોડાવવાનું છે. ઘરે-ઘરે ફરીને છોકરાઓને લશ્કરમાં લડવા લઈ ગયા. બચ્યો માત્ર પેલા ખેડૂતનો દીકરો.

આખું ગામ રાતે ખેડૂતને ત્યાં આવ્યું. કહે,"ભાઈ તું બહુ નસીબદાર. તારા છોકરાનાં તો હાડકાં ભાંગ્યાં, એટલે લશ્કરમાં જવાથી બચી ગયો. હવે ભગવાન જાણે અમારા છોકરા ક્યારે પાછા આવશે, કે પછી પાછા આવે છે કે નહીં? આવશે તો કોઈના પગ કપાયેલા હશે તો કોઈનો હાથ."

પેલા ખેડૂતનો તો એ જ જવાબ હતો, કે થાપાનું હાડકું ભાગવાને કારણે મારો છોકરો લડાઈમાં ગયો નથી, એ એક બનાવ છે. સારું થયું કે ખોટું, તેની મને ખબર નથી.

મોહમ્મદ માંકડે પછી લેખમાં લખેલું, કે દરેક સારા બનાવમાં ખરાબ અને ખરાબ બનાવમાં સારી વાત હોય છે જ. તમે એને બનાવ તરીકે જ લો. સારું-ખોટું ઈશ્વરના માથે છોડી દો, જીવન આસાન થઈ જશે.

આ લેખ વાંચ્યો અને મેં સ્વીકારી લીધું કે ધંધામાં ખોટ જવી અને ૭૫ ચિટિંગના કેસ થવા એ પણ એક બનાવ છે એથી સારું થયું કે ખરાબ થયું એની મને પણ ખબર નથી સારાની પાછળ ખરાબ અને ખરાબની પાછળ સારું ઊભેલું છે. આપણે તો એક પછી એક પ્રસંગમાંથી પસાર થતાં રહેવાનું છે. આપણી કાળજી લેવા તો ખુદ ઈશ્વર ઊભો જ છે. અને પલંગમાથી ઊભો થઈને હું સીધો બાથરૂમમાં ગયો, અને પેલી ઝેરની શીશી સંડાસના કમોડમાં રેડી દીધી અને ખૂબ પાણી વહાવી દીધું.

આમ મહમ્મદ માંકડ જેમને હું ક્યારેય મળ્યો નથી, તેમણે મને એક નવું જીવન આપ્યું, એક સુંદર લેખ દ્વારા.

—————— ****** ——————



http://AksharNaad.com

# ૨

## ઊર્મિલાનું વરદાન - રામાયણમાં જેને પૂરતો ન્યાય મળ્યો નથી તે ઊર્મિલાની એક કથા

રામાયણ એક અદભુત ગ્રંથ છે, કાવ્ય છે. વાલ્મીકિ મુનિએ અદભુત કથાનું આલેખન કર્યું છે. પણ મને હંમેશાં એમ લાગ્યું છે કે રામાયણનાં એક પાત્રને વાલ્મીકિએ ભારે અન્યાય કર્યો છે,અને તે છે ઊર્મિલા. લક્ષ્મણની પત્ની ઊર્મિલા.

રામને વનવાસ મળ્યો છે. સીતામાતાએ કહ્યું હું આપની સાથે આવીશ. અને રામે ઘણી આનાકાની પછી મંજૂરી આપી. લક્ષ્મણ કહે કે ભાઈ, હું આવીશ. રામે તો હા કહી. પણ ઊર્મિલાએ લક્ષ્મણને કહ્યું કે હું પણ આપની સાથે આવીશ, તો ઊર્મિલાને મનાઈ કરવામાં આવી.

સીતા પોતાના પતિ રામ સાથે છે. લક્ષ્મણ ભાઈ-ભાભીની સેવામાં છે. રામના વનવાસને નવ વર્ષ થઈ ગયાં છે.

અહીં અયોધ્યાની દોમ-દોમ સાહ્યબીમાં ભરત ઝૂંપડીમાં સાધુ વેશે રહે છે અને ગગનચુંબી મહેલમાં ઊર્મિલા સાવ જોગન થઈને જીવે છે. ઊર્મિલાએ નવ-નવ વરસથી જંગલી કંદમૂળ ખાઈને જીવ ટકાવી રાખ્યો છે. એની જિંદગી તો ખતમ થઈ ગઈ છે, બસ માત્ર જીવી રહી છે. આંખો સાવ ઊંડી ઊતરી ગઈ છે, ચામડી શરીર સાથે ચોંટી ગઈ છે, આખું શરીર રાખોડી જેવું શ્યામ ભાસે છે. વલ્કલ પહેરીને કોઈ ભીલડી ફરતી હોય તેવાં રૂપ-રંગ થઈ ગયાં છે. નવ-નવ વરસથી એના મોમાંથી એક અક્ષર નીકળ્યો નથી, આંખો ચકળવકળ થયા કરે છે. રડી-રડીને આંખોનો રંગ જ લાલ ચટ્ટક થઈ ગયો છે. એક સમયે લાલ ગુલાબ જેવા હોઠ કાંટા જેવા રુક્ષ અને સફેદ થઈ ગયા છે. સ્વર્ગસુંદરી ઊર્મિલા તો ક્યારની મરી પરવારી છે. માત્ર પોતાના પતિની રાહ જોઈ રહેલું ઊર્મિલાનું પ્રેત જ હરીફરી રહ્યું છે. રાજવૈદે કહી દીધું છે કે ઊર્મિલાના રોગનો કોઈ ઉપાય નથી એમની પાસે કે નથી ખુદ ધન્વંતરી પાસે. એના રોગની એક જ દવા છે લક્ષ્મણજીનાં દર્શન.



http://AksharNaad.com

ઊર્મિલાજીનાં તપથી તો ત્રણે સાસુઓ પરેશાન છે. કૈકયી, કૌશલ્યા અને સુમિત્રાને પણ પુત્રવિયોગ સાલે છે, પણ ઊર્મિલાએ તો ગજબ કર્યો છે. નવ-નવ વરસથી એમણે મહેલની બહાર પગ મૂક્યો નથી. સૂર્ય-ચંદ્ર-તારા જોયા નથી. સ્નાન સુદ્ધાં કર્યું નથી. દાસી ભીનાં લૂગડે શરીર લૂછી નાંખે છે. રોજ કંદમૂળ પણ થાળીમાં મૂકીને ખાતાં નથી. ઊભાં-ઊભાં કંદમૂળ ખાઈ લે છે. આખી રાત મહેલમાં ટહેલતાં રહે છે.

આવાં દુઃખમાં ડૂબેલા અયોધ્યાના મહેલમાં આજે આનંદ છવાયો છે. દેવર્ષિ નારદ પધાર્યા છે. દંડિકાવનમાં રામ-લક્ષ્મણ સીતાને મળીને સીધા જ દેવર્ષિ અયોધ્યા પધાર્યા છે.

રાજમહેલમાં મુખ્ય ખંડમાં દેવર્ષિની આગતા-સ્વાગતા થઈ. માતાઓએ દેવર્ષિનાં ચરણો ધોઈને ચરણામૃત લીધું છે. આરતી ઊતારી છે. પૂજા-અર્ચન કર્યું છે. બ્રાહ્મણોએ દેવર્ષિની સ્તુતિ કરી છે.

દેવર્ષિએ દંડિકાવનમાં રહેલા રામની કથા માંડી છે. નવ વર્ષમાં ક્યાં-ક્યાં ગયા. કેવા રાક્ષસોનો વધ કર્યો, કેવાં પરાક્રમો કર્યાં છે. જંગલમાં પણ રામે સુશાસન સ્થાપ્યું છે તેની વાત કહી. રામે ભારદ્વાજ ઋષિનાં દર્શન કર્યાં, ભીલડીનાં બોર ચાખ્યાં અને રામચંદ્રને નૌકામાં બેસાડવા માટે નાવિકે કેમ ના પાડી, જેવા અનેક પ્રસંગો વર્ણવ્યા છે.

ઊર્મિલા એક થાંભલા પાછળ ઊભાં-ઊભાં નારદજીની વાતો સંભાળે છે. રામ સાથે જ્યારે-જ્યારે લક્ષ્મણનું નામ આવે છે, ત્યારે દિલમાં ઊભી તિરાડો પડે છે. આંખમાંથી આંસુ વહી જાય છે. બપોર થઈ, સાંજ પડી, નારદજીના પ્રસંગો પૂરા થતા નથી. રાજમાતાઓ પણ રડતાં-રડતાં રામકથા સાંભળી રહી છે.

સાંજ પડી અને એકાએક દેવર્ષિ નારદ રામકથા કહેતાં-કહેતાં રોકાઈ જાય છે અને આશ્ચર્યથી કહે છે કે કૌશલ્યા મા, સવારથી ઊર્મિલા મારી સમક્ષ નથી આવી, ઊર્મિલાને બોલાવો. થાંભલા પાછળથી ઊર્મિલાનું પ્રેત બહાર આવે છે. કોઈ સાન-ભાન નથી. દેવર્ષિને વંદન કરવાનાં, પ્રણામ કરવાનાં હોશો-હવાસ નથી. ઊર્મિલાને જોઈ નારદ સ્તબ્ધ થઈ ગયા. ક્યાં સ્વર્ગસુંદરી જેવી ઊર્મિલા અને ક્યાં આજની ઊર્મિલા? નારદ પોતાનાં આસનથી ઊભા થઈને ઊર્મિલા પાસે ગયા છે. ઊર્મિલાએ માંડ-માંડ વંદન કર્યાં. આખો દેહ ધ્રૂજી રહ્યો છે. પડી કે પડશે તેવી ભીતિ લાગી રહી છે. નારદ



http://AksharNaad.com

ઊર્મિલાના બે જોડેલા હાથ પકડી લે છે.

કહે છે, ઊર્મિલા સાંભળ, ઊર્મિલા સાંભળ. ઊર્મિલા, તારા માટે લક્ષ્મણે સંદેશ મોકલ્યો છે. કહ્યું છે કે ઊર્મિલાને કહેજો કે દિવસમાં તો ભાઈ-ભાભીની સેવા કરવામાં તારી યાદ નથી આવતી પણ પર્ણકુટીની બહાર રાત્રે પહેરો ભરું છું ત્યારે તને એક ક્ષણ પણ ભૂલતો નથી.

નારદજીના શબ્દો પૂરા થયા અને ઊર્મિલા બેહોશ થઈ ગયાં છે. લાકડાની જેમ જમીન પર પછડાયાં છે. દાસ-દાસીઓ સેવામાં લાગી છે. ઊર્મિલા માંડ અડધા પ્રહરે ભાનમાં આવ્યાં. દેવર્ષિ નારદ અને રાજમાતાઓ સામે જ બેઠાં છે. ઊર્મિલા ભોંયે જ સૂતાં હોઈ, તેમને ભોંય પર સુવડાવ્યાં છે. ઊર્મિલા બેઠાં થઈને નારદને હાથ જોડે છે.

નારદ ઊર્મિલાનાં આ પ્રેમ-તપ જોઈને કહે છે, "હે ઊર્મિલા, તારું તપ-પ્રેમ જોઈ બહુ ખુશ થયો છું. માગ-માગ, ગમે તે માગી લે, હું તને બ્રહ્માંડનું કોઈ પણ સુખ આપવા સક્ષમ છું. તું ચાહે તો હું લક્ષ્મણને અયોધ્યા બોલાવી લઉં અને તું કહે તો તને દંડકારણ્યમાં લક્ષ્મણ પાસે મોકલી દઉં બેટા, કાંઈ પણ માંગી લે."

નવ-નવ વરસનું મૌન તોડીને કંપતા અવાજે ઊર્મિલા કહે છે, "દેવર્ષિ, આપ મારા પર પ્રસન્ન થયા જ હોય, તો મને એક જ વરદાન આપો કે, લક્ષ્મણજી વનમાં રહે ત્યાં સુધી મને ભૂલી જાય. એ રાત્રે પહેરો ભરતાં પણ રામ-સીતાને બદલે મને યાદ કરે છે. એ પણ રામભક્તિમાં દોષ કહેવાય. મને યાદ કરીને એ પણ દુઃખી અને વિહવળ થાય છે. એ મારાથી સહન નથી થતું. તો આપ મને વર આપો કે વનમાં લક્ષ્મણ મને ભૂલી જાય."

આજની ઊર્મિલાઓ કહે છે કે સાસુ-સસરા અને દિયર-જેઠ સાથે નથી રહેવું, ચાલો એકલા રહેવા જઈએ, ત્યારે આ મહાન ઊર્મિલાએ જે વરદાન માગેલું એને સહેજ યાદ કરીએ.

જે ઘરમાં વહુઓ ઊર્મિલા જેવી થશે તે ઘરનાં સુખ-સંપત્તિ અને શાંતિ ખુદ ભગવાન નહીં છીનવી શકે.

—————— ****** ——————



http://AksharNaad.com

# 3

## ગુજરાતના મુખ્યમંત્રી ચીમનભાઈનું અવતરણ અને જીતુભાઈ પંડ્યાનું પ્રવચન

થયેલું શું કે નવનિર્માણમાં પહેલાં તો ચીમનભાઈની સરકાર ગબડી પડી. ઈન્દિરાજી ચીમનભાઈને મુખ્યમંત્રી તરીકે કાઢવા માંગતાં હતાં એટલે ગુજરાતમાં નવ-નિર્માણ થયેલું. ચીમનભાઈનાં રાજીનામાં પછી ગુજરાતમાં નવ-નિર્માણ આંદોલન ધીમું પડવા માંડેલું. ઈન્દિરાજી બીજા કોઈને મુખ્યમંત્રી તરીકે બેસાડવા માંગતાં હતાં પરંતુ ચીમનભાઈ પણ રાજકારણના મોટા ખેલાડી હતા. મુખ્યમંત્રી તરીકે રાજીનામું આપ્યા બાદ તેઓ વિધાનસભાનું વિસર્જન કરાવવા માંગતા હતા અને ચીમનભાઈએ વડોદરા સ્ટુડન્ટ એક્શન કમિટી મારફતે આ કામ કરાવ્યું. ચીમનભાઈએ મને કહ્યું, "જીતુ, વિધાનસભા વિસર્જન ના થાય ત્યાં સુધી આંદોલન બંધ ના થવા દેશો." આઈડિયા એવો હતો કે ચીમનભાઈને પાડી દો અને વિધાનસભા ચાલુ રાખો એટલે ઈન્દિરાજી નવા મુખ્યમંત્રી બેસાડી દે. પણ વડોદરાએ તોફાન બંધ ના કર્યાં અને એનું ટોટલ ફાઈનાન્સ ચીમનભાઈએ કર્યું. એટલે ચીમનભાઈની સરકાર ગબડી ગઈ પછી પણ આંદોલન દોઢેક મહિનો ચાલ્યું. વડોદરાએ આંદોલન ના છોડ્યું એટલે બીજે બધે પકડાયું અને છેલ્લે વિધાનસભાનું વિસર્જન કરવુ જ પડ્યું અને  તરત ચૂંટણીઓ આવી.

હવે બે મહિના પહેલાં હું ચીમનભાઈ માટે એલ-ફેલ બોલતો હતો અને નવ-નિર્માણ પછી વાઘોડિયાના ધારાસભ્ય ધીરુભાઈ જયસ્વાલ મારા મેન્ટર બનેલા. ચીમનભાઈનાં રાજીનામાં પછીનું આખું ફાઈનાન્સ એમણે કર્યું, ચીમનભાઈ વતી. એટલે એ મને 'જીતુ' જ કહે. મારે ને એમને બહુ બનવા માંડ્યું. એક દિવસ ધીરુભાઈ મને કહે, "જીતુ, પ્રેમાનંદ સાહિત્ય સભામાં ચીમનભાઈનું પહેલું ભાષણ છે અને ત્યાં પક્ષની સ્થાપના કરવાની છે. તું માત્ર ત્યાં હાજર રહેજે."

હું તો શરમાતો-શરમાતો ત્યાં ગયો, કારણ કે ગાળો દઈ-દઈને તો ચીમનભાઈનું રાજીનામું લીધું હતું. પણ ધીરુભાઈને 'ના' ના કહેવાય, એટલે હું શરમાતો-શરમાતો ગયેલો. બધાં ઓળખે તો ખરા, પણ ત્યાં બધાં ચીમનભાઈના જ



http://AksharNaad.com

ટેકેદારો.

થોડીવાર થઈ, અને ધીરુભાઈ ઊભા થયા અને માઈક ઉપર કહ્યું, "જીતુભાઈ, સ્ટેજ પર આવી જાવ."

તો મારા હોંશ ઊડી ગયા. સાલું, ચીમનભાઈને આટલી ગાળો દઈને કાઢ્યાના બે માહિનામાં મારે એમની સાથે સ્ટેજ પર બેસવાનું.

પણ ધીરુભાઈ સાથે સંબંધ એવા થઈ ગયેલા એટલે સ્ટેજ પર ગયો. ચીમનભાઈ પટેલ, મણીભાઈ વાસણવાળા, હું અને ધીરુભાઈ. અને પછી મણીભાઈએ ધીમે રહી મને કાનમાં કહ્યું કે તારે ભાષણ કરવાનું છે.

મેં કહ્યું, "ચીમનભાઈને ગાળો દેવાનાં મારાં ભાષણોથી તો છાપેછાપાં ભરાયાં છે અને હવે મારે ચીમનભાઈની તરફેણમાં બોલવાનું."

પહેલાં બધા મોટા વક્તાઓ બોલે રાખ્યા, પછી મારા પછી સીધો ચીમનભાઈનો જ વારો આવવાનો હતો. એટલે છેક લગી હું પેન્ડિંગ રહ્યો. હું ઊભો થયો અને મેં જે ભાષણ કર્યું, એમાં અવતરણની ખરી મજા રહી. મેં કહ્યું કે, "પહેલાં ગંગા તો સ્વર્ગમાં વહેતી હતી, અને દેવોને પાણી પીવાનું હોય નહીં એટલે એમના માટે ગંગા તો આનંદ-પ્રમોદનું સાધન હતી. ગંગાની કોઈ ઉપયોગિતા નહોતી. ખેતર નહીં, પીવાના પાણીની જરૂર નહીં. એટલે મંદ મંદ પવન આવે અને દેવોની નૌકાઓ ફર્યા કરે. આથી જ્યારે ભગીરથ તેમના પૂર્વજોના ઉદ્ધાર માટે ગંગાને સ્વર્ગમાંથી નીચે લાવ્યા. ત્યારે ભારત નંદનવન થઈ ગયું, કરોડો લોકો માટે અનાજ પેદા થવા માંડ્યું, કરોડો લોકોની તરસ છિપાઈ. સ્વર્ગમાથી ગંગા પૃથ્વી પર આવી અને સામાન્ય લોકો માટે સમૃદ્ધિ લાવી. કોઈ એવું કહેતું નથી કે ગંગાનું પતન થયું. આપણે બધા એવું કહીએ છીએ કે ગંગાનું અવતરણ થયું. આજે આપની વચ્ચે બેઠેલા ચીમનભાઈ પણ મુખ્યમંત્રી તરીકે જ્યારે ગાંધીનગરમાં બેઠા હતા ત્યારે તેઓ ૧૦-૧૨ ઉદ્યોગપતિઓને અને થોડા ઘણા રાજકારણીઓ માટે કામ કરતા હતા. નવ-નિર્માણ આંદોલન થયું ચીમનભાઈની સરકાર ગઈ અને છેલ્લા કેટલાક સમયથી છાપાં મંડ્યાં છે કે ચીમનભાઈની સરકાર ગઈ અને ચીમનભાઈની સરકારનું પતન થયું, પતન થયું, પણ હું કહું છું કે ચીમનભાઈનું પતન નહીં, અવતરણ થયું છે." જેમ સ્વર્ગમાં ગંગાજી દેવોના આનંદ-પ્રમોદ સિવાય કશા કામના ના હતા તેમ ચીમનભાઈ મુખ્યમંત્રી હતા ત્યારે થોડા ઘણા લોકોને કામ આવતા હતા પણ જે રીતે સ્વર્ગમાથી ઊતરેલી ગંગાએ ભારતને નંદનવન બનાવી દીધું



http://AksharNaad.com

તેમ મુખ્યમંત્રીની ખુરશી પરથી ઊતરેલા ચીમનભાઈ આજે જનતાની વચ્ચે આવીને બેઠા છે ત્યારે ગુજરાતની જનતાને અને ગુજરાતને વધુ સમૃદ્ધ કરશે એટલે હું કહું છું કે ચીમનભાઈનું પતન નથી થયું પરંતુ ચીમનભાઈનું ગુજરાતની જનતા વચ્ચે અવતરણ થયું છે અને તેનો ફાયદો ગુજરાતનાં રાજકારણ અને ગુજરાતની જનતાને અવશ્ય થશે.

આખા હૉલમાં પાંચ મિનિટ તાળીઓ પડ્યા કરી.

મેં કહ્યું, "ચીમનભાઈ મુખ્યમંત્રી થઈ ઉદ્યોગપતિઓની સેવા કરતા હતા. હવે અમે તમને નીચે લાવ્યા છીએ, લોકોના બલિદાનો આપીને તમને નીચે લાવ્યા છીએ. હવે તમારે આ બધાની સેવા કરવાની છે."

ચીમનલાલ તો આ સાંભળીને આનંદથી એટલા લાલ-લાલ થઈ ગયા હતા. "આ ચીમનભાઈને ભષ્ટાચારી, ભ્રષ્ટાચારી કહીને આપણે ગબડાવ્યા. વડોદરાના ચીમનભાઈ પટેલ. એમને આપણે ભષ્ટાચારી-ભષ્ટાચારી કરીને સત્તા પરથી ખસેડ્યા. પણ હવે હું વિચાર કરું છું તો મને એક વાર્તા યાદ આવે છે. જંગલમાંથી ૩૭ જણનો એક સંઘ જતો હતો. ખૂબ વાવાઝોડું આવ્યું અને મૂશળધાર વરસાદ પડવા માંડ્યો. વીજળીના કડાકા-ભડાકા થવા માંડ્યા, એટલે બધા એક ઝાડ નીચે ઊભા થઈ ગયા. આગળ જવાય એવું નહોતું.

પછી આ સંઘમાથી એક જણાએ કહ્યું, "મને એવું લાગે છે કે આ વીજળી જંગલમાં ક્યાંક પડશે. એવું બને કે આપણામાંથી કોઈ પાપી હોય, ને અહીં પડે તો આપણે બધા મરી જઈએ. એટલે સામે પેલું મંદિર દેખાય છે ત્યાં, એક પછી એક બધાએ જવાનું. એટલે જે પાપી હશે એની ઉપર વીજળી પડશે."

એક ગયા, બે ગયા, પચ્ચીસ ગયા, ત્રીસ ગયા, પાંત્રીસ ગયા, છત્રીસ ગયા, એક જણ ઝાડ નીચે ઊભેલો ને મંદિરમાં બેઠેલા બધા કહે, "પેલો પાપી ચીમનલાલ ઊભો છે હમણાં એની ઉપર વીજળી પડશે."

પણ વીજળી મંદિર પર પડી અને પેલા છત્રીસ મરી ગયા. બધા ચીમનભાઈને "પાપી-પાપી" કહેતા હતા. ચીમનભાઈ આ તોફાનમાં તપીને બહાર આવ્યા છે. આજે ગુજરાતની જનતા વચ્ચે કોણ છે? રતુભાઈ ક્યાં છે? ધીયા ક્યાં છે? ફલાણો ક્યાં છે?" ગુજરાતનાં પ્રધાન મંડળના ૩૬ પ્રધાનો ક્યાં ખોવાઈ ગયા છે કોઈ જાણતું નથી. પણ એકમાત્ર ચીમનભાઈ માત્ર ૨ મહિનામાં નવો પક્ષ લઈ જનતા વચ્ચે આવવાની હિંમત બતાવી રહ્યા છે.



http://AksharNaad.com

મારું ભાષણ પત્યું એ પછી ચીમનભાઈમાં બે મિનિટ બોલવાના પણ હોશ નહીં. ચીમનભાઈ ખૂબ ગળગળા થઈ ગયા પછી ધીરે રહી એમણે ભાષણ શરૂ કર્યું એમના ભાષણમાં ગંગા આવી ગઈ, પાપી આવી ગયા ને મે મારા ભાષણમાં જે કાંઈ કહેલું તે બધું જ આવ્યું...એમણે આખું ભાષણ જ બદલી કાઢ્યું. ફંક્શન પત્યું એટલે મેં કહ્યું, "ભાગો ભાઈ અને મને તો ખબર હતી કે આ કાલે છાપામાં મારુ ભાષણ આવી જ જવાનું છે. હું તો વટલાઈ જ ગયો."

તે પછીના ૪ મહિના હું ચીમનભાઈનો સાથીદાર થઈ ગયો. હું ત્યાંથી છટકવા જતો હતો, એટલામાં ચીમનભાઈએ મણીભાઈને કીધું કે પેલા જીતુને બોલાવો, જવા ના દેશો."

હું તો છેક દરવાજા સુધી પહોંચી ગયેલો, પણ બધાં કહે "બોલાવે, બોલાવે."

ચીમનભાઈ મને કહે, "બધાને જવા દે, આપણે વાત કરવાની છે."

બધા ગયા પછી મને કહે, "ગાડીમાં બેસી જા."

મેં કહ્યું, "કેમ?"

તો કહે, "મારે ઘેર, અમદાવાદ."

મેં કહ્યું, "હું તો કપડાંય નથી લાવ્યો."

"તારાં કપડાં આપણે અમદાવાદ ખાદી-ભંડારમાંથી લઈ લઈશું, ચાલ."

પછી મને ચાર મહીને ઘેર મૂકવા આવ્યા. દરેક ફંક્શનમાં ચીમનભાઈનો આગ્રહ, કે "મારા પહેલાં જીતુભાઈ જ બોલશે, પછી જ હું બોલીશ." એટલે એમનું અવતરણ થઈ ગયું છે, એ પાપી નથી, એવું સર્ટિફિકેટ મળી જાય. એટલે ચીમનભાઈને બાકીનો કોઈ જવાબ જ ના આપવો પડે. એમણે કશું કહેવાનું જ ના રહે. એ વિશે કોઈ બોલે જ નહીં. ચીમનલાલ કહે, "મેં શું કર્યું ને નર્મદા યોજના અટકાવાઈ? અને ઈન્દિરાએ શું કર્યું? અને કેવી રીતે અનાજ રોક્યું? અને આમ કર્યું, અને તેમ કર્યું.

ચાર મહીને ચીમનભાઈ મને ઘેર મૂકવા આવ્યા. આ કારણે ચીમનભાઈએ જીવ્યા ત્યાં સુધી મારા પ્રત્યે ખૂબ અહોભાવ રાખેલો.

******



http://AksharNaad.com

# ૪

## ભારતીય સંસ્કૃતિ વિશ્વની સૌથી ફ્રી સેક્સ સોસાયટી રહી હશે.

આજથી નવરાત્રીનો પ્રારંભ થયો છે. આજે પહેલું નોરતું અને વિશ્વ હિંદુ પરિષદના વડોદરાના નેતા અને મારા નાનાભાઈ સમાન ભાઈ અનંત આંનદે મારી સાથેના ટીવી ઈન્ટરવ્યુમાં કહ્યું કે આ નવરાત્રી અમે હિંદુ યુવતીઓ પર વૉચ રાખવાના છીએ. યુવતીઓ ગરબાને નામે અગાસીઓ પર, હોટલમાં પોતાના બોય-ફ્રેન્ડ્ઝ સાથે મજા ના ઉડાવે. અમે વૉચડોગ બની ભારતીય સંસ્કૃતિનું રક્ષણ કરીશું અને હિંદુ યુવતીઓને શારીરિક સંબધો નહીં બાંધવા દઈએ, વિગેરે વિગેરે...

અનંત આંનદના શબ્દો કઈક જુદા હશે, પણ ભાવાર્થ તો આ જ હતો.

અનંત આનંદની આ વાતનો હું આ સીધીવાતમાં જવાબ આપી રહ્યો છું.

આજે વિશ્વ હિંદુ પરિષદે નવરાત્રી દરમિયાન વૉચડોગ બનીને હિંદુ ધર્મનું રક્ષણ કરવાનો સંકલ્પ કર્યો છે અને તે માટે હિંદુ યુવતીઓ નવરાત્રીના નામે તેમના પુરુષ મિત્રો સાથે શારીરિક સંબધો ના બાંધે તેની ચોકસાઈ રાખવાનો નિર્ણય કરેલ છે.

મારો પહેલો સવાલ એ છે કે "હિંદુ કોને કહેવાય?" તો જવાબ છે કે જે વેદોમાં શ્રદ્ધા રાખે તે હિંદુ. આ વેદો તો ઈશ્વરના શબ્દો છે. ઋષિ-મુનિઓએ ઝીલ્યા અને જેમના તેમ ઋચાઓમાં રજૂ કરી દીધા. આ વેદોને પુનઃગઠિત અને વ્યવસ્થિત કર્યા ભગવાન વેદ વ્યાસે.

હવે વેદ વ્યાસજીના જન્મની કથા જોઈએ. પરાશર ઋષિ ખૂબ લાંબી તપસ્યાને અંતે ગંગા કિનારે આવ્યા. એમણે ગંગા પાર કરવી હતી. નાવિક એ સમયે સામે પાર ગયો હોવાથી હાજર ન હતો. આ નાવિકની પુત્રી માછલીના પેટમાંથી બહાર આવી હોવાથી અને માછલીની જેમ ગંધાતી હોવાને કારણે મત્સ્યગંધા તરીકે ઓળખાતી હતી. તેને થયું પિતાજીને આવતાં વિલંબ થશે, તો લાવ, હું આ ઋષિને પાર ઊતારી આવું. એટલે મત્સ્યગંધા અન્ય એક હોડીમાં પરાશર ઋષિને બેસાડીને



http://AksharNaad.com

નીકળી.

હોડી ગંગાના મધ્યપ્રવાહમાં આવી. આસપાસ સેંકડો હોડીઓ તરી રહી હતી અને પરાશર ઋષિને મત્સ્યગંધા સાથે શરીરસંબંધની ઈચ્છા થઈ. પરાશરે મત્સ્યગંધાને પોતાની ઈચ્છા જણાવી. મત્સ્યગંધાએ કહ્યું, કે ઋષિવર, ગંગામાં સેંકડો હોડીઓ આપણી આસપાસ ફરી રહી છે, ત્યારે આ કેવી રીતે સંભવી શકે?

પરાશર ઋષિએ તેમના તપોબળથી સૂર્યને ઢાંકી દીધો. ચારે તરફ અંધારું થઈ ગયું. ત્યારે એ કન્યાએ કહ્યું "મારા શરીરમાંથી આટલી બધી દુર્ગંધ આવે છે તો આપ મારી સાથે કામક્રીડાનો આનંદ કેવી રીતે ઉઠાવી શકશો?" તો પરાશરે એને સુગંધા કરી દીધી. હવે આ કન્યાએ કહ્યું, "ગુરુદેવ આપ તો સમાગમ કરીને ચાલ્યા જશો, પણ હું ગર્ભવતી થઈશ તો શું? તો પરાશર કહે, "તને એક પુત્ર થશે પણ તે જન્મતાંની સાથે જ ચાલ્યો જશે. તારે એને ઉછેરવો નહીં પડે." તો કન્યા કહે, 'પ્રભુ પણ શરીરસંબંધ અને પુત્રજન્મથી મારું કુંવારાપણું ખંડિત થશે તેનું શું?" તો ગુરુદેવે કહ્યું "તું ચિંતા ના કર, તું અક્ષતયોનિ જ રહીશ."

હવે કન્યા કહે તો શું કહે?

પરાશર મુનિએ મત્સ્યગંધા સાથે પવિત્ર ગંગાનદીમાં વગર લગ્ન કર્યે શરીરસંબંધ બાંધ્યો અને પછી આનંદિત થઈને એક બીજું વરદાન આપ્યું, કે તારું આ યૌવન ક્યારે પણ કરમાશે નહીં. તું આજીવન શોડષા -એટલે સોળ વરસ જેવી જ સુંદર રહીશ.

આ મત્સ્યગંધાને જે બાળક જન્મ્યું એ ભગવાન વેદ વ્યાસ. હિંદુધર્મની આસ્થાનાં મૂળ સ્રોત વેદોને જેમણે પુનઃગઠિત કર્યા, સજીવન કર્યા, એ વેદ વ્યાસ કુંવારી માનું અનૌરસ સંતાન હતા.

હવે વાત કરીએ ભારતીય સંસ્કૃતિની. ભારતીય સંસ્કૃતિ એટલે ભારતદેશની સંસ્કૃતિ. ભારત પહેલાં આર્યવ્રત કે આર્યદેશ તરીકે ઓળખાતો હતો, તે ભારતદેશ બન્યો પહેલા ચક્રવર્તી રાજા ભરતના નામથી.

આ ભરત રાજા એટલે દુષ્યંત અને શંકુતલાનું સંતાન. દુષ્યંત રાજા કણ્વ ઋષિના આશ્રમમાં આવે છે. કણ્વ ઋષિ હાજર નથી. તેમની મંજૂરી વગર શકુંતલા સાથે



http://AksharNaad.com

ગંધર્વલગ્ન કરી શરીરસંબધ રાખે છે. તેમનું સંતાન એટલે ભરત રાજા. દુષ્યંત-શકુંતલા ગંધર્વલગ્ન તો કરે છે પણ કન્યાના વડીલની મંજૂરી વગર અને લોકોની જાણ બહાર. એટલે ભરત રાજા પણ દુષ્યંત-શંકુતલાનું અનૌરસ સંતાન.

હવે જોઈએ શકુંતલાને. શકુંતલા એટલે વિશ્વામિત્રનું તપોભંગ કરનાર મેનકા દ્વારા લગ્ન વગર પેદા થયેલું વિશ્વામિત્રનું અનૌરસ સંતાન. આમ હિંદુઓની આસ્થાના કેંદ્ર વેદોના રચયિતા વેદ વ્યાસના અનૌરસ સંતાન અને ભારતનું નામ જે રાજા પરથી પડ્યું તે ભરત રાજા તો હતા બે પેઢીના અનૌરસ સંતાન. આમ જુઓ તો ભારતીય સંસ્કૃતિ ખૂબ ઉદાર અને વિશાળ છે એમાં કામવૃત્તિનું દમન કરવાની કોઈ વાત જ ના હતી. તો પછી વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા હિન્દુ કન્યાઓ પર વૉચ રાખવાનો કાર્યક્રમને હિન્દુ ધર્મ કે ભારતની સંસ્કૃતિ સાથે કેવી રીતે જોડી શકાય. આવી વૃત્તિ તો તાલિબાની સંસ્કૃતિ છે. જેમાં લોકોને કેવી રીતે જીવવું?, કેવી રીતે ખાવું?, કેવી રીતે કપડાં પહેરવા?, તે બીજું કોઈ નક્કી કરે છે.

હિંદુ તત્વદર્શન આપણે માનીએ છીએ એવું છીછરું નથી. વિશ્વના કોઈ પણ સમાજ કરતાં હિંદુ સમાજ વધુ ઉદારચિત્ત અને વિશાળ દૃષ્ટિવાળો છે.

****** 

# ૫

## હિંદુ ધર્મમાં
## કન્ફેશનની પ્રથા કેમ નથી?

મારા એક મિત્ર ફિલિંગ્સ મેગેઝિનના માલિક અતુલભાઈ શાહ, ન્યૂઝ પ્લસ ચેનલ પર આવેલા અને તે જ સમયે સીધીવાતનું રેકોર્ડિંગ કરાવવાનો સમય થઈ ગયો હતો. અતુલભાઈએ સવાલ કર્યો કે જીતુભાઈ તમને નથી લાગતું કે હિંદુ ધર્મમાં પણ કન્ફેશનની પ્રથા હોવી જોઈએ? મેં અતુલભાઈને કહ્યું, "ચાલો તમારા પ્રશ્નનો જવાબ આજે હું સીધીવાતમા જ આપી દઉં." મેં સીધીવાતમાં તેમના પ્રશ્નનો ઉત્તર આ રીતે આપ્યો.

આ સવાલ એવા ઈશારા સાથે કરાયો છે કે, હિંદુ ધર્મ બહુ જૂનો ધર્મ છે, ખ્રિસ્તી ધર્મ નવા જમાનાનો નવો ધર્મ છે. એમાં કન્ફેશનની વ્યવસ્થા છે તો આપણા ધર્મમાં આ વ્યવસ્થા નથી તો લઈ આવવા જેવી છે.

મને કહેવા દો કે, હિંદુ ધર્મ સનાતન ધર્મ છે, વિશ્વનો સૌથી જૂનો ધર્મ છે. ખ્રિસ્તીઓની વાત સ્વીકારીએ તો પણ પાંચ હજાર વર્ષ કરતાં જૂનો જ છે. આપણા ગણિત પ્રમાણે તો લાખો વરસ જૂનો છે.

પરંતુ મારું માનવું છે કે, હિંદુ ધર્મ સંપૂર્ણ ધર્મ છે, એમાં ઉમેરવા કે બાદ કરવા જેવું કંઈ જ નથી.

ધર્મમાં કારના મોડલ જેવું નથી કે દરેક નવું મોડલ વધુ સારું, વધુ સુંદર અને વધુ કિફાયતી હોય.

આટલી વાત કહ્યા પછી મૂળ વાત પર આવીએ.

ક્રિસ્ચિયાનિટીમાં કન્ફેશન એટલે કે કન્ફેશનની વ્યવસ્થા છે જે હિંદુ ધર્મમાં નથી. તેનું મૂળભૂત કારણ સમજવા જેવું છે. ક્રિસ્ચિયાનિટી અને ઇસ્લામમાં ઈશ્વર અને શેતાન એમ બે કલ્પના છે, જ્યારે હિંદુ ધર્મમાં માત્ર ઈશ્વરની કલ્પના છે. ખ્રિસ્તી ધર્મ પ્રમાણે ચાલે ત્યારે એ ઈશ્વરના માર્ગદર્શન હેઠળ છે અને ઈશ્વરનો અનુયાયી છે, પણ



http://AksharNaad.com

જયારે તે હેવાનિયત કરે, પાપ કરે, અધાર્મિક આચરણ કરે, ત્યારે કહેવાય છે કે આ શેતાનનું કામ છે, તે શેતાનનાં વશમાં આવી ગયો છે, શેતાન તેના પર સવાર થઈ ગયો હતો. એટલે આ બંને ધર્મમાં બે ચાલકબળ છે, બે નિયંતા છે. ઈશ્વર અને શેતાન.

શેતાન પણ એક દેવદૂત હતો. ખુદાએ જ્યારે ઈન્સાન પેદા કર્યો, ત્યારે તેમણે તમામ દેવતાઓને હુકમ કર્યો કે, ઈન્સાનને સલામ કરો, તો બધા દેવદૂતોએ ઈન્સાનને સલામ કરી પણ ઈબલીસ નામના એક દેવદૂતે સલામ ના કરી, એટલે ઈશ્વરે એને દેવદૂત તરીકે બેદખલ કરી દીધો અને ઈશ્વરના હુકમના અનાદર બદલ એને શેતાન જાહેર કરાયો. આ ઈસ્લામિક કથા છે.

આ બંને પરંપરામાં શેતાનની જે કલ્પના છે, તે કેટલીક વાર ઈશ્વરના સમકક્ષની છે, તો કેટલીક વાર ઈશ્વર કરતાં પણ શેતાન વધુ શક્તિશાળી હોય તેમ લાગે છે.

જ્યારે કોઈ મુસ્લિમ કે ખ્રિસ્તી વ્યક્તિ અત્યંત ધ્રુણાસ્પદ કામ કરી બેસે છે, ત્યારે એ કહે છે કે મારા પર શેતાન-ડેવિલ ચઢી બેઠો હતો બાકી હું આવું કરું ખરો?

જ્યારે આની સામે હિંદુ ધર્મમાં માત્ર અને માત્ર ઈશ્વરની પરિકલ્પના છે. તમે જે કાંઈ કરો છો, તે ઈશ્વર જ કરાવે છે. તમારી પાસે શેતાને મને આ કરાવ્યું તેવો બચાવ નથી. અહીં સંપૂર્ણ કર્તાહર્તા ઈશ્વર જ છે. એમાં પણ વળી હિંદુ ધર્મે કર્મનો સિદ્ધાંત આપી મનુષ્યનાં દરેક કર્મ માટે એને ખુદને જ જવાબદાર ઠેરવ્યો છે.

હવે ભેદ સમજીએ. ક્રિસ્ચ્યાનિટીમાં કન્ફેશનની વ્યવસ્થા ઊભી કરી શકાઈ, કારણ કે ત્યાં શેતાન-ડેવિલની કલ્પના છે. એટલે ખરાબ કૃત્યોની જવાબદારી મનુષ્યની પોતાની નથી પણ ડેવિલની દોરવણી એમાં જવાબદાર છે.

એટલે ઈશ્વરની દોરવણી, તેનું માર્ગદર્શન છોડી હું ડેવિલના બહેકવામાં આવી ગયેલો અને હવે હું ઈશ્વરનો માર્ગ નહીં છોડું તેવો એકરાર એટલે કન્ફેશન. પાપનો સ્વીકાર, પાપની માફી અને ઈશ્વર તરફ પરત ફરવું એટલે કન્ફેશન.

હવે હિંદુધર્મમાં તો તમે ગમે તેવું અધમ કૃત્ય કરો તો પણ તમે જ જવાબદાર છો. તમારી જવાબદારી બીજાને માથે નાખી શકાય તેમ છે જ નહીં, ઈશ્વરને માથે પણ નહીં. એટલે તમે પાપનો સ્વીકાર કરી પશ્ચાત્તાપ તો કરી શકો, પણ કન્ફેશન કરીને



http://AksharNaad.com

પાપમુક્ત ન થઈ શકો.

કન્ફેશન પણ સાવ નકામું નથી. કન્ફેશન કરી લેવાથી મન હળવું થાય છે. પાપના ભારમાંથી છુટકારો મળે છે, એ પણ સાચું. પણ પાપમાંથી મુક્ત નથી થઈ જવાનું.

કન્ફેશનનો ફાયદો છે તેમ નુકશાન પણ મોટું છે. કન્ફેશન કરવાથી પાપના બોજમાંથી મન મુક્ત થાય છે, તો તેને કારણે ઘણી બધી વાર ફરી નવું પાપ કરવાની મનમાં જગ્યા પણ થાય છે. ઘણીવાર તો પાપ કરતાં પહેલાં જ કન્ફેશન કરી લેવાનો નિર્ણય પણ લેવાઈ ગયો હોય છે.

હિંદુ ધર્મમાં કન્ફેશનની જગ્યા નથી પરંતુ હિંદુ ધર્મમાં પ્રાયશ્ચિત્તની જગ્યા છે. આ પ્રાયશ્ચિત્ત ઘણાં કપરાં હોય છે. એક જાતની કડક શિક્ષા હોય છે. પાપીઓને મોટો દંડ આપવામાં આવે છે.

પ્રાયશ્ચિત્તમાં જે શિક્ષાઓ છે તે સરકારી સજાઓ કરતાં પણ વધુ સખત છે. કાનમાં સીસું પુરવાની, ગરમ સીસું પીવાની, જળસમાધિ લેવાની, જાતને અગ્નિદાહ દેવાની, ચાંદ્રાયણ વ્રત કરવાની, તમામ સંપત્તિ દાનમાં આપી દેવાની.

હિંદુધર્મમાં કન્ફેશનની વ્યવસ્થા એટલે પણ ના રાખવામાં આવી હોય કે એક મનુષ્ય બીજા મનુષ્યનું કન્ફેશન કેવી રીતે લઈ શકે? બની શકે કે કન્ફેશન લેનાર પાદરીએ કન્ફેશન કરનાર વ્યક્તિ કરતાં પણ વધુ ગંભીર ગુના કર્યા હોય અને એનું કન્ફેશન પણ ના કર્યું હોય?

હિન્દુ ધર્મમાં કંફેશનની પ્રથા એટલે પણ રાખવામા આવી નથી કે એવું પણ બને કે કંફેશન સાંભળનાર પોતે પણ કંફેશન સાંભળતો-સાંભળતો કોઈ ગુનો કરવા પ્રેરાય.

એક બાપુ પાસે એક સુંદર સ્ત્રી આવી અને કહ્યું કે બાપુ મારી ૨૦ વર્ષની ઉંમરમાં જ ત્રણ-ત્રણ પુરુષો સાથે શરીરસંબધો બાંધી બેઠી છું હવે શું કરું? બાપુએ કહ્યું, કે લે આ મારા ફ્લેટની ચાવી. મારા ફ્લેટમાં જઈને મારી રાહ જો.

******



http://AksharNaad.com

# ૬

## નસીબ-સંયોગ અને સંજોગ-
## કથા સચિન તેંડુલકરની.

ઘણા બધા માણસોને એમ હોય છે કે મારા પ્રયત્નોથી, મારી મહેનતથી, મારી આવડતથી, હું જ્યાં છું ત્યાં પહોચી ગયો. મારામાં એ સ્ટફ હતો. હું તો ઊંચા ગજાનો માણસ હતો. આ ટેલેન્ટ તો મારામાં નખશિખ અને જન્મજાત હતું. હું જન્મ્યો તો જ કલાકાર કે ક્રિકેટર થવા.

આ બધા મન વહેમ છે. કોઈ કશું થવા જન્મ્યો નથી હોતો. સમય સંજોગો અને સંયોગ એને કશું બનાવી દે છે એ ખૂબ સફળ રહ્યો -ટોપ પર પહોચી ગયો તો દુનિયા એની સફળતા જ જોતી હોય છે. એટલે પાછળથી એને ક્રિકેટનો ભગવાન અને સદીનો મહાનાયક જાહેર કરી દેતા હોય છે.

ખરી વાત તો એ છે કે આ સફળતામાં પણ નસીબના ખેલ હોય છે. હજારો-લાખો નિષ્ફળ કલાકારોએ પણ ગજબની મહેનત કરી હોય છે. શાહરૂખખાન કહી શકે છે કે હું સ્ટેશનના બાંકડે સૂઈ રહેતો અને દોસ્તો પાસે ૨૦ રૂપિયા ઉછીના માંગવા પડતા હતા. શાહરૂખની સફળતા એ એની મહેનતની સ્ટોરી બની ગઈ છે. જ્યારે પેલા હજારો - લાખો કલાકરો રાત-દિવસની મહેનત એમણે સહન કરેલાં અપમાન, એમનો ત્યાગ, એમનાં શારીરિક શોષણની કથાનો કોઈ ખરીદનાર નથી હોતો. એ બધી untold સ્ટોરી રહી જાય છે.

જ્યારે કોઈ ફિલ્મમાં હીરો-હિરોઈનનાં ગીતનું શુટિંગ ચાલતું હોય છે ત્યારે હીરો-હિરોઈનની પાછળ નાચતાં સેંકડો કલાકરો આવ્યા તો હીરો-હિરોઈન બનવા જ હોય છે. પણ એ એવા એકસ્ટ્રા કલાકાર બનીને રહી જાય છે. તેઓ કદાચ હીરો-હિરોઈન કરતાં વધુ દેખાવડા હોય છે અને વધુ સુંદર ડાન્સ કરતાં હોવા છતાં કેમેરામાં એમની છાંયા જ ઝડપાય છે ચાહીને એમનું ટેલેન્ટ દેખાડાતું નથી.

આવું જ જિંદગીના દરેક ક્ષેત્રમાં બનતું આવે છે સાવ ઓછું ભણેલાં કોર્પોરેટ



http://AksharNaad.com

જગતમાં માલિકો હોય છે અને પોસ્ટગ્રેજ્યુએટ અને ટેલેન્ટેડ યુવક- યુવતીઓ એમને ત્યાં જોબ કરતાં હોય છે.

કોઈ કહેશે કે હું મહેનત કરતાં નસીબને વધુ મહત્ત્વ આપું છે તો તેમ નથી નસીબ ઉપરાંત સંયોગ અને સંજોગો આ ત્રણે મળીને કોઈને મહાન તો કોઈને વિલન બનાવે છે.ચાલો આપણે ક્રિકેટરના ભગવાન સચિન તેંડુલકરનો જ દાખલો લઈએ.

કબૂલું છું કે સચિને આઠમા ધોરણથી અભ્યાસ છોડીને ક્રિકેટ પાછળ આખું જીવન લગાડી દીધું,એ દિવસના ૧૦-૧૨ કલાક પ્રેક્ટિસ કરતો રહ્યો તેની પણ ના નહી.

પરંતુ સંજોગો અને સંયોગોએ પણ તેની કારકિર્દીમાં મોટો ભાગ ભજવ્યો છે.

હાલમાં ક્રિકેટના બેટની જે સાઇઝ છે તેના કરતાં એક ફૂટ વધુ લાંબું બેટ રાખવાનો નિયમ હોત તો? સચીન ક્રિકેટનો ભગવાન નહીં પણ રણજી ટ્રોફીનો ખેલાડી પણ થઈ શક્યો ના હોત. તો મને કહેવા દો કે સચિન તેંડુલકર કે ગવાસકરની જે ટેલેન્ટ નીખરી અને ટોપ ક્લાસ બેટ્સમેન બની ગયા તેમાં બેટની લંબાઈએ મોટો ભાગ ભજવ્યો છે. આજે જે સાઇઝનું બેટ વપરાય છે તે તેમના માટે આદર્શ નીવડ્યું. આ કહેવાય સંયોગ. આ બંને મુંબઈ જેવા ભારતીય મેટ્રોપોલીટીન શહેરમાં જન્મ્યા એ સંજોગ.આ બંને જણ રશિયામાં જન્મ્યા હોત તો?

અને પછી નસીબે પણ એમની તરફેણ કરી. સચિન એક પણ રણજી ટ્રોફી રમ્યા વગર ટેસ્ટમાં આવી ગયો.

તો મને કહેવા દો કે માત્ર મહેનત, આવડત કે હોશિયારીથી મહાન નથી થવાતું સાથે જોઈએ છે નસીબ,સંજોગ અને સંયોગ.

લતા મંગેશકરથી પણ વધુ ઉત્તમ ગાનારા અને મહમદ રફી સાહેબથી વધુ સુંદર ગાનારા આ દેશમાં બહુ હતા પણ લાઈમલાઇટમાં આવ્યાં માત્ર રફી-લતા, કિશોર,મુકેશ.

કહેવાય છે કે રફી સાહેબ રોજ સવારે મન્નાડેને ત્યાં રિયાઝ કરવા જતા અને તેમને ગુરુ માનતા. પણ રફીનાં હજારો ગીતો સામે મન્નાડે થોડા સો ગીતો માંડ ગાઈ શકયા અને તેમાંના ઘણાં તો રફી સાહેબની ભલામણથી ગાવાના મળ્યાં હશે.

તો ટેલેન્ટની સાથે સાથે નસીબનો સાથ એટલો જ જરૂરી છે.



http://AksharNaad.com

અંગ્રેજી ફિલ્મ આવી હતી "લોરેન્સ ઓફ એરેબીયા" ઓલ ટાઈમ ટેન ગ્રેટેસ્ટ ઇંગ્લીશ મૂવીમાં આ ફિલ્મ આવે છે.

આ લોરેન્સ બીજાં વિશ્વયુદ્ધ સમયે બ્રિટિશ લશ્કરમાં એને હેડ ક્વાર્ટર પર બોલાવી કહેવામાં આવ્યું કે તમારે એરેબીયા જવાનું છે અને હિટલરને આરબ જગત જીતતા રોકવાનો છે. એના હોશ તો ત્યારે ઊડી ગયા જ્યારે એણે જાણ્યું કે આટલા મોટા આરબ દેશોને હિટલરની પ્રચંડ સેનાથી બચાવવા એણે એકલા જ જવાનું છે એ જ સેનાપતિ,એ જ સૈનિક.એણે અણઘડ,ગરીબ અને બુદ્ધિહીન આરબોને જેમની પાસે બંદુકો અને ઊંટ સિવાય કશું નથી.તેમનું લશ્કર ઊભું કરી હિટલરનો સામનો કરવાનો છે. આ લોરેન્સે કરી બતાવેલું અને હિટલરને આરબ દેશોમાં આગળ વધવા દીધેલો નહિ. પછી ૧૯૪૫ના અરસામાં એ ઈંગ્લેંડમાં મોટરસાયકલના અકસ્માતમાં મૃત્યુ પામેલો.

કરોડો લોકોએ લોરેન્સને નજરે જોયેલા એના મૃત્યુનાં ૩૫ વર્ષ પછી આ પિક્ચર બનેલું.

એનો ડાયરેક્ટર ડેવિડ લીન, લોરેન્સનું પાત્ર ભજવે તેવો કલાકાર શોધવા આખી દુનિયા ફરી વળેલા. ભારતમાં આવી દેવાનંદને પણ અજમાવી જોયેલા પણ એને લોરેન્સનું પાત્ર ભજવે એવો કલાકાર ના મળતા, એણે લોરેન્સ ઓફ અરેબિયાનું પેકઅપ કરી બીજા પિક્ચર પર કામ કરવા માંડેલું.

એક દિવસ ડેવિડ લીન હોલીવૂડમાં સ્ટુડિયો તરફ જઈ રહેલો એની કાર ચાર રસ્તે સિગ્નલ પર ઊભી હતી, ત્યાં એક ભિખારી છાપું વેચવાને બહાને ભીખ માંગવા એમની કાર પાસે આવ્યો. એ ભિખારીને જોઈને એ દંગ રહી ગયો. એટલે ૧૦ ડોલરની નોટ અને પોતાનું ખાસ વીઝીટીંગ કાર્ડ એના હાથમાં મૂકી કહ્યું પિક્ચરમાં હીરો થવું હોય તો કાલે ચાર વાગે મારી ઓફિસે આવજે.

પેલો ભિખારી તો અવાચક થઈ ગયો. બીજા ભિખારીઓને એણે આ વાત કરી તો બધા હસવા લાગ્યા.

બીજે દિવસે ચાર વાગે એ ડાયરેક્ટર ડેવિડ લીનની ઓફિસે ગયો એને નજીકની હોટલમાં લઈ જઈને નવડાવી-ધોવડાવી નવાં કપડાં પહેરાવી ડાયરેક્ટર



http://AksharNaad.com

સાહેબ સમક્ષ ઊભો કરી દેવાયો.

ડેવિડ લીને એની સામે જોયું અને કહ્યું, "તું મારો હીરો છે તારું નામ લોરેન્સ ધી ગ્રેટ છે."

ડાયરેક્ટરે એને પૂછ્યું તારું નામ શું છે? તો એણે કહ્યું, "પીટર ઓટુલ." તરત લાખો રૂપિયાની સાંઈનિંગ એમાઉન્ટ સાથે પીટર ઓટુલ કેટલાય દસકા સુધી દુનિયામાં સૌથી વધુ મહેનતાણું લેતો હીરો બની ગયો.

હવે કોઈ મને કહે કે સખ્ખત મહેનત, લગન, લક્ષ્ય, ધ્યેય, ગોલ, એચીવમેન્ટ, કમીટમેન્ટ કશું જ કામ આવ્યું પીટર ઓટુલ ને? ના, એને કામ આવ્યા સંયોગ, સંજોગો અને નસીબ.

સંયોગ એવો કે એનો ચહેરો-શરીરનો રંગ-વર્ણ -છટા લોરેન્સ જેવી. કહો ને, એ મહાનયોદ્ધા લોરેન્સનો હમશકલ હતો.

અને સંજોગ એવા કે હોલીવૂડના મહાન ડાયરેક્ટર ડેવિડ લીનને લોરેન્સ ઓફ એરેબીયા બનાવવું જ હતું. એક ગ્રેટ મુવી બનાવવું હતું અને સંજોગોવશાત એ ડાયરેક્ટરને વિશ્વના તમામ મહાન કલાકારમાં લોરેન્સ ના દેખાયો પણ પીટર ઓટુલમાં એ દેખાયો.

પીટર ઓટુલ માત્ર આ એક જ પિકચરમાં નહીં પણ હોલીવૂડના અનેક ખૂબ પીક્ચારોમાં ખૂબ સફળ રહ્યો, ખુબ નામ અને નાણાં કમાયો એ એનું નસીબ.

—————— ****** ——————

# ૭

## શું સમય જ ઈશ્વર છે?
## સમય -TIME એક અજબગજબ ચીજ છે.

ટાઈમ શું છે? કોઈએ તેને જોયો નથી, છતાં આખું બ્રહ્માંડ ટાઈમ સાથે દોડી રહ્યું છે. આમાં તમારી ઈચ્છા-અનિચ્છાનું કોઈ મહત્ત્વ નથી. તમે ઊંઘી જાવ કે કોમામાં સરી જાવ, સમય એની રીતે સરતો જ રહે છે.

કહે છે કે પ્રકાશની ગતિ એક સરખી રીતે જ વહે છે. જો તમે પ્રકાશની ગતિએ પ્રવાસ કરો તો સમય ધીમો પડી જાય. જો તમે બ્લેક હોલ પાસે પહોંચી જાવ, તો કહે છે કે ત્યાં સમય થંભી જાય છે.

સમય કેટલો બધો બળવાન છે કે સમગ્ર સૃષ્ટિ એને આધીન છે. પણ એ કોઈને આધીન નથી.

કહે છે કે બીગબેંગ થયું, એટલે કે બ્રહ્માંડની ઉત્પત્તિ થઈ ત્યારે એક ચમચી જેટલું દ્રવ્ય હતું, જે સ્થિર હતું. તેમાં એકાએક વિકાર થયો અને પ્રચંડ ધડાકો થયો અને એ એક ચમચી દ્રવ્યથી સંપૂર્ણ બ્રહ્માંડની રચના થઈ. એટલે આ થીયરી માનીએ તો બ્રહ્માંડની ઉત્પત્તિ પહેલાં પણ સમય હતો જ, કારણ કે એક ચમચી જેટલું દ્રવ્ય પણ વિદ્યમાન હતું. તો તે કોઈ સમયમાં જ વિદ્યમાન હોવું જોઈએ.

એટલે સમય -TIME આપણા બ્રહ્માંડ કરતાં પણ વૃદ્ધ છે. આ સમય કેવો હશે? જાણે કોઈ અનંત કાપડનો તાકો છે, જે બસ ખૂલ્યા જ કરે છે. અનંત તાકાની જેમ ખૂલતો સમય -TIME શું પાછળથી વીંટાતો પણ આવતો હશે? કે પછી બસ ખૂલતો જ જાય છે? કંઈ સમજાતું નથી.

સમગ્ર બ્રહ્માંડમાં જે કોઈ ક્રિયા-પ્રતિક્રિયા થાય છે તે સમય -TIMEની ગોદમાં જ બનતી હોય છે, તો શું કર્મ અને ફળનો, ક્રિયા અને પ્રતિક્રિયાનો સુક્ષ્માતિસુક્ષ્મ હિસાબ આ સમય જ રાખતો હશે. જો આ સમય જ કર્મ અને ફળનો



http://AksharNaad.com

ક્રિયા અને પ્રતિક્રિયાનો હિસાબ રાખતો હોય, તો પછી ભાગ્યવિધાતા પણ આ સમય જ છે? પછી ચિત્રગુપ્તનો ચોપડો અને ખુદ ચિત્રગુપ્ત આ સમય જ છે?

પાછલો સમય ભુંસાતો હોય તેમ લાગતું નથી. પરંતુ મનુષ્ય જીવનમાં આપણે નવો જન્મ લઈએ છીએ, એટલે કોઈ અપવાદ સિવાય આપણે પાછલાં જન્મોની વાતો ભૂલી જતાં હોઈએ છીએ. પણ હિપ્નોટિઝમથી પાછલાં વરસો અને જન્મોમાં પણ જઈ શકાય છે, તો પાછલો સમય યથાવત રોકાઈ જતો હશે શું?

હાલ આપણી પાસે જે કાંઈ બની રહ્યું છે તેનું દૃશ્ય-શ્રાવ્ય રેકોર્ડિંગ કરવાનું શક્ય બન્યું છે, એટલે આપણે ૭૦-૮૦ વર્ષ પહેલાંની ફિલ્મો-ગીતો જોઈ-સાંભળી શકીએ છીએ. એ સમય પણ આવશે જ્યારે આપણે વરસો પહેલાનાં દૃશ્યો જોઈ સાંભળી શકીશું.

જો પાછલો સમય યથાવત રોકાઈ જતો હોય, તો પછી આપણે જન્મ્યા, બાળક થયા, યુવાન થયા એ બધી જ ક્ષણો સમયના પટારામાં અકબંધ પડી છે. તો પછી આપણાં પાછલાં લાખો જન્મ પણ સમયમાં કેદ પડ્યાં છે. તો પછી આપણે એક સાથે વૃક્ષ, માછલી, ઘોડો, હાથી, સિંહ, ગાય, મનુષ્ય તમામ જીવન એક સાથે જીવી રહ્યાં છીએ.

જો TIME-સમય એક સરખો સતત વહેતો પ્રવાહ હોય તો આપણો આત્મા પરમાત્માથી છૂટો પડ્યો તે ક્ષણથી આજ દિન સુધીની એક-એક ક્ષણ સમયમાં કેદ પડી છે. આ જ વાતને આગળ લંબાવીએ, તો સમય આપણા માટે ભૂત-વર્તમાન અને ભવિષ્યમાં વહેંચાયેલો છે, પણ સમયની મધ્યમાં ઊભા રહીને જોઈએ તો સમય એક જ અતૂટ પ્રવાહ છે. તો પછી એક અદ્ભુત સત્ય પ્રગટ થાય છે આપણી સમક્ષ કે, પરમાત્માથી આપણો આત્મા છૂટો પડ્યો તે સમયમાં પ્રત્યક્ષ છે, તો આ આત્મા પરમાત્મામાં પાછો વિલીન થાય, આપણા મોક્ષની ઘડી પણ સમયમાં કંડારાયેલી જ પડી છે.

કેવી અદભુત વાત છે સમયમાં. તમારા આત્માની, તમારા શરીરની તમામ કથા એમાં કંડારાયેલી છે. આત્માનું પરમાત્માથી છૂટા પડવું અને આત્માનું પરમાત્મામાં વિલીન થવું, બધું જ સમયમાં પહેલેથી જ આકાર પામી ગયું છે તેમ સ્વીકારીએ, તો



http://AksharNaad.com

પછી આપણે આટલો બધો ગર્વ-અહંકાર શેનો કરીએ છીએ? આપણે ડિગ્રીઓના, ભણતરના, આવડતના, હોશિયારીના, સફળતાના દાવા શાના કરીએ છીએ? આ મેં કર્યું, હું ના હોત તો શું થાત, જેવા સવાલો કરવાનો શું અર્થ છે?

હે જીવ, તું તો કશું જ કરતો નથી. તું તો અંતમાં જે કાંઈ નિર્ધારિત થઈ જ ગયેલું છે તેને વહન કરે છે. બીજી રીતે સમજાવું તો આપણે સમયના પ્લોટમાં દોડતા એનીમેટેડ પાત્રો જ છીએ.

એટલે જ કદાચ એમ કહેવાયું છે કે વાલ્મીકિએ રામાયણ પહેલાં લખ્યું, અને રામ પણ તે પ્રમાણે જીવ્યા છે. આ વાત રામાયણની નથી, આ વાત આપણા જીવનની પણ છે.

મારું તો માનવું છે કે વિશ્વનું સૌ પ્રથમ પ્રગટ થવું પણ સમય વગર કેવી રીતે સંભવ થયું હોય? તો શું આજે આપણે જેની વાત કરીએ છીએ એ ઈશ્વર કરતાં પણ સમય પહેલો પ્રગટ થયો હશે? તો પછી આપણે અનંત કોને કહીશું ઈશ્વરને કે સમયને? તો પછી શું સમય જ ઈશ્વર છે?

હવે મારી બુદ્ધિ સમયને વધુ સમજાવી શકે તેમ નથી. કારણ કે સમયને સમજવો સહેલો નથી.

******



http://AksharNaad.com

# ૮

## તારી પાસે જ નહીં, મુકેશ અંબાણી પાસે પણ માંગનારા બહુ ઉઘરાણી કરે છે.

મને એક ભાઈનો ફોન આવ્યો. ફોન પર કહે, "જીતુભાઈ, આપઘાત કરવાનું દિલ થઈ ગયું છે, હવે જીવવા જેવું નથી લાગતું. ઉઘરાણીવાળા જીવ લેવા બેઠા છે. ઘરમાં આવીને બૈરા-છોકરાના દેખતાં ગાળો દે છે. ના બોલવાનું બોલે છે. કાલે તો એક જણ પોળમાં ઊભો-ઊભો બૂમો પાડીને ઉઘરાણી કરતો હતો. મારી શી આબરૂ રહી. મને થાય છે કે મરી જઉં."

મેં એમને કહ્યું કે, "કાલે હું ટીવી પર તમારા માટે જ સીધી વાત કરીશ, એટલે મારી સીધી વાત સાંભળ્યા વગર આપઘાત ના કરી લેતા. પછી શાંત ચિત્તે નિર્ણય લેજો."

મેં બીજે દિવસે આવા લેણિયાતોથી ત્રસ્ત દેવાદાર લોકો માટે આવી સીધી વાત કરી.

જે લોકોને માથે માથાના વાળ જેટલું દેવું થઈ ગયું છે, અને ચૂકવાતું નથી, તેમને જીવવાનું બહુ અઘરું લાગે છે. કેટલાક લોકો વિચારે છે, કે મેં લોકો પાસેથી રૂપિયા ઉધાર લઈ બહુ ખોટું કર્યું છે. રૂપિયા પાછા ચૂકવાતા નથી. એ વગર મરી ગયો તો પણ આ પાપમાંથી ક્યારે છૂટીશ.

તો જે ભાઈઓને આવો વસવસો થાય છે, પાપના ભારથી જીવ વલોવાય છે, તેમના આત્માની શાંતિ માટે મારે એટલું જ કહેવાનું છે, કે તમે લોકોના લાખો રૂપિયા ઉધાર લઈ પાછા ચૂકવી શકતાં નથી, તે બની શકે કે પાપનું નહીં ખૂબ જ મોટા પુણ્યનું કામ હોય! બન્યું એવું હોય કે, પાછલાં જન્મમાં તમારી પાસેથી મોહનભાઈએ ૫૦ લાખ રૂપિયા લઈ ગયા હોય અને તે રૂપિયા પરત કર્યા પહેલાં મોહનભાઈ ગુજરી ગયા હોય, એટલે આ જન્મે તમે મોહનભાઈ પાસેથી તમારા પાછલાં જન્મના બાકી નીકળતા પચ્ચાસ લાખ રૂપિયા ઉધાર લીધા હોય, જે હવે તમે પાછા ચૂકવી શકતા નથી. જો આવું



http://AksharNaad.com

થયું હોય તો તમે મોહનભાઈ પર ખરેખર તો ઉપકાર જ કર્યો છે. તેમને પાપના ભારમાંથી મુક્ત કરાવ્યા છે, તેમને કર્મનાં બંધનમાંથી મુક્ત કરાવ્યા છે. હવે તમે જ કહો, કે તમે આ સ્થિતિમાં પાપ કર્યું કે પુણ્ય કર્યું?

હવે આપ જો કહો, માનો કે મોહનભાઈ એ મારી પાસેથી ૫૦ લાખ લીધા ના હોય તો શું?

તમારી વાત સાચી હોય કે, મોહનભાઈએ પાછલાં જન્મમાં તમારી પાસેથી આ રીતે ૫૦ લાખ નથી લીધા. તો પછી આપ કહેશો કે હવે તો મેં પાપ કર્યું કહેવાય કે નહીં?

ભાઈ, આપણે હિંદુ છીએ, આપણને ખ્રિસ્તી કે મુસલમાનની જેમ એક જ જન્મ નથી હોતો. આપણે તો લાખો યોનીમાં ફરી-ફરી આજે આ જન્મમાં આવ્યા છીએ, અને તમારા અને મોહનભાઈના હજુ કરોડો જન્મ બાકી છે.

આ જન્મે ૫૦ લાખ પરત ના થાય તો કોઈ વાંધો નહીં, આવતાં કોઈ જન્મમાં આપણે મોહનભાઈને ચૂકવી દઈશું, નહીં તો આવતાં કોઈ જનમમાં મોહનભાઈ આપણી પાસેથી ૫૦ લાખ ઉધાર લઈ જઈને આપણને પાછા નહીં આપીને હિસાબ સરભર કરી નાખશે.

તો પહેલી વાત કે કોઈના ઉધાર લીધેલા પૈસા પરત ના કરી શકીએ તો કોઈ પાપ પણ નથી કે પુણ્ય પણ નથી. ચોપડે-ચોપડે ખેંચાતો હિસાબ છે. એ તો ચાલ્યા કરે.

હવે હું વાત કરવા માંગું છું તે એ કે, ગઈકાલે જે કહેતા હતા કે આખો દિવસ માંગનારાઓની ઉઘરાણીથી કંટાળી ગયો છું. આપઘાત કરવાનું મન થાય છે, એ ભાઈને મારે આશ્વાસન આપવાનું કે ભઈલા, તારે ભાઈબંધ, દોસ્તાર કે ધીરધાર કરનારાઓ પાસેથી ઉછીના લીધેલા પૈસાની તારી પાસે દિવસભર ઉઘરાણી થાય છે તેનું તું આટલું બધું મન પર ના લે.

સાચું કહું તો તારી અને મુકેશ અંબાણીની દશા એક સરખી છે.

જો ભાઈ, મુકેશ અંબાણી ભારતના સૌથી પૈસાદાર વ્યક્તિ છે. એણે કમાવા તો જવાનું નથી. રિલાયન્સ ઈન્ડસ્ટ્રિઝ્માં વાઈસ પ્રેસિડન્ટ અને ડાયરેક્ટરોની એક મોટી ફોજ રાત-દિવસ મુકેશ અંબાણી માટે કમાઈ રહી છે. અને દિન દુગુની અને રાત



http://AksharNaad.com

ચોગુની મુકેશ અંબાણીની આવકમાં વધારો કરતી રહે છે. કેમ કમાવું એ મુકેશ અંબાણીની ચિંતા છે જ નહીં. રોજ કરોડો રૂપિયા મુકેશ અંબાણીના ખાતામાં જમા થતા જ રહે છે, તો પછી રોજ મુકેશ અંબાણી ઓફિસમાં જઈને શું કરે છે તે જોઈએ.

મુકેશ અંબાણી સવારે ૧૧ વાગે ઓફિસમાં પહોચે છે કે તેમના પર્સનલ સેક્રેટરી સાહેબને એક લાંબુ લીસ્ટ આપે છે કે, સાહેબ સવારથી આ મહાનુભાવોના ફોન આવી ગયા છે. (૧) મુલાયમસિંહ યાદવ (૨) અહેમદભાઈ પટેલ (૩) અમિતભાઈ શાહ (૪) મધ્યપ્રદેશના નાણાપ્રધાનશ્રી (૫) હરિયાણાના ઉદ્યોગપ્રધાનશ્રી (૬) આનંદીબેન પટેલ મેડમ વગેરે-વગેરે. નામ ગમે તે હોય. મુકેશ અંબાણી લીસ્ટ લઈને કામે લાગે છે અને સામેથી એક પછી મહાનુભાવોને ફોન કરીને તેમની સાથે વાત કરતા રહે છે અનિલભાઈ એક કાગળ પર આંકડા પાડતા રહે છે ૨૫૦ કરોડ, ૪૦૦ કરોડ, ૨૨ કરોડ, ૭૮૧ કરોડ આ બધા મહાનુભાવો મુકેશ અંબાણી પાસેથી કડક ઉઘરાણી કરી રહ્યા છે. યાદ રહે કે, તમે તો ઉધાર લઈ આવ્યા છો અને એટલે જ તમારી પાસે ઉઘરાણી થાય છે, જ્યારે મુકેશ અંબાણીએ તો વગર ઉધાર લીધે ચૂકવણાં કરવાનાં છે.

વચ્ચે એક ફોન આવ્યો. સીધી જ વાતઃ "જો મુકેશ, તને મેં કહ્યું હતું કે આ વખતે તારે ૭૫૦ કરોડ તો આપવાના જ છે. તું જાણે છે કે મેડમને વાયદા પસંદ નથી, તેમ છતાં તું રકઝક કરે છે. મને ફાઈનલ જવાબ જોઈએ છે, હમણાં ને હમણાં. તું ૭૫૦ કરોડ આપવાનો છે કે હું મેડમને ના કહી દઉં. પછી તું મને કશું કહેતો નહીં. જો મુકેશ, આમાં કશું જ ઓછું થવાનું નથી. કાં હા કહે, કાં ના કહે. હું સાંજના ચાર વાગે તારા ફોનની રાહ જોઈશ" કહી સામાવાળેએ ફોન કટ કરી નાંખ્યો.

ભઈલા, મુકેશ અંબાણી સવારથી ઓફિસમાં બેઠા-બેઠા ઉઘરાણી કરવાવાળાને જ નિપટાવતા હોય છે. ધીરુભાઈના શિક્ષકની છોકરીની છોકરીનાં લગ્ન માટે કોઈ પાંચ લાખ લેવા આવ્યું છે, તો કોઈ ફેડરેશનવાળા કલકતામાં ભારતના નાણાપ્રધાનનાં પ્રવચન માટે ફાળો લેવા આવ્યા છે.

આ બધાં વચ્ચે ચાર વાગે મુકેશ અંબાણીના પી.એ. ફોન પર કહે, "સાહેબ, દુબઈથી ભાઈનો ફોન છે. મુકેશ અંબાણી મનમાં ગણતરી મૂકે છે કે, ભાઈને ૫૦૦ કરોડ તો આપવા જ પડશે. ત્યાં સામેથી ભાઈ કહે છે મુકેશ કૈસે હો? દેખ મુકેશ, એક છોટા



http://AksharNaad.com

સા કામ પડા હૈ. મેરે પાસ ૫ કરોડ ડોલર પડે હૈ. કોઈ ધંધે મેં લગા દેના. સાલમેં ૧૫ પરસેન્ટ છૂટેગા તો ભી ચલેગા. મેં મુસ્તુફા કો ભેજતા હું.પૈસા કૈસે ભેજું,સમઝા દેના.”

મુકેશ અંબાણીને પસીના છૂટી જાય છે દુબઈવાળા ભાઈના ૫ કરોડ ડોલર. ભાઈ કો ૧૫% વ્યાજ દેનેકા. હા બોલું,સરકાર પકડેગી. ના બોલું,ભાઈ છોડેગા નહીં.

સમજી ગયા ભાઈ? તમે ઉઘરાણીવાળાથી એકલા પરેશાન નથી. અનિલ, ગોદરેજ, તાતા, બિરલા, દલસુખભાઈ પ્રજાપતિ, મણીભાઈ વાસણવાળા બધા જ ઉઘરાણીવાળાથી પરેશાન છે.

તને ગલીના ટપોરિઓ પજવે છે, અને આ બધાને મોટા ભાઈઓ, પ્રેસવાળા, મીડિયાવાળા, રાજકારણીઓ, બધા પજવે છે.

તું જ કહે,કોણ વધારે દુઃખી છે? તું કે મુકેશ અંબાણી?

—————— ****** ——————



http://AksharNaad.com

# ૯

## ભૂપત વડોદરિયાજી, શું માત્ર હિન્દુ ધર્મમાં જ સ્ત્રીઓને અન્યાય થયો છે?

આજે સંદેશની રવિવાર પૂર્તિમાં બહુ જાણીતા લેખક શ્રી ભૂપત વડોદરિયાજીનો એક લેખ આવ્યો છે. વડોદરિયાજીનું વાંચન, મનન અને ચિંતન વંદનીય છે. વડોદરિયાજી "લોકસત્તા-જનસત્તા" નામનાં અખબાર અને "સમભાવ" મેગેઝિનમાં તંત્રી છે. આ લેખ વડોદરિયાજી સિવાય કોઈ ચીલાચાલુ કટાર લેખકે આ લેખ લખ્યો હોત તો હું એની ચર્ચા પણ ના કરત.

બન્યું એવું કેરાલામાં કોઈ કાર્યક્રમનું આયોજન થયું હતું અને જગદગુરુ શંકરાચાર્ય આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાના હતા. તેઓ આવે તે પહેલાં એક વિદુષી મહિલાએ વેદગાન ગાવાનું શરૂ કર્યું. તેઓ બહુ મોટા ગજાના સંસ્કૃત જ્ઞાતા અને ઉત્તમ ગાયક પણ ખરા. તેમનું આ વેદગાન ચાલતું હતું ત્યાં જગદગુરુ શંકરાચાર્યની પધરામણી થઈ. તેમણે સભા મંડપમાથી એક સ્ત્રીનાં મુખે વેદગાન થતું સાંભળ્યું અને તેઓ સભા મંડપ છોડી પરત ફરી ગયા. સંચાલકો તેમની પાછળ દોડ્યા ત્યારે જગદગુરુએ કહ્યું કે વેદગાન કરનાર આ મહિલાને સભા મંડપમાથી બહાર કાઢો તે પછી જ હું સભા મંડપમાં આવીશ, સંચાલકોએ પેલાં વિદુષી મહિલાને બહાર જવાનું કહ્યું, તેઓ ગયાં પણ ખરાં અને ત્યાર પછી શંકરાચાર્ય સભા મંડપમાં પ્રવેશ કરી એમનું પ્રવચન આપ્યું.

આ સમાચાર ભૂપત વડોદરિયાજીએ ક્યાંક વાંચ્યા અને તેમણે સંદેશમાં ૬-૭ કૉલમ લાંબો લેખ લખીને વેદનું વાંચન મહિલાઓને નહીં કરવા દઈ તેમજ અન્ય અનેક રીતે હિન્દુ સમાજમાં મહિલાઓનું કેવું શોષણ થયું હતું અને પુરૂષથી નીચી ગણવામાં આવતી હતી વિગેરે વિગેરે બાબતોનો ઉલ્લેખ કરી હિન્દુ સમાજ પર ખૂબ આકરા પ્રહારો કર્યા છે.

ભૂપતભાઈએ હિન્દુ નારીનો પક્ષ લીધો. એક વિદુષી મહિલાના અપમાન



http://AksharNaad.com

માટે જગદગુરુ શંકરાચાર્યને ડોશી પણ ઠેરવ્યા અને આ બધુ એક અડધું પાનું ભરાય તેટલા લાંબા લેખમાં કરેલ છે. મારો ભૂપતભાઈને એક સવાલ છે કે શું માત્ર હિન્દુ સમાજમાં સ્ત્રીઓને ઊતરતી ગણવામાં આવતી હતી? ભૂપતભાઈ ખૂબ અભ્યાસુ છે. દુનિયાના તમામ ધર્મોના જાણકાર છે. આટલા મોટા લેખમાં એમણે હિન્દુ ધર્મ સિવાય બીજા ધર્મોમાં સ્ત્રીઓની જે સ્થિતિ છે તે અંગે પણ કંઈક વાત લખવી જોઈતી હતી.

ચાલો સૌ પહેલાં આપણે એ તપાસીએ કે હિન્દુ સમાજ સ્ત્રીઓને વેદગાન નહીં કરવા દઈને કેટલી સ્ત્રીઓને અન્યાય કર્યો છે? આજની વાત કરીએ તો ભારતમાં સો કરોડ હિન્દુઓ છે એટલે ૫૦ કરોડ હિન્દુ સ્ત્રીઓ છે, જેમાંથી ૨૫ કરોડ જેવી સ્ત્રીઓ સાવ અભણ છે, બાકીની ૨૫ કરોડ સ્ત્રીઓમાથી સંસ્કૃત જાણતી, સમજતી, બોલતી સ્ત્રીઓ એક લાખથી પણ ઓછી હશે. વળી, હાલનું જે સંસ્કૃત છે તે સંસ્કૃત કરતાં વેદો જે સંસ્કૃતમાં લખાય છે તે તદ્દન ભિન્ન છે. આવું વેદકાલીન સંસ્કૃત જાણનાર વિદુષી સ્ત્રીઓની સંખ્યા તો ૪૦૦ પણ નહીં હોય. આ 400 સ્ત્રીઓમાથી વેદોનું જે વિશિષ્ટ રાગ-રાગિણીઓમાં ગાન થાય છે તે જાણનારી માંડ ૨૦-30 સ્ત્રી હશે જેમાં જે વિદુષી મહિલાને સભા મંડપ છોડવાનો આદેશ કરવામાં આવ્યો હતો તે મહિલાનો સમાવેશ થાય છે. આમ, ભૂપતભાઈએ સંદેશનાં અડધા પાનામાં જે વ્યથા વ્યક્ત કરી તે આ ૨૦-૨૫ સ્ત્રીઓ માટેની છે. અને સાચું કહું તો શાસ્ત્રોમાં મહિલાઓને વેદગાન કરવાની ના પડી છે, તે જોતાં ભારતની જે ૨૦-૨૫ મહિલાઓ વેદગાન કરી શકે એમ છે તેમાંથી પણ ૨૦-૨૨ મહિલાઓ વેદગાન કરવાનું કહેવામાં આવે તો પણ વેદગાન કરવા ઈનકાર કરી દે છે. આમ ભૂપતભાઈએ જે બાબતે હિન્દુ સમાજને દોષિત ઠરાવેલ છે તે વાત માંડ ૧-૨ મહિલાઓ માટેની છે. દલીલ ખાતર માની પણ લઈએ તો આ વાત ૧૦૦-૨૦૦ મહિલાઓની છે. ભૂપતભાઈએ એમના લેખમાં જો બીજા ધર્મની વાત કરી હોત તો આ લેખ વધારે યોગ્ય થાત પણ એમને બીજા કોઈ ધર્મની વાત આ લેખમાં લીધેલ નથી. આવો આપણે બીજા ધર્મોમાં સ્ત્રીઓની સ્થિતિ શું છે તે જોઈએ.

સૌથી પહેલાં બૌદ્ધ ધર્મની વાત કરીએ. ભગવાન બુદ્ધ પહેલાં વર્ષો સુધી તેમના સંઘમાં સ્ત્રીઓને સામેલ કરવાની ના પડી એટલે બૌદ્ધ સંઘમાં માત્ર ને માત્ર પુરુષ સાધુઓ જ જોડાઈ શકતા. જ્યારે ભગવાન બુદ્ધનાં માતાની બહેન અને ભગવાન બુદ્ધને ઉછેરનાર મહાપજાપતિ ગૌતમી જ્યારે ગૌતમ બુદ્ધ પાસે દીક્ષા લેવા આવ્યાં



http://AksharNaad.com

ત્યારે પણ ભગવાન બુદ્ધે પોતાને ઉછેરનાર માતાને દીક્ષા આપવાની ના પાડી હતી અને લાંબા સમય પછી જ્યારે તેમણે પોતાને ઉછેરનાર માતાને સંઘમાં ભિક્ષુણી તરીકે દાખલ કરી ત્યારે એમ કહેવાય છે કે ભગવાન બુદ્ધે એમ કહ્યું હતું કે મારા સંઘમાં સ્ત્રીઓને દાખલ કરવાને કારણે મારો સંઘ જે હજારો સાલ ચાલવાનો હતો તે ૨૫૦૦ વર્ષમાં પૂરો થઈ જશે. આમ ભગવાન બુદ્ધ સ્ત્રીને સાધુ તરીકે દાખલ કરવા સામે પૂર્વગ્રહિત હતા અને એમ માનતા કે સ્ત્રી સાધુ ના થાય તો સારું. હિન્દુ ધર્મમાં સ્ત્રીઓને માત્ર વેદજ્ઞાનની મનાઈ છે ત્યારે ભગવાન બુદ્ધ તેમના ધર્મમાં કોઈ સ્ત્રી સાધુ થાય તેના પણ વિરોધમાં હતા.

હવે વાત લઈએ ઈસ્લામની. ઈસ્લામના સરિયતમાં એવી જોગવાઈ છે કે બે સ્ત્રીઓ બરાબર એક પુરુષની સાક્ષી ગણવી એટલે કે જો કોઈ સ્ત્રી પર એકાંતમાં બળાત્કાર થાય અને તેના સિવાય બીજું કોઈ સાક્ષી ન હોય તો તેની સાક્ષી માન્ય રાખી બળાત્કાર કરનાર પુરુષને સજા ના થઈ શકે. હિન્દુ ધર્મમાં સ્ત્રીઓને ૪ વેદ વાંચવા સામે મનાઈ છે પણ ઈસ્લામમાં તો એકલી સ્ત્રીને સાક્ષી ગણવાની પણ મનાઈ છે. હિન્દુ ધર્મમાં ૧૦૦-૨૦૦ સ્ત્રીઓ વેદ વાંચવાથી વંચિત રહી જાય છે પણ ઈસ્લામમાં તો તમામ સ્ત્રીઓને એકલા સાક્ષી બનવા સામે મનાઈ ફરમાવવામાં આવી છે. શું મુસ્લિમ સ્ત્રીઓનું આ અપમાન અને શોષણ નથી? ભૂપતભાઈ, આના વિષે કેમ ચાર શબ્દો લખી ના શકાય? આ સવાલ તો ૧ કરોડ મુસ્લિમ સ્ત્રીઓને પુરુષ કરતાં હીન ગણવાનો છે.

ને હવે વાત કરીએ જૈન ધર્મની. ભગવાન મહાવીર સ્વામીએ તો સાફ-સાફ શબ્દોમાં કહ્યું કે સ્ત્રીના દેહમાં રહેલો આત્મા મોક્ષ પામી શકે નહીં. ભગવાન મહાવીરના કહેવાનો અર્થ એ હતો કે સ્ત્રી ગમે તેટલી મહાન ભક્તિ કરે, તપ કરે તો પણ તે સ્ત્રી હોવાથી તે મોક્ષ પામી શકે નહીં. મહાન તપસ્વી સ્ત્રી જ્યારે પુરુષનો દેહ ધારણ કરે ત્યાર પછી જ તેને મોક્ષ મળે. યાદ રહે હિન્દુ ધર્મમાં સ્ત્રી ભક્તિ, ધ્યાન, યોગ, સંગીત જેવી કોઈ પણ ઉપાસના દ્વારા ઈશ્વરને પ્રાપ્ત કરી શકે છે. તેમની પર જે પ્રતિબંધ છે તે માત્ર વેદ વાંચવા પૂરતો છે. જ્યારે ભગવાન મહાવીર તો સ્ત્રીઓના મોક્ષ સામે જ મનાઈ ફરમાવી દે છે. યાદ રહે ભગવાન મહાવીર જ્યારે કહે છે કે, સ્ત્રીઓના શરીરમાં રહેલા આત્માને મોક્ષ મળી શકે નહીં ત્યારે તેઓ માત્ર જૈન ધર્મની વાત કરી રહ્યા નથી. તેમનું



http://AksharNaad.com

આ વિધાન દુનિયાની દરેક સ્ત્રીને લાગુ પડે છે. આમ ભગવાન મહાવીર દુનિયાની સાડા ત્રણ અબજ સ્ત્રીઓને મોક્ષથી વંચિત કરી દે છે. આમ હિન્દુ ધર્મમાં વેદ વાંચવા પર જે પ્રતિબંધ છે તે ૧૦૦-૨૦૦ સ્ત્રીઓને લાગુ પડે છે જ્યારે ભગવાન મહાવીર સમગ્ર વિશ્વની સ્ત્રીઓને મોક્ષથી વંચિત કરી દે છે તે માટે ભૂપતભાઈને કંઈ જ કહેવું નથી?

****** 

# ૧૦

## ગાંધીજીના સાનિધ્યમાં કાંચન થયેલા વડોદરાના ત્રણ મુસ્લિમ સંતો.

આજે ગાંધી જયંતી છે.આખા દેશની ચેનલો ગાંધીજીની નાની-મોટી વાતોથી ઊભરાઈ રહી છે. એટલે આજે હું ગાંધીજી અંગે નહીં પણ ગાંધીજીરૂપી પારસમણીને અડકીને ખુદ શુદ્ધ સોનું બની ગયેલ ત્રણ ગાંધીવાદીઓની વાત કરીશ. આ ત્રણે મહાનુભાવો વડોદરાના છે અને ત્રણે જણ મુસલમાન છે. અને મારું સદનસીબ કે આ ત્રણેય મહાનુભાવો સાથે મને કામ કરવાનો મોકો મળ્યો છે.

આ ત્રણે મહાનુભાવની વાત સાંભળશો તો લાગશે જેમના થકી તેઓ આટલા ઊજળા થયા એ ગાંધી કેવા મહાન હશે?

સૌ પહેલાં વાત કરીએ યાસિનખાન પઠાણની. વાડી પોલીસ સ્ટેશનથી બરાનપુરાનો રસ્તો 'યાસિનખાન પઠાણ માર્ગ'ના નામે ઓળખાય છે. હું ૧૯૭૭માં ગાંધીજીની મહાન સંસ્થા મજૂર મહાજન મંડળમાં પુરા સમયના કાર્યકર તરીકે જોડાયો.

નોકરીના દસ-બાર દિવસ થયા હશે. અમારી સંસ્થાના સહમંત્રી કૃષ્ણકાંત કાશીવાલા કહે, "ચાલો જીતુભાઈ એક ફરિશ્તાનાં દર્શન કરવા લઈ જાઉં. અમે યાસિનખાન પઠાણનાં સાવ સામાન્ય ઘરે પહોચ્યાં. પતરાં નાખેલી બે ઓરડીઓ, એક લોખંડનો પલંગ, બે સ્ટીલએજની ફોલ્ડિંગ ખુરશીઓ, ત્રણ પિત્તળનાં પવાલાં, બે-ત્રણ થાળી વાડકીઓ. આ પઠાણસાહેબનો વૈભવ.

આ યાસિનખાન પઠાણ ગુજરાત ઈન્ટુકના પ્રમુખ રહી ચુકેલા એટલે તે સમયે ગુજરાતની ૧૧૦ મિલો, જી.ઈ.બી, એસ.ટી., રેલ્વે બધાં યુનિયનોના પ્રમુખ. તેઓ વડોદરા મજૂર મહાજન મંડળના પણ પ્રમુખ હતા. તેઓ નિવૃત થઈ ગયેલા પણ મહાજનના નિયમ પ્રમાણે તેમને છેલ્લો પગાર મળ્યા કરે એટલે અમે ૧૨૦૦ રૂપિયા કવરમાં નાખીને તેમને આપવા આવેલા.

અમને પાણી પાઈ પઠાણસાહેબ તેમના તકિયા નીચેથી એક કવર લઈ



http://AksharNaad.com

બહાર ગયા. કાશીવાલા મને કહે,"જીતુભાઈ, યાસિનચાચા કેમ બહાર ગયા તે ખબર છે?" મેં કહ્યું,"ના." તો કાશીવાલાએ કહ્યું કે,"તેમણે કદી બે પગાર ભેગા નથી કર્યા. આગલા મહિનાના ૧૨૦૦ રૂ| માંથી એમણે ૮૦૦-૯૦૦રૂ| બચાવ્યા હશે, તે ગરીબ-વિધવાઓને આપી આવશે પછી આ કવર લેશે. ચાચા પાછા આવ્યા એટલે મે એમને પૂછ્યું કે,"ચાચા કેમ કોઈ બચત નથી રાખતા?" તો કહે,"હું મજૂર મહાજનમાં જોડાયો ત્યારે મેં ગાંધીજીને કહ્યું કે તમે મને કોઈ પણ નિયમ આપો તો ગાંધીજીએ કહ્યું કે યાસિનખાન, નિયમ લે કે 'બે પગાર ક્યારે ય ભેગા નહિ કરું' અને આજ સુધી મેં બે પગાર ભેગા નથી કર્યા.

બીજા એવા મહાનુભાવ હતા ડાહ્યાભાઈ પટેલ, શિનોરના મોમાયા પટેલ એટલે આમ મુસલમાન પણ રહેણીકરણી હિંદુની.

૧૯૪૨માં ડાહ્યાભાઈ મુંબઈ સ્ટેટ એટલે કે આજના મહારાષ્ટ્ર-ગુજરાત, રાજસ્થાન અને થોડા મધ્યપ્રદેશમાંથી એલ.એલ.એમ.માં ફસ્ટ ક્લાસ ફસ્ટ ગોલ્ડ મેડાલિસ્ટ પાસ થયા. માત્ર બે જાણ એલ.એલ.એમ.માં પાસ થયેલા. એક ડાહ્યાભાઈ અને બીજા દલાલ, જે પાછળથી ગુજરાત રાજ્યના ચીફ સેક્રેટરી તરીકે નિવૃત્ત થયેલા.

જે દિવસે પરિણામ આવ્યું તે સાંજે જ ગાંધીજી મુબઈ આવેલા. ડાહ્યાભાઈના કાકા તેમને ગાંધીજીના દર્શન કરવા લઈ ગયા. લાઈનમાં ઊભા રહ્યા, નંબર આવ્યો ડાહ્યાભાઈના કાકાએ ગાંધીજીને કહ્યું, બાપુ, આ મારો ડાહ્યો એલ.એલ.એમ.માં ગોલ્ડ મેડલ લઈને આજે જ પાસ થયો છે એને આશીર્વાદ આપો. ગાંધીજીએ સીધું જ ડાહ્યાભાઈને પૂછ્યું કે, હવે સિવિલ સર્વિસની પરીક્ષા આપી કલેકટર થવું છે? ડાહ્યાભાઈએ કહ્યું કશું નક્કી નથી કર્યું. કાકાએ કહ્યું, બાપુ તમે કહો એ શું કરે? તો બાપુએ ડાહ્યાભાઈને કહ્યું, બોલો ડાહ્યાભાઈ હું કહીશ એ કરશો? ડાહ્યાભાઈએ કહ્યું કરીશ. તો બાપુ કહે વચન આપો કે આખી જિંદગી હું કહીશ એ કરશો. ડાહ્યાભાઈએ કહ્યું હા કરીશ.

બાપુએ તરત એક ચબરખી કાઢી લખ્યું. ભાઈ ગુલઝારીલાલ નંદા, આ ડાહ્યાભાઈને મજૂર મહાજનમાં નોકરી રાખી લેશો. એ ચબરખી લઈ ડાહ્યાભાઈ અમદાવાદ ગયા ત્યાં નંદાસાહેબ તો ના મળ્યા પણ ખંડુભાઈ દેસાઈ મળ્યા.એમણે



http://AksharNaad.com

ડાહ્યાભાઈને કહ્યું તમો વડોદરા મજૂર મહાજનના મહામંત્રી. ડાહ્યાભાઈ વડોદરા આવ્યા. મજૂર મહાજનની ઓફિસ શોધતાં શોધતાં ભદ્ર કચેરીએ આવ્યા તો એક સાયકલની દુકાનના ઓટલા પર બે ખુરશી એક ટેબલ.એ મજૂર મહાજનની ઓફિસ.

એલ.એલ.એમ. ગોલ્ડ મેડાલિસ્ટ ડાહ્યાભાઈ પટેલ ૫૦ કરતાં વધુ વર્ષ મજૂર મહાજન મંડળ વડોદરાના મહામંત્રી રહ્યા. એમનું અવસાન થયું ત્યારે તેમનો પગાર હતો માત્ર ૮૦૦ રૂ| મહીને.

એમણે વકીલાત કરી હોત તો રોજનાં એક લાખ કમાતા હોત. ડાહ્યાભાઈ પટેલે એમનાં ઘરના પ્રસંગો બાપની શિનોરની જમીનો વેચીને પાર પાડેલા. અણીશુદ્ધ ઈમાનદાર માણસ એટલે ડાહ્યાભાઈ પટેલ.

ત્રીજા છે પેન્ટર ચાચા. એમનું સાચું નામ તો મને પણ ખબર નથી. એ સાબરમતી આશ્રમ રહે અને મજૂર મહાજન મંડળમાં નોકરી કરી મજૂરોના પ્રશ્નો ઉકેલે.

સાબરમતી આશ્રમમાં બપોરના ૧૨ થી ૧માં ભોજન મળે. સાડા બાર વાગી ગયેલા અને પેન્ટર મિલમાંથી સાયકલ પર પાછા આવતા હતા. આશ્રમના દરવાજે જ સાયકલના ટાયરમાં પંચર પડ્યું.

સાબરમતી આશ્રમમાં, આશ્રમની જ ૩૦-૪૦ સાયકલો જેને જોઈને એ કોઈ પણ સાયકલ લઈને જતો રહે.પેન્ટરે આશ્રમમાં આવી સ્ટેન્ડમાં સાઈકલ મૂકી જલ્દી ભોજનશાળામાં જમવા બેઠા.

અડધું-પડધુ પણ માંડ ખાધું હશે અને કોઈકે આવીને કહ્યું પેન્ટર તમે પંચરવાળી જે સાઈકલ મૂકીને જમવા આવ્યા તેનું બાપુ પંચર કરવા બેઠા છે. પેન્ટર હાથ ધોઈને દોડ્યા. બાપુ સાયકલનું વ્હીલ ખોલી પંચર બનાવાની તૈયારી કરે. પેન્ટરે બાપુને કહ્યું, બાપુ, આપ રહેવા દો હું પંચર કરી નાખું છું. આપ જમી લો. બાપુ હસતાં હસતાં કહે, પેન્ટર તમે પંચરવાળી સાયકલ મૂકતા હતા ને હું તમારી પાછળ જ હતો. તમારે સાયકલને પંચર કરીને જવું જોઈએ, બીજા કોઈને સાયકલ લઈ જવી હોય તો શું કરે? હવે તમે જમવાનું પતાવો હું પંચર પતાવું છું. આમ પણ મારો જમવાનો સમય પૂરો થઈ ગયો છે. પેન્ટર રડી પડ્યા, બાપુના પગે પડ્યા ને કહ્યું, બાપુ કદી આવું નહિ કરું, આપ જામી લો. બાપુ ટસના મસ ના થયા. પંચર કરી જમ્યા વગર પોતાની રૂમમાં પાછા



http://AksharNaad.com

ફરી ગયા.

આ પેન્ટરચાચા વડોદરા મજૂર મહાજનની ઓફીસ પર આવે અને અમે કહીએ કે પેન્ટરચાચા પંચરવાળી વાત કહો તો પહેલાં એ ખૂબ રડે. કહે, બાપુ મારે લીધે એક ટંક ભૂખ્યા રહ્યા હતા.

પેન્ટરચાચા રસ્તામાં જતા હોય અને કોઈ સાયકલને ફટાકો થાય કે કોઈ પંચરવળી સાયકલ ઢસડીને જતું હોય તો પેન્ટરચાચા રોડ પર પોક મૂકીને રડે. લોકો ભેગા થઈ જાય પૂછે કે ચાચા શું થયું? પણ ચાચા કશું કહે નહિ અને ઊભા થઈને જતા રહે.

ગાંધીજીને અડીને પાવન થઈ ગયેલા આ મહાનુભાવો જો આવા મહાન ચારિત્રવાન હોય તો ગાંધી બાપુ કેવા હશે?

******



http://AksharNaad.com

# ૧૧

## વેપારમાં સફળ થવાની ત્રણ ચાવીઓ.

એક કોટ્યાધિપતિ વેપારી. સાત દેશોમાં એનાં વહાણોની અવરજવર. આખાં રાજ્યના વેપારીઓનાં એને ત્યાં ખાતાં ચાલે. આખા ભારતમાં એની હૂંડીની આણ પ્રર્વતે. કોઈ પણ વેપારી શેઠ કીર્તિકાંત સાથે વેપાર કરવામાં મોટપ અનુભવે.

કીર્તિકાંત શેઠ સવારે પેઢીના થડે બેસે અને મુનીમો, વાણોતરો અને વેપારીઓને સાંભળતા જાય, ભાવ કરતા જાય. આમ ખરીદ-વેચાણના લાખો રૂપિયાના સોદા રોજ પડતા રહે. કીર્તિકાંત શેઠની ખરીદીએ બજાર ઊંચું જાય અને કીર્તિકાંત શેઠ વેચવા બેસે ને બજારમાં ભાવ પડી જાય.

કીર્તિકાંત શેઠનો એકનો એક પુત્ર વૈભવકાંત તેમનાથી વિપરીત. મોડી રાત સુધી મિત્રો સાથે ટોળ-ટપ્પા કરવા, અડધી રાત પછી સૂવું, સૂર્યનારાયણ માથે ચઢે ત્યારે ઊઠવું, બપોરના જમી પરવારીને આડા પડખે થવું અને ચાર વાગે પેઢી પર જવું.

કીર્તિકાંત સમજાવી સમજાવીને થાક્યા તો ય વૈભવકાંત ના સુધર્યો.

કીર્તિકાંત શેઠ મરણ પથારીએ પડ્યા છે. બધાં કુટુંબીજનો અને મોટા મોટા વેપારીઓ રૂમમાં અધ્ધર શ્વાસે ઊભા છે. કીર્તિકાંત શેઠે વૈભવકાંતનો હાથ પોતાના હાથમાં લઈને કહ્યું, "બેટા, ત્રણ વચન આપ તો જીવ છૂટે."

વૈભવકાંતે કહ્યું, "બાપા, કોઈ ચિંતા ના કરો. મરણ સુધી વચન પાળીશ."

બાપે કહ્યું, "બેટા, એક તો છાંયડે છાંયડે પેઢીએ જજે-આવજે. બીજું બપોરે મીઠું કરીને ખાજે અને ત્રીજું, જેને ઉધાર આપે તેને ઘેર ઉઘરાણીએ ના જઈશ." આટલાં વચન લઈને બાપ તો પરલોક સિધાવ્યા.

વૈભવકાંતે તો હવેલીથી પેઢી સુધી મોંઘામાંની તાડપત્રી બંધાવી દીધી. રોજ બપોરના મિષ્ટાન્ન ખાઈને ચાર વાગ્યા સુધી ઘરે સૂવાનું ચાલુ રાખ્યું અને ચાર વાગે



http://AksharNaad.com

પેઢીએ જાય અને હિસાબ-કિતાબ જુએ. હવે ઉધાર લઈ જનારા ફરી દેખાયા જ નહીં. છ મહિનામાં તો ધંધો ફડચામાં ગયો. પેઢીએ તાળાં લાગી ગયાં.

વૈભવકાંત બહુ મુંઝાયો એટલે છેવટે દૂરનાં શહેરમાં બાપના એક મિત્ર કૃષ્ણકાંતકાકા રહે. તે પણ મોટા વેપારી. એમને ઘેર પહોચ્યો. કૃષ્ણકાંતકાકાએ બહુ પ્રેમથી તેને આવકાર્યો, ખબર-અંતર પૂછ્યાં. એટલે વૈભવકાંત તો રડી પડ્યો.

વૈભવકાંતે કહ્યું, "કાકા, શું કહું? બાપા તો અબજો રૂપિયાનો ધંધો મૂકતા ગયા હતા, પણ એમને આપેલાં વચનો પાળવા જતાં હું સાવ બરબાદ થઈ ગયો."

એટલે કૃષ્ણકાંતકાકાએ કહ્યું, "બેટા, એવું બને નહીં. તારા બાપની સલાહથી તો કોઈને નુકસાન થયું નથી, તો તને કેવી રીતે નુકસાન થાય?" કહે, "બેટા, બાપે શું વચન લીધાં હતાં તારી પાસેથી?" એટલે વૈભવકાંતે ત્રણે વચનો કહી બતાવ્યાં.

કૃષ્ણકાંતકાકાએ કહ્યું, "હવે એ કહે, કે તે શું કર્યું?" તો કહે, "હવેલીથી પેઢી સુધી તાડપત્રી બંધાવી દીધી. રોજ બપોરે મિષ્ટાન્ન ખાતો અને જેને ઉધાર આપ્યું તેની પાસે ઉઘરાણી કરવા ગયો જ નહીં."

કૃષ્ણકાંતકાકાએ કહ્યું, "ભઈલા, તારા બાપે કહ્યું છાંયડે છાંયડે પેઢીએ જજે આવજે, એટલે સવારના સાત વાગ્યા પહેલા પેઢીએ જવાનું અને સાંજે સાત પછી પેઢીએથી ઘેર પાછા આવવાનું. હવેલીથી પેઢી સુધી તાડપત્રી બંધાવાની એવું નહીં. તારા બાપાએ કહ્યું કે બપોરના ગળ્યું કરીને ખાજે, એટલે પેઢી પર જેટલા વેપારીઓ, બહાર ગામના આડતિયા, વહીવટદારો, જે કોઈ આવ્યું હોય તેને જમાડીને જમવું. આપણી પેઢી પર કોઈ ભૂખ્યું ન રહે, એને કહેવાય ગળ્યું કરીને ખાવાનું. અને તું કહે છે કે ત્રીજા વચનથી બરબાદ થઈ ગયો, તે તારી સમજણફેરને લીધે. તારા બાપાએ કહ્યું, જેને ઉધાર આપ્યું તેને ત્યાં માંગવા જતો નહીં. અર્થ એવો, કે જેને ઉધાર જોઈતું હોય એનું સોનું-જમીન-મિલકતો લખાવી લઈ, આપણે કબજે લઈ લેવાની. એટલે ઉધાર લેનારો આપણે ત્યાં ધક્કા ખાય, આપણે ધક્કા નહીં ખાવાના."

કૃષ્ણકાંતકાકાએ કહ્યું, "ધંધાના આ ત્રણ સોનેરી નિયમો છે. સવારથી સાંજ પેઢી પર બેસવાનું, બપોરે પેઢી પર જમવાનું પણ બધાંને જમાડીને, અને કોઈને પણ સોનું-મિલકત તારણમાં લીધા વગર ઉધાર આપવાનું નહીં. હવે આ નિયમો ધ્યાનમાં



http://AksharNaad.com

રાખી ધંધો કરજે.

વૈભવકાંત કહે, "કાકા, હવે રૂપિયા-પૈસા તો રહ્યા નહીં, તો કેવી રીતે ધંધો કરું?"

તો કૃષ્ણકાંતકાકાએ હસતાં-હસતાં કહ્યું, "તારા બાપે મરતાં પહેલાં મને પાંચ લાખ સોનામહોરો મોકલી આપીને હતું, કે વૈભવ આવે તો એને આપજે."

વૈભવકાંત કહે, "કાકા, બાપાએ મને સીધી રીતે જ આ વાત સમજાવી હોત તો આટલું નુકસાન ન થાત ને?"

કૃષ્ણકાંતકાકાએ પીઠ થાબડતાં કહ્યું, "વૈભવ, આ છ મહિના ગરીબીમાં જીવ્યો એ અનુભવ તને ન મળત ને?"

તો આપ પણ કોઈ ધંધો-વેપાર કરવા માંગતા હો, તો આ ત્રણ સુવર્ણ નિયમો છે નહીં પાળો, તો પસ્તાશો. આપણાં શાસ્ત્રોમાં કહ્યું છે કે ધંધાની ગાદી ૩ વર્ષ તપાવો એટલે કે દિવસના ૧૦ કલાક એ ગાદી પર બેસો ત્યારે ધંધાની શરૂઆત થઈ કહેવાય અને ૧૨ વર્ષ ગાદી તપાવો ત્યારે ધંધો જામ્યો કહેવાય. હવે આપને શું કરવું છે તે આપે નક્કી કરવાનું છે.

******



http://AksharNaad.com

# ૧૨

## તમને બે આયામી
## પતિ કે પત્ની તો મળશે નહીં.

પ્રેમલગ્નો થાય છે અને થવાં જોઈએ. મેં પણ પ્રેમલગ્ન કર્યાં છે. પ્રેમલગ્નો નિષ્ફળ થાય છે અને એરેંજ્ડ મેરેજ સફળ થાય છે, કે આનાથી વિપરીત વાત હંમેશાં સાચી નથી હોતી.

લગ્ન એ જુગાર છે અને લગ્ન ગમે તે પ્રકારનાં હોય, એમાં કશું પણ થઈ શકે છે.

પ્રેમલગ્નમાં એક વિશિષ્ટતા છે. આ લગ્નમાં સાથીદારો એકમેકના પરિચયમાં આવે છે, દોસ્તી થાય છે, દોસ્તી પ્રમાણમાં ગાઢ થયા પછી પરિણયમાં પરીણામે છે. જો કે પહેલી નજરનો પ્રેમ પણ હોઈ શકે છે.

પ્રેમલગ્નમાં કે અન્ય લગ્નમાં પણ, પ્રોબ્લેમ થવાનું એક મોટું કારણ છે લગ્ન પહેલાં સાથીદારની જે અદાઓ-વિશિષ્ટતાઓ પર આપણે ફિદા થઈ ગયા હોઈએ છીએ, તે અદાઓ અને વિશિષ્ટતાઓ જ લગ્ન બાદ આપણને ખૂંચવા લાગે છે, અકારી થઈ જાય છે.

હું મુંબઈની ગ્રાન્ટ રોડ હાઈસ્કૂલમાં ધોરણ આઠમાં ભણતો હતો. અમારા વર્ગમાં જવા માટે અમારે ધોરણ નવમાંથી પસાર થઈને જવાનું રહેતું હતું. નવમા ધોરણમાં પહેલી જ બેંચ પર એક છોકરી બેસે. ગોરી-ગોરી અને ચૂંટી ખણો તો લોહી નીકળે એવું એનું રૂપ. અને સૌથી રૂપાળું તો એનું હાસ્ય. જ્યારે જુઓ ત્યારે એ હસ્યા જ કરતી હોય. હસવું અને ગૌરી (નામ બદલ્યું છે) એક બીજાના પ્રર્યાય લાગે, એટલું મીઠું મધ જેવું હસે.

સત્યનો સ્વીકાર કરું, તો હું પણ એની પાછળ પાગલ થયેલો. થોડીક વાર થાય અને મને થાય કે, વર્ગની બહાર જઈ આવું. આકર્ષણ માત્ર ગૌરીને જોઈ આવવાનું. ગૌરી પણ જાણે કે, બધાં એને હસતી જોવા જ આવ-જા કરે છે. એટલે હું નીકળું ત્યારે એનું હાસ્ય ઓર ખીલે.



http://AksharNaad.com

આઠમા ધોરણનામ વેકેશનમાં હું મુંબઈથી વડોદરા આવી ગયો. ગૌરીને ભૂલી જવી પડી. પણ મુંબઈમાં ગૌરી રહે અમારી સ્કૂલની સામે જ. હું તો એનાં ઘરે પણ જતો-આવતો થઈ ગયેલો.

પછી મુંબઈ ભુલાઈ ગયું. કોલેજના ત્રીજા વરસે પાછો મુંબઈ ગયો. મારા એક જિગરી દોસ્ત પ્રકાશને મળ્યો. એ પણ સ્કૂલનાં બિલ્ડીંગમાં જ રહે. એને મળતાની સાથે જ ગૌરીનાં હાલચાલ પૂછ્યા. એની આંખો ઉદાસ થઈ ગઈ. મને કહે, "જીતુ, બહુ ખરાબ થઈ ગયું એની સાથે."

ગૌરીની નાતમાંથી એક મોટા ધનાઢ્ય કુટુંબનું માગું ગૌરી માટે આવ્યું. નાતના કોઈ પ્રસંગમાં મનોજે ગૌરીને જોઈ અને મોહી પડેલો. ગૌરીને ગ્રેજ્યુએટ પણ ના થવા દેવાઈ. ઘડિયા લગ્ન લેવાયાં.

અને લગ્નનાં એકાદ વર્ષમાં જ ગૌરીના પતિએ આત્મહત્યા કરી લીધી.

હું અને પ્રકાશ ગૌરીને મળવા ગયા. સાવ નંખાઈ ગયેલી. જાણે કર્ણનાં કવચ-કુંડલ ઊતારી લીધાં હોય એવી નિસ્તેજ.

વાતચીત ચાલી. મને કહે, "જીતુ, મને હસતી જોઈને મનોજ મારા પ્રેમમાં પડ્યો. સામેથી માગું નાખીને પરણ્યો. ચાર-પાંચ મહિના તો ખૂબ મજાના ગયા. પણ પછી કમબખ્તીની શરૂઆત થઈ. મને કહે, કે તું મારા ભાઈઓ સામે જોઈને આટલું બધું હસ ના. મારા મિત્રો આવે ત્યારે તું સિરિયસ રહે. બહુ ચીપ લાગે છે આ બધાની સામે તારું હસ્યા કરવાનું."

"પછી તો એણે મારા પર હાથ ઉગામ્યો. સવાર-સવારમાં છ વાગ્યામાં મને કહે, 'હવે દૂધવાળાને જોઈને પણ હસી રહી છે, નાલાયક. હું તો સ્તબ્ધ થઈ ગઈ. બે દિવસ પછી એના સાહેબનો ફોન આવ્યો. એના સાહેબે એની સાથે વાત કરતાં કહ્યું, કે ગૌરી સાથે વાત કરાવ. મેં સાહેબ સાથે વાત કરી. એમણે ખુશી-આનંદની વાત કરી. મેં ફોન મૂક્યો એ સાથે જ એણે આખું ઘર માથે લીધું. કહે, 'રાંડ, હવે મારા સાહેબને ઝાલ્યો. એણે તારી સાથે વાત જ કેમ કરી? મારા ગયા પછી પણ તારી પર ફોન આવતા હશે.'"

"મારું હાસ્ય વિલાઈ ગયું. હું હતાશ થઈ ગઈ. આવું રોજેરોજ થવા લાગ્યું. હું એની સામે જોઈને હસીને એને બોલાવું તો પણ એ બૂમો પાડે કે, તું આટલી બધી ચાલુ



http://AksharNaad.com

હોઈશ તેવી મને ખબર નહીં."

"હું થાકી-હારીને મારે ઘેર આવતી રહી. પાછા આવવાનું કારણ પણ મેં મારે ઘેર કહ્યું ન હતું. શું કહું? અને ત્રીજે દિવસે ખબર આવી કે મનોજે આત્મહત્યા કરી લીધી છે."

હું સ્તબ્ધ થઈ ગયો. મનોજ પહેલાં તો ગૌરીનાં હાસ્ય પાછળ પાગલ થયો, અને હાસ્યનાં કારણે જ મરી ગયો. ગૌરીને આશ્વાસન આપવા માટે મારી પાસે કોઈ શબ્દો ન હતા. અને સાચું કહું તો, મારી ગૌરી તો મરી પરવારી હતી. આ તો એનું પ્રેત હતું.

આવો જ એક બીજો પ્રસંગ બન્યો હતો. મારા ક્લાસમાં એક છોકરી ભણે. મારા ઘરની સામે એની મોટી બહેન રહે. બહુ જ સુંદર. એક દિવસ ચાર-પાંચ છોકરાઓએ એની મશ્કરી કરી. એક છોકરાએ એનો હાથ પકડીને ખેંચી. મારા પાડોશમાં એક છોકરો રહે. એણે હીરોગીરી કરીને પેલા છોકરાઓને ઝૂડી કાઢ્યા. એ છોકરીએ ત્રણ મહિનામાં તો મારા પાડોશી છોકરા જોડે લગ્ન કરી લીધાં.

થોડા મહિના પછી મારા ક્લાસની એ છોકરીએ મને કહ્યું, "જીતુ, તારો પાડોશી તો બહુ ડામીસ છે." મે કહ્યું, "શું થયું?" તો કહે, "વાત વાતમાં હાથ ઉપાડે છે. સાવ જંગલી જેવો છે." મેં એને કહ્યું તારી સાથે એને કોઈ ઓળખાણ-પિછાણ નહીં અને તારા માટે એણે ચાર ગુંડાઓ જોડે મારામારી કરી અને તું એને પરણી બેઠી. હવે જે છોકરો રસ્તે જતાં આવતાં ઉછીની મારામારીઓ કરતો હોય એ તો તારા પર પણ હાથ ઉઠાવાનો. પસંદગી તારી હતી.

મારી તમને બધાંને સલાહ છે કે એક વ્યક્તિમાં જુદાં-જુદાં રૂપની આશા ના રાખો. જો તમારો પતિ તમને ઊંચા અવાજે કશું કહી શકતો નથી, ઘરમાં પણ ગુસ્સે થઈ શકતો નથી, તો બજારમાં મવાલીઓ તમારી છેડતી કરે ત્યારે એ પતિ મવાલીઓને ફટકારે તેવી આશા કેવી રીતે રાખી શકો? જો તમારો પતિ બે-ચાર મવાલીઓને ઝૂડી નાંખતો હશે, તો એકાદ દિવસ તો એ તમારા ઉપર હાથ ઉગામશે જ.

તમે કોઈ ખૂબ મોટા મેનેજર કે ઉદ્યોગપતિને પરણ્યાં છો, તો તમારે રાતનું ડિનર એકલાં જ કરવાનું છે તે સ્વીકારી લો. પતિ કરોડો રૂપિયા કમાય અને રોજ તમને ચૌદ કલાક કંપની આપે તેમ બનવાનું નથી. જે પતિ ચૌદ કલાક તમારી આગળ પાછળ



http://AksharNaad.com

ફરશે, તે કમાવાનો નથી તે પણ માનીને ચાલો. ચાર પેગ વ્હીસ્કી પીધા પછી પણ સેફ ડ્રાઈવિંગ કરવા બદલ જે યુવાન તમને ગમી ગયો છે, તે પરણ્યા પછી સાંજે સીધો ઘરે આવવાનો નથી.

જે મોડર્ન યુવતી તમને બહુ સેક્સી લાગતી હોય, સિગારેટ પીવા અને છોકરાઓને આંગળીના ટેરવે નચાવવા બદલ તમને ગમી ગઈ હોય, તેને પરણ્યા પછી તે તમારા ઘરમાં સતી સાવિત્રી થઈ બેસવાની નથી.

મર્દ બહાદુર છે, હાથ છૂટો છે, તો તે તેવો જ છે. પછી મવાલીઓ હોય કે તમે હો. તમને એક સાથે બે પુરુષ નહીં જ મળે. એ બહાર બહાદુર હોય અને ઘરમાં તમારું કહ્યું કરે એવું ન બને. તમે એવી પત્ની નહીં મેળવી શકે જે તમને જોઈને ચોવીસ કલાક હસ્યા કરે અને બીજાને જોઈને મલકે પણ નહીં.

હવે તમે જ કહો કે, ફેસબુક પર રાત-દિવસ કલાકો ચેટ કરીને તમે તમારી પત્ની પસંદ કરી છે, હવે લગ્ન પછી એ ફેસબુક ખોલે પણ નહીં તેવી આશા કેવી રીતે રાખી શકો...!?

—————— ****** ——————



http://AksharNaad.com

# ૧૩

## વૃદ્ધાવસ્થામાં
## ઘરે બેઠા લાખો કમાવાનો કીમિયો.

વૃદ્ધાવસ્થા એટલે તમે કમાતા બંધ થઈ જાવ અને તમારી બાંધી મૂડી પર તમારે જીવવાનું હોય. તમારી પાસે લાખો-કરોડોની બાંધી મૂડી હોઈ શકે છે. પણ હવે તેમાં કોઈ વધારો થવાનો અવકાશ નથી. હા વ્યાજ કે ભાડાની આવક એમાં ઉમેરાતી રહે. પણ તમારી પાસે હવે કોઈ નવી કમાણી આવવાની નથી.

વૃદ્ધાવસ્થા ત્યારે અકારી થઈ જાય છે, જ્યારે તમારું પેન્શન, વ્યાજ કે ભાડાની આવક તમારા રોજિંદા જરૂરી ખર્ચને પહોંચી શકે તેમ ન હોય.

તમે જયારે નિવૃત્ત થાવ છો, નોકરી-ધંધામાંથી ત્યારે જો તમારી પાસે કોઈ મોટી રકમ આવે છે, ત્યારે તમારાં પુત્ર-પુત્રી-વહુ-જમાઈને એમ હોય છે, કે આટલી બધી રકમમાંથી અમને પણ કાંઈ મળવું જોઈએ. છોકરાઓને નવો ધંધો કરવો હોય છે એટલે એ સ્વભાવિક રીતે બાપની મરણમૂડી તરફ આશા રાખીને બેઠા હોય છે. રિક્ષા લેવી છે, દુકાન લેવી છે, પરદેશ જવું છે, નવો ફ્લેટ લેવો છે ને બાપ તેમને મદદ કરે તેવી આશા લઈને તેઓ બેઠા હોય છે.

તો પહેલી સલાહ તો એ કે, જો તમારી પાસે ખપ પૂરતી જ મરણમૂડી હોય તો બેટાઓને તેમાંથી કાંઈ પણ આપવાનો સાફ ઈન્કાર કરજો. પણ જો જરૂર કરતાં વધારે એટલે કે આજના ભાવે ૫૦ લાખ કરતાં વધારે મરણમૂડી હોય, તો તેમાંથી બેટા-દીકરીઓને આપવા સામે વાંધો ન હોઈ શકે. પરંતુ બહુ કડવી સલાહ છે કે દીકરો-દીકરી તમારાં નાણાંથી જો કશું ખરીદે, તો તેવા ફ્લેટ, રિક્ષા, કાર, શો-રૂમ તમારા અને તમારાં પત્નીના જોઇન્ટ નામે જ ખરીદવાનો આગ્રહ રાખવો. જો તેઓ તમારા નામે ખરીદવા તૈયાર ના હોય તો તમે પણ નફ્ફટાઈથી નાણા આપવાની ના પાડી શકો છો.

માનો કે દીકરો એ રકમ કોઈ ધંધામાં રોકવા માંગે છે તો ધંધામાં ભાગીદાર ના થશો. કારણ કે કોઈ પણ સરકારી ફસામણીમાં કે ખોટની સ્થિતિમાં મુશ્કેલીમાં



http://AksharNaad.com

મુકાશો. તો આવી સ્થિતિમાં દીકરા પાસે પ્રોમીસરી નોટ, કોરા ચેક અને વકીલ પાસે તૈયાર કરાવેલું પાક્કું લખાણ કરાવીને તમારા નાણાં આપશો.

હવે જો આપની પાસે મરણમૂડીમાં ૧૨-૧૫ લાખની જ ડીપોઝિટ છે, અને તેમાંથી આવતા ૧૦-૧૨ હજારના વ્યાજમાં તમારું પૂરું થતું નથી અને ત્રણ દીકરા અને બે દીકરીઓ હોવા છતાં કોઈ તમને મદદ કરવા તૈયાર નથી, તો તમે તમારાં બધાં દીકરા-દીકરીઓને ઘેર જમવા બોલાવો અને નિરાંતે તેમની સામે આપની ફિક્સ ડીપોઝિટની પાવતીઓ મૂકો અને કહો કે મારી પાસે ૧૫ લાખની એફ.ડી. છે. હવે તમે પાંચે જણ મને ત્રણ-ત્રણ લાખ રૂપિયા રોકડા આપો. જેને ના આપવા હોય તે ના આપશો, પણ બેટાઓ તમે જેટલા લાખ રૂપિયા આપશો તેટલા લાખ ઉમેરીને હું નવી એફ.ડી. કરીશ, જેમાં વારસદારમાં તમારું નામ હશે. એટલે કે મહેન્દ્ર જો તમને ત્રણ લાખ રૂપિયા આપે તો તમારે તમારી એફ.ડી.માંથી ત્રણ લાખ ઉમેરીને નવી છ લાખની એફ.ડી. કરવાની, જેમાં વારસદાર તરીકે મહેન્દ્રનું નામ હોય. જે દીકરો-દીકરી એમ કહે, કે મારી પાસે તમને આપવાના પૈસા નથી તો તેમનું નામ એફ.ડી.ની વારસાઈમાં રાખવાનું નહીં. જો એક જ દીકરો કે દીકરી કહે કે હું જ પંદર લાખ આપું છું, તો નફ્ફટાઈથી બધાંને લટકતાં રાખીને, તમને પંદર લાખ રૂપિયા આપે તે દીકરા કે દીકરીને તમારી પંદર લાખની એફ.ડી. અને તેણે આપેલા ૧૫ લાખ એમ કુલ ૩૦ લાખની એફ.ડી.માં વારસદાર બનાવીને તેને મર્યા પછી ૩૦ લાખની એફ.ડી. આપી જવાની.

એટલે તમને સમજાયું કે તમારા પંદર લાખના ૩૦ લાખ રૂપિયા કેવી રીતે કરવાના? હવે આ ૩૦ લાખની એફ.ડી. પર ૨૫ હજાર મહિને વ્યાજ મળે એટલે ડોસા-ડોસીએ શાંતિથી જીવવાનું. હવે એકાદ વર્ષ થાય એટલે ફરી બધાંને જમવા બોલવાનાં અને પછી કહેવાનું કે હું રહું છું એ ફ્લેટ ૪૫ લાખનો છે. તમે બધાં ભેગા થઈને ૪૦ લાખ રૂપિયા આપો. જે મને ૪૦ લાખ આપશે તેને હું આ ફ્લેટ આપીને જઈશ અને હા આ ૪૦ લાખની એફ.ડી.માં પણ વારસદારમાં એ જ છોકરાનું નામ રાખીશ. એટલે જે દીકરો મને ૪૦ લાખ આપશે તેને અમારા મર્યા પછી લોટરી લાગશે. ૪૫ લાખનો ફ્લેટ એ વખતે ૬૫-૭૦ લાખનો થશે અને ૪૦ લાખની એફ.ડી. પણ તેને પાછી મળશે, એટલે



http://AksharNaad.com

૪૦ લાખ રોકશે એને ૧ કરોડ રૂપિયા મળશે.

હવે આપે ૧૫ લાખની એફ,ડી ના ડબલ કરી ૩૦ લાખ કર્યા હતા અને હવે બીજી ૪૦ લાખની એફ.ડી. થશે. મહિને ૬૦ હજાર વ્યાજના મળે, તો પછી કરો ને તાગડધીન્ના.

જો તમારી પાસે એફ.ડી. પણ નથી કે નથી ફ્લેટ, તો ગરીબીમાં પીસાવાને બદલે તમામ દીકરા-દીકરીઓ સામે સી.આર.પી.સી.ની કલમ ૧૨૫ પ્રમાણે દસ-દસ હજારનું ભરણપોષણ માંગો અને રોદણાં રડતાં જીવવાને બદલે આનંદથી જીવજો.

આપણે 'કળિયુગનાં છોકરાં-કળિયુગનાં છોકરાં'નો કકળાટ કરવા પડે, તેને બદલે છોકરાં ભલે કહેતાં, કે 'કળિયુગનાં મા-બાપ-કળિયુગનાં મા-બાપ."

******



http://AksharNaad.com

# ૧૪

## સમાજનાં ઘડતરમાં
## અસમાજિક તત્ત્વોનો ફાળો.

દિલ્લી, યુ.પી. અને બિહારમાં બળાત્કારોની વણઝાર થંભવાનું નામ જ લેતી નથી. દેશી-વિદેશી કોઈ મહિલા સલામત નથી. કારમાં, પાર્કિંગમાં, લોજમાં, હોટલમાં, બસમાં બળાત્કારો થતા જ રહે છે. સરકારના લાખ પ્રયાસ છતાં આમાં કોઈ ઓટ આવતી નથી.

ત્યારે વિચાર આવે છે કે આવું શા માટે થાય છે?

વડોદરા-ગુજરાતમાં અડધી રાત્રે પણ કોઈ યુવતી એકલી પોતાની સ્કૂટિ કે સાયકલ લઈ આખું શહેર પસાર કરી ભય વગર બીજે છેડે જઈ શકે છે. જયારે દિલ્હી, યુ.પી. અને બિહારમાં તો મર્દ પણ પોતાને સલામત માનતો નથી. આનું સામાજિક કારણ તપાસવું પડે તેમ છે.

આપણી માન્યતા એવી છે કે સમાજનું બંધારણ જે તે સમાજના સજ્જનો અને વિચારકો નક્કી કરે છે. સમાજનો બૌદ્ધિક વર્ગ નક્કી કરે છે પણ હકીકતમાં એવું હોતું નથી.

કોઈ પણ સમાજનો સજ્જન વર્ગ તો એક સરખો જ હોય છે. સજ્જન માણસની વ્યાખ્યા કરીએ તો  એવો માણસ જે બીજાની મિલકત અને સ્ત્રી પર નજર બગાડતો નથી. જે સમાજે અને સરકારે બનાવેલ દરેક કાયદા-કાનૂનનું પાલન કરે છે. જે બીજાની લાગણી ના દુભાય તેનું ધ્યાન રાખે છે.જે વ્યક્તિ ધર્મભીરુ છે અને પાપથી દૂર રહે છે.

હવે આ માપદંડથી તો વડોદરા-ગુજરાતના સજ્જન અને દિલ્હી, યુ.પી., બિહારના સજ્જનમાં કોઈ ફેર નથી. બધા સજ્જનો સજ્જનતાના માપદંડમાં એક સરખા જ ખરા ઊતરે છે.

તો પછી વડોદરા-ગુજરાતમાં સ્ત્રીઓ આટલી બધી સલામત છે અને દિલ્હી, યુ.પી., બિહારમાં કેમ નથી?



http://AksharNaad.com

તો જવાબ છે કે જે કોઈ ફેર છે તે વડોદરા-ગુજરાતનાં અસામાજિક તત્ત્વો અને દિલ્હી-બિહાર, યુ.પી.નાં અસામાજિક તત્ત્વો વચ્ચે છે. વડોદરા-ગુજરાતનાં અસામાજિક તત્ત્વો -ગુંડા તત્ત્વોએ એવો નિયમ લીધો છે કે બધી ગુંડાગીરી કરી શકાય પણ અડધી રાત્રે પણ મા-બહેનોની છેડતી, અડપલાં કે બળાત્કાર કરી ના શકાય.

જ્યારે દિલ્હી, યુ.પી., અને બિહારનાં અસામાજિક તત્ત્વો -ગુંડા તત્ત્વોનું સ્તર બહુ જ નિમ્નકક્ષાનું છે. તેઓ માને છે કે સ્ત્રીને જુઓ કે દબોચી લો એને લુંટી લો. એના શરીર પરનાં ઘરેણાં નહીં લુંટીએ તો ચાલશે પણ એની ઈજ્જત તો લુંટી જ લેવાની.

ગુજરાત કે દિલ્હીના બુદ્ધિજીવીઓ માં-બેનની આબરૂ લેતાં પણ નથી અને બચાવતા પણ નથી. ફેર પડે છે તો જે તે સમાજનાં અસામાજિક તત્ત્વો-ગુંડા તત્ત્વોનો. મોરાલીટીમાં સજ્જનો તો એક જ લીટી પર ઊભા છે પણ અસામાજિક તત્ત્વોના આત્માના અવાજથી નક્કી થાય છે કે આ સમાજ કેવો બનશે કે રહેશે?

હવે એક વાત નક્કી થઈ ગઈ કે અસામાજિક -ગુંડા તત્ત્વો પર સમાજ રચનાનો આધાર છે તો જે કાંઈ પરિવર્તન લાવવાની જરૂર છે તે માટે આવા તત્ત્વોની મોરાલીટી ઊંચી લાવવાની છે.

આ માટે તમે સેમિનારો કરશો કે ટીવી પર ચર્ચાઓ કરશો તો અસામાજિક તત્ત્વો પર એની કોઈ અસર થશે તેમ લાગતું નથી.

તો આનો ઉપાય શું? મારી દૃષ્ટિએ જે પ્રાંતોમાં ભક્તિ ચળવળો ચાલી - સંત પરંપરાઓ ઊભા થઈ તે પ્રાંતોમાં અસામાજિક તત્ત્વોનું મોરલ ઊંચું છે.

અસામાજિક તત્ત્વો નેસ્તનાબુત થવાના નથી, થઈ શકે પણ નહિ. એમનું આત્મબળ સુધારવું, મોરલ ઊંચું લાવવું એ જ એનો ઉપાય છે.

જ્યાં અસામાજિક તત્ત્વોનું મોરલ સાવ તળીએ જઈને બેઠું છે તે પ્રાંતોની એક વાત સાવ આંખે ઊડીને વળગે છે અને તે છે કે આ પ્રાંતોમાં પોલીસ દળનું મોરલ તો ત્યાંનાં અસામાજિક તત્ત્વો કરતાં પણ વધુ ગંદુ છે. એટલે આ પ્રાંતોમાં અસામાજિક તત્ત્વોની સમાજ સુધારણા હાથ ધરતાં પહેલાં આ પ્રાંતોનાં પોલીસ દળોનું મોરલ વધુ ઊંચું લઈ જવું પડશે.

આ મૂળભૂત ઉપાયો કર્યા વગર માત્ર સરકારો બદલ્યે જવાથી આ પ્રદેશોમાં કોઈ મોટો ફેરફાર થનાર નથી.

******



http://AksharNaad.com

# ૧૫

## સવારે વહેલો ઊઠ

આપને જો લાગતું હોય કે આપની આખી જિંદગી વેડફાઈ ગઈ છે.ધાર્યું એક કામ થતું નથી. નસીબ સાથ આપતું નથી તો એક કામ કરવાની જરૂર છે અને તે સવારના ૪ વાગે ઊઠી જવાની.

આબુમાં બ્રહ્મકુમારી સંસ્થા દ્વારા આખા ભારતના પત્રકારોનો સેમિનાર હતો. ૨૦૦૩ કે ૨૦૦૪ની વાત હશે. મારે પણ તેમાં એક પ્રવચન આપવાનું હતું. વડોદરાથી અમે બધા પત્રકારો આબુ પહોચ્યા.

ત્રીજે દિવસે બધા પત્રકારો રાત્રે જમી રહ્યા હતા ત્યારે બ્રહ્મકુમારીનાં વડા અમારી વચ્ચે આવીને વાતચીત કરવા લાગ્યાં. હું એમની પાસે ગયો અને મેં કહ્યું,"મને એક આધ્યાત્મિક પ્રશ્નનો જવાબ નથી મળતો." તો તેઓશ્રી કહે, "ભાઈજી, આપ સુબહમે ચાર બજે ઊઠના શરુ કરો." તો મેં પત્રકાર સહજ રીતે સામો પ્રશ્ન કર્યો કે, "આપને શું ખબર કે હું સવારે ૪ વાગે ઊઠું છું કે નહિ?" તેમણે મારી સામે જોયું અને દૃઢતાથી કહ્યું કે,"આપ અગર ચાર બજે ઊઠતે હો તો આપકો આધ્યાત્મિક પ્રશ્ન હોતા હી નહીં.અરે,આધ્યાત્મિક ક્યાં,દુન્વયી પ્રશ્ન ભી ના રહેતા."આટલું કહી દીદી તો જતાં રહ્યાં.

મારી પત્રકાર તરીકેની કારર્કિદીને કારણે સવારના ૪ વાગ્યા સુધી ઉજાગરા કરીને સવારથી બપોરના જ સૂવાની ટેવ.

દીદીને મે કશું પૂછ્યું નહીં અને વડોદરા આવીને મારાથી કોઈ દિવસ ચાર વાગે ઊઠાયું નહી.

આ વાતને ત્રણ ચાર વર્ષ થયાં અને હું મા આનંદમયીના મહાન શિષ્ય ભાસ્કરાનંદજીના પરિચયમાં આવ્યો.એમને મેં આ પ્રસંગ કહ્યો અને પૂછ્યું કે,"સવારે ૪ વાગે ઊઠવાથી બધી મુશ્કેલીઓ પ્રશ્નોનો અંત આવી જાય એનું કારણ શું?"



http://AksharNaad.com

પ.પૂ. ભાસ્કરાનંદજીએ કહ્યું કે,“દીદીએ સાચું જ કહ્યું હતું. હવે હું તને સવારના ચાર વાગે ઊઠવાથી સફળતા કેમ મળે તેનું રહસ્ય સમજાવું છું. બધા માનવી તેમણે પાછલાં જન્મ અને આ જન્મમાં કરેલાં કર્મોથી બંધાયેલા જ રહે છે. હવે જે આ જન્મમાં નિતાંત ગરીબ જન્મ્યો છે તે કેવી રીતે દાન-પુણ્ય કરી શકે? જ્યારે અમીરીમાં જન્મેલો મનુષ્ય ખૂબ દાન-પુણ્ય કરી વધુ ને વધુ સમૃદ્ધ થતો રહે. તો તેનો અર્થ એટલો જ કે કુદરત ગરીબોની વિરોધી છે.ગરીબો વધુ ને વધુ ગરીબ થતા રહે તેવી તેની વ્યવસ્થા છે. આ દુષચક્રમાંથી ગરીબ બહાર જ ના આવી શકે. જીતુભાઈ, આપ કહેશો કે કર્મનો સિદ્ધાંત તો આ જ કહે છે જેવું કર્મ કરીશ તેવું અને તેટલું જ ફળ પામીશ.”

ગુરૂજીએ કહ્યું “એ વાત પણ સાચી છે કે ખુદ ઈશ્વર પણ મનુષ્યનો અવતાર લે છે. ત્યારે કર્મના ફળથી બંધાયેલા રહે છે. તો પછી કર્મનો સિધ્ધાંત અચલ હોય અને તેના ફળ નિશ્ચિત જ હોય તો ગરીબો માટે આ બ્રહ્માંડ ગરીબ જ રહે. પણ આવું થતું નથી. કુદરતે -ઈશ્વરે ખુદ કર્મના સિધ્ધાંતમાં બાંધછોડ કરી છે. સવારના ૪ થી ૬માં પ્રાત:કાળે સમ્રગ સૃષ્ટિ પર ઈશ્વરની કૃપા-પ્રસાદ વરસે છે.”

ગુરૂજીએ કહ્યું “જીતુભાઈ, યજ્ઞ- હોમ- હવન કોણ કરી શકે અને કોણ ના કરી શકે તેના નિયમો છે. કોઈ લાયકાત વગરનો યજ્ઞ –હોમ- હવન કરે તો તેનું તેને ફળ ના મળે.પણ હોમ- હવનમાં જે પ્રસાદ ધરાવાય છે તે બધાં જ લઈ શકે અને પ્રસાદ લેનારને યજ્ઞ -હોમ-હવનનું ફળ વગર હોમ-હવન કરે મળી જાય છે.એટલે સવારના ૪ થી ૬માં ઈશ્વરની જે કૃપા-પ્રસાદ વરસે છે તે કર્મનાં ફળને આધીન નથી. તમારાં પાછલાં કર્મ ગમે તેટલાં દુ:ખ આપનાર હોય આ પ્રસાદથી દૂર થઈ જાય છે.એટલે જે કર્મનાં ફળ ઈશ્વર ખુદ ભોગવે છે તે કર્મનાં ફળ ઈશ્વરની કૃપા પ્રસાદથી નષ્ટ થઈ જાય છે.એટલે ગમે તેવા કાલસર્પ યોગમાં જન્મેલો હોય -પિતૃદોષ કે રાહુદોષથી પીડિત હોય એ સવારના ૪ વાગે ઊઠી ઈશ્વરભક્તિમાં લીન થાય તો તેની પીડા દૂર થયા વગર રહેતી નથી.”

આજે મારા ગુરુ ભાસ્કરનંદજી હયાત નથી પણ એમના શબ્દો મારા કાનમાં ગુંજતા રહ્યા છે.

******



http://AksharNaad.com

# ૧૬

## ‘ઝાડ, તું સૂકાઈ જા’
## મનની તાકાતની અદભૂત વાત.

બીજા વિશ્વયુદ્ધમાં એક નાનકડો ટાપુ. બ્રિટિશરોનો એની ઉપર કબજો હતો અને એક બોટમાં ૨૫-30 જર્મનો અચાનક ચઢી આવ્યા. જર્મનોએ આ અઢાર-વીસ બ્રીટીશ સૈનિકોને  પકડી લીધા, યુદ્ધ કેદી બનાવી દીધા. એક જ ટાપુમાં બધા સાથે રહેવા માંડ્યા એટ્લે,સંબંધો પણ સારા થઈ ગયા.

જર્મન ટુકડીના કેપ્ટને બ્રિટિશરોને કીધું કે, “હું તમને જર્મની મોકલીશ તો તમને મારી જ નાખવામાં આવશે, એ નક્કી છે. હવે બચવું હોય તો એક કામ કરી બતાવો.”

“શું?”

“સામે જે ઓકનું ઝાડ છે,એ બારસો-પંદરસો વર્ષ જીવે. આ ઝાડને અડક્યા વગર આ ઝાડને સૂકવી દો તો  તમને નાસી જવા દઉં.” એટલે બધા બ્રિટિશરો હસ્યા, અને કહે,“આ તો મારી નાખવાની જ વાત છે.”

બ્રિટિશરોનો જે કેપ્ટન હતો એ બધાને બાજુ પર લઈ ગયો. તમારાં જે બાળ-બચ્ચાં છે, પત્ની છે, ઘરડાં મા-બાપ છે, જેમના માટે તમારી જવાબદારી છે. આજે રાતે ઊંઘ્યા વગર તમે એને યાદ કરજો, તમારી જવાબદારીઓ અને પ્રેમાળ સંબંધોને યાદ કરજો અને પછી સવારે આપણે મળીએ છીએ.

સવારે બધા આવ્યા એટલે કેપ્ટને કહ્યું, “તમે જેમને આટલો બધો પ્રેમ કરો છો એમને મળવું હોય તો આપણે આ ઝાડ સૂકવી દઈએ.” સૈનિકો કહે “પણ આ ઓકનું ઝાડ હજુ તો હજાર વર્ષ જીવશે, તે સૂકાસે નહીં અને આપણે છૂટીસું નહીં.”

કેપ્ટન કહે “આપણી જે કોટડી છે ત્યાથી આ ઝાડ દેખાય છે?”

“હા”

“તો આપણે આપણી કોટડીમાં બેસી જાવ. અને ઝાડને જોતાં જય મનમાં વિચાર કરવા માંડો કે, હે ઓકના ઝાડ તું સૂકાઈ જા, તું સૂકાઈ જા, તું સૂકાઈ જા.”



http://AksharNaad.com

સૈનિકો કહે, "સાહેબ, આવું વિચારવાથી શું થાય? એમ કંઈ ઝાડ સૂકાતું હશે? આ ઝાડ તો જુઓ, કેટલું મોટું ઝાડ છે."

કેપ્ટને કહ્યું, "તમે મારી વાત પર વિશ્વાસ રાખો અને તમારે જેને મળવું છે, એને મળવું જ છે એમ નક્કી કરીને ઝાડને સૂકવી દેવાનું છે તેવો પાકો સંકલ્પ કરી વિચાર કરવા બેસી જાવ. દલીલો ન કરશો, કામ પર લાગી જાવ."

એટલે લશ્કરી શિસ્તથી બધા બ્રિટિશ સૈનિકો કોટડીમાં બેસી ગયા અને ઝાડને કહેવા લાગ્યા કે, હે ઝાડ તું સૂકાઈ જા. શરૂઆતમાં તો ઉપરછલ્લું કહેવાતુ'તું, મોઢેથી કહેવાતુ'તું, એક દિવસ, બે દિવસ. પેલા જર્મનો ત્યાંથી હસતાં-હસતાં જાય અને હસતાં-હસતાં આવે.

અઠવાડિયાં-દસ દિવસ પછી સૈનિકોને અંદરથી થવા માંડ્યું કે હવે હું બોલતો નથી, અંદરથી રણકાર થવા માંડ્યો છે કે, "ઝાડ, તું સૂકાઈ જા, ઝાડ, તું સૂકાઈ જા." બસ એ લોકો દિવસ રાત આ જાપ જપવા માંડ્યા.

મહિનો થયો એટલે પેલા જર્મન કેપ્ટનની ઝાડ પર નજર ગઈ તો જોયું કે એક ડાળ સૂકાઈ ગયેલી અને તેના બધા જ પાંદડા ખરી પડેલા."

બે મહિના થયા. ધીરે-ધીરે બીજી ડાળીઓ સૂકાવા માંડી. ચાર મહિના થયા અને આખા ઝાડના પાંદડાં ખરી ગયાં. એટલે જર્મન કેપ્ટને બ્રિટશ સૈનિકોને કહ્યું, "જુઓ. હવે અમારે ત્યાંથી મોટું જહાજ આવે તે પહેલા અમારી બોટ લઈ તમે નાસી જાવ. આટલું પૂરતું છે કે તમે બધાએ આટલા મોટાં ઝાડનાં બધાં પાંડદાં ખેરવી નાખ્યાં. અને તે પણ અડક્યા વગર, ખાલી ઈચ્છાશક્તિથી. તો મારા તરફથી ભેટ સમજો અને મારી બોટ લઈ રાત્રે નાસી જાવ."

અને એ છૂટ્યા. અને એમણે આ વાત લખી અને લખ્યું કે "અમે છૂટ્યા. કારણ કે, અમે મરણિયા થઈને જીવવા માંગતા હતા આ ઈચ્છાશક્તિનો, સામૂહિક ઈચ્છાશક્તિનો વિજય હતો.

એટલે મારી વાત એ છે કે અઢાર-ઓગણીસ જણ ઓકના ઝાડને સૂકવી દે, તો આપણે અઢાર-ઓગણીસ સાહિત્યપ્રેમીઓ ગુજરાતી સાહિત્ય માટે ઘણું કરી શકીએ.

******



http://AksharNaad.com

# ૧૭

## ભાઈ, ગીતાપાઠથી જેલમાં રહેલો પુત્ર કેવી રીતે છૂટે?

ગઈકાલે ગીતા જયંતિ હતી. મારા એક ખાસ વડીલ નૈષધભાઈ જોશીના આગ્રહથી મેં ગીતા પર પ્રવચન આપ્યું. મેં કહ્યું હતું કે, ગીતા પર બોલવાની મારી કોઈ લાયકાત નથી, પણ નૈષધભાઈના આગ્રહને કારણે જ ૧૫૦ જેટલા વડીલો સમક્ષ મેં ગીતા અંગે મારું જે અજ્ઞાન હતું તે પીરસવાનો પ્રયાસ કર્યો.

મારા પ્રવચન અંગે તો ખાસ કશું કહેવા જેવું નથી, પણ પ્રવચન પછી એક વડીલ ઊભા થયા. મને કહે, "જીતુભાઈ, સાત-આઠ વરસનો હતો ત્યારથી ગીતાના અઢારે અધ્યાય મોઢે છે. રોજેરોજ કેટલીય વાર પાઠ કરું છું. પણ ૨૦૦૨નાં કોમી તોફાનોમાં મારા નિર્દોષ છોકરાને પોલીસ ઉઠાવી ગઈ ખૂનકેસમાં ફિટ કરી દીધો, આજે સાત વર્ષ થયાં, હજુ બહાર આવતો નથી. કૃષ્ણ ભગવાનની આટલી ભક્તિ પછી પણ ભગવાન મારી સામે કેમ જોતા નથી?"

મારા ગીતા પ્રવચનમાં કોઈ ખાસ દમ ન હતો, એટલે એની વાત નથી કરતો પણ આ સવાલના જવાબ પર જરૂર વાત કરીએ.

મેં એમને કહ્યું, "વડીલ, તમે બહુ મોટી ભૂલ કરી છે, તમે કૃષ્ણ પાસે તમારા પુત્રને જેલમાંથી છોડાવાની આશા રાખતા હો, તો તમારું ગીતાનું, કૃષ્ણનું જ્ઞાન અધુરું છે.

"પહેલી વાત તો એ ભગવાન કૃષ્ણ પોતે જ જેલમાં જન્મેલા. એ એમની માનું આઠમું સંતાન. બે સંતાન વચ્ચે બે-અઢી વરસનું અંતર માનીએ, તો પણ વાસુદેવ દેવકીનો અઢાર વર્ષનો જેલવાસ પૂરો થયો, ત્યારે તે જન્મ્યા હશે, પછી ભાગવત કહે છે એમ કૃષ્ણે ચૌદ વર્ષે મામા કંસને મારીને મા-બાપને જેલમાંથી છોડાવેલાં. હવે અઢાર વત્તા ચૌદ કરીએ, તો કૃષ્ણ ભગવાન જેમને પેટે જન્મ્યા એ વાસુદેવ-દેવકી, કૃષ્ણનાં માતા-પિતા બત્રીસ વર્ષ જેલમાં રહ્યાં હશે."

મેં કહ્યું, "ભાઈ વિચાર કરો, કૃષ્ણની જનેતા અને પિતાને એમનાં કર્મનાં ફળ



http://AksharNaad.com

ભોગવવા બત્રીસ વર્ષ જેલમાં રહેવું પડ્યું, અને ભગવાને તેમને છોડાવવા કશું કર્યું નહીં. અને આપ સાત વર્ષમાં કહી રહ્યા છો કે ભગવાન મારા પુત્રને જેલમાંથી છોડાવતા નથી."

મેં કહ્યું, આગળ, "ચૌદ વરસના થયા ત્યાં સુધી ભગવાન કૃષ્ણ નંદ-જશોદા સાથે ગોકુળમાં રહ્યા. ભાગવતમાં ક્યાંય નથી લખ્યું કે કૃષ્ણ કદંબ નીચે ઉદાસ બેઠા છે, અને ગોવાળોએ પૂછ્યું હોય કે, કૃષ્ણ કેમ ઉદાસ છે? અને કૃષ્ણે કહ્યું હોય કે, મારી માતા-મારા પિતા જેલમાં છે, ને હું કશું કરી શકતો નથી."

"યાદ રાખો, કે મામા કંસને માર્યા પછી બીજું કોઈ કહેતું નથી કે, 'કૃષ્ણ, તારાં મા-બાપ તો જેલમાં પડ્યાં છે, એમને છોડાવ. બીજું કોઈ કહે પણ કેવી રીતે, કારણ કે એ રહસ્ય તો માત્ર ત્રણ જણાં જ જાણે છે, દેવકી, વાસુદેવ અને ખુદ કૃષ્ણ.

"તો કૃષ્ણ ગોકુળમાં છે ત્યારે તેને ખબર છે કે મારાં માતા-પિતા જેલમાં છે, પણ તેનો જરા પણ શોક નથી કરતા. હવે જે લાલો પોતાનાં મા-બાપ જેલમાં હોય તો પણ શોક નથી કરતો, તે લાલો તમારા પુત્રના જેલવાસનો કેવી રીતે શોક કરશે?"

"રામ અવતારમાં દશરથ રામના પ્રેમમાં મૃત્યુ પામ્યા. સીતા રામના પ્રેમમાં ૧૨ વર્ષ વનમાં રહ્યાં –રાવણની કેદમાં રહ્યાં અને માંડ થોડાં વર્ષ સંસાર ભોગવીને પાછો એકલો વનવાસ ભોગવ્યો અને તે પણ સર્ગભા અવસ્થામાં. ભરત પણ રામપ્રેમમાં વનવાસ જેવી સ્થિતિમાં જીવ્યા. લક્ષ્મણ અને ઊર્મિલા વિયોગમાં જીવ્યાં અને આખરે રામચંદ્ર ભગવાને લક્ષ્મણને શિક્ષા કરી કે હવે તું મને તારું મોં ના બતાવીશ, ત્યારે લક્ષ્મણને સરયુ નદીમાં આત્મહત્યા કરી લેવી પડી."

"ભગવાનનો માર્ગ પસંદ કરો, ભક્તિભાવનો માર્ગ પસંદ કરો તો સમજીને ચાલો કે બીજા લોકો કરતાં વૈષ્ણવજનોને માથે વધુ દુઃખ આવશે. ભક્તિ એ તમારું ઈશ્વર પ્રત્યેનું કમિટમેન્ટ છે ભક્તિ એ કાંઈ દુ:ખો સામેનો વીમો નથી.

"મીરાં તો રાણી હતાં, મહારાણી હતાં. ભક્તિમાં પાગલ થયાં, તો ઝૂંપડીમાં રહેતાં થઈ ગયાં હતાં.

"પ્રેમની જેમ ભક્તિ પણ અનકંડીશનલ –બિનશર્તી છે. પ્રેમમાં તો કશુંક પણ પામશો, પણ ભક્તિનો મારગ વન-વે છે, એકમાર્ગી રસ્તો છે, તમારે ઈશ્વર તરફ આગળ



http://AksharNaad.com

વધવાનું છે. ઈશ્વરની જેટલા નજીક જશો એટલા વધુ દુઃખ પામશો, દુઃખમાંથી મુક્તિ નહીં."

"આપના પુત્રનાં એવાં કર્મનાં ફળ ઉદિત થયાં છે, જેમાં એણે જેલવાસ ભોગવવાનો થયો છે.એને આપની ભક્તિ સાથે કોઈ નિસ્બત નથી.

છતાંય ઈશ્વરની કૃપા તો રહી જ હશે આપની ઉપર આપની ભક્તિનો જાદુ આપ જોઈ નથી શકતા.એ કોમી રમખાણોમાં બે-ત્રણ હજાર લોકો મૃત્યુ પામ્યા હતા. તમારો પુત્ર હેમખેમ બચી ગયો અને માત્ર જેલમાં છે, તે કદાચ તમારી ભક્તિનો પ્રતાપ પણ હોય."

******



http://AksharNaad.com

# ૧૮

## શું પાપ, શું પુણ્ય ?

આપણાં શાસ્ત્રોમાં કહ્યું છે કે જેને આત્મજ્ઞાન થયું નથી એને બીજાને મદદરૂપ થવાનો પણ હક્ક નથી. કારણ કે તમે જાણતા પણ નથી કે તમે કોઈને મદદ કરો છો કે તેને મુશ્કેલીમાં મૂકી રહ્યા છો.

આવો,આ વાત એક-બે ઉદાહરણથી સમજીએ.

એક ભાઈ વહેલી સવારે મંદિર જવા નીકળ્યા. રસ્તામાં એક મોટી ખીલી પડેલી. આ ભાઈને થયું કે કોઈની કાર-સ્કુટરમાં પંચર પડી જશે એટલે સેવાભાવે એ ખીલી ઉપાડી દીવાલ બાજુ નાખી.

થોડી વારમાં એ ફૂટપાથ પરથી એક ડાયાબિટીક માણસ ખુલ્લે પગે નીકળ્યો. તેને એ ખીલી વાગી અને છ મહિના હેરાન-પરેશાન થયો અને આખો પગ કપાવવો પડ્યો.

હવે ખીલી રોડ પર લાવવામાં કુદરતનું એ આયોજન હતું કે રાજેન્દ્ર નામના યુવાનની બાઈકમાં પંચર પડે એ અહીં જ રોકાઈ જાય એ હાઈ-વે સુધી ના જાય અને ટ્રક અકસ્માતમાંથી એનો જીવ બચી જાય.

હવે પેલી ખીલી તો રસ્તા પરથી ગઈ એટલે રાજેન્દ્રની બાઈકમાં પંચર ના પડ્યું.એ હાઈવે પહોચ્યો અકસ્માત થયો અને એનું મોત નીપજ્યું.

હવે એક નાનકડી ખીલી ખસેડવાનું સેવા કાર્ય પણ એક વ્યક્તિનાં મોતમાં અને બીજી વ્યક્તિના પગ ગુમાવવા સુધી પહોચ્યું.હવે આને સેવાકાર્ય પુણ્ય કહીશું કે પાપ?

આપ હાઈવે પરથી પસાર થાવ છો. એક કાર અકસ્માતમાં એક વ્યક્તિ મરવાની અણી પર આવી ગઈ છે. તમે એને હોસ્પિટલ લઈ જાવ છો. તેનો જીવ બચી જાય છે. પછી તે વ્યક્તિ ત્રાસવાદી કૃત્યમાં ૨૦ જણને મારી નાખે છે. હવે તમે એ વ્યક્તિની જાન બચાવી પુણ્યનું કામ કર્યું કે પાપનું?

૧૯૩૫માં જર્મનીમાં હિટલર લોકપ્રિયતાની ટોચ પર હતો ત્યારે જર્મનીના ૬



http://AksharNaad.com

નાના લશ્કરી અધિકારીઓએ હિટલરને મારી નાંખવાનું કાવતરું કર્યું. હિટલરને માહિતી મળી ગઈ. હિટલરે આ છ અધિકારીઓને કોર્ટ માર્થલ કરી ફાયરીંગ સ્કોર્ડ સામે ઊભા કરી દીધા. જનતાનો રોષ એટલો બધો કે આ છ ઓફિસરોનાં સગાંવહાલાંને પણ મારી નાખ્યાં.

એ પછી બીજું વિશ્વયુદ્ધ થયું, હિટલરને કારણે દુનિયાના પાંચ થી છ કરોડ લોકો માર્યા ગયા અને દુનિયા અને જર્મની તબાહ થઈ ગયાં. જો ૧૯૩૫માં આ છ લશ્કરી અધિકારીઓનું કાવતરું સફળ થયું હોત તો એમણે જર્મની અને વિશ્વની સેવા કરી કહેવાત કે નહીં?

૧૯૫૨માં જર્મની સરકારે આ છ લશ્કરી અધિકારીઓનાં નામ દેશદ્રોહીઓની યાદીમાંથી કાઢી એમને રાષ્ટ્રીય હીરો જાહેર કર્યા.

ખરી વાત તો એ છે કે આપણાં કૃત્યની સારી અસર થશે કે ખરાબ અસર થશે તેની આપણને ખબર જ હોતી નથી.

એટલે જ કહે છે કે એક પંતગિયું મેક્સિકોમાં પાંખો ફફડાવે છે અને સનફ્રાન્સીસ્કો પર વાવાઝોડું ત્રાટકે છે.

તો આપણે કરવું શું? શું કોઈને અકસ્માતમાં મદદ ન કરવી? શું રસ્તા પર પડેલી ખીલી પણ આઘીપાછી ના કરવી?

હા, આપણાં શાસ્ત્રો તો કહે છે કે, કુદરતનાં કોઈ પણ કામમાં તું દખલ ના કરું તો તે ઈશ્વરની સેવા કરી ગણાશે!

હવે આપે નક્કી કરવાનું છે કે માણસને મદદરૂપ થવું કે ઈશ્વરની સેવા કરવી.

મારી વાત તો એ છે કે માનવ સહજ સ્વભાવને કારણે આપણે આવાં કામો તો કરવાના જ. હું પણ કોઈ ઈજા પામેલો માણસ રસ્તા પર પડેલો જોઉં તો દવાખાને લઈ જ જાઉં. પણ મારે એ કૃત્ય કર્યા પછી ઈશ્વરને પાર્થના કરવાની કે હે પ્રભુ મને ખબર નથી કે મેં સારું કર્યું કે ખરાબ કર્યું છે. હવે બધું તું સંભાળી લેજે અને જો આ પુણ્યનું કામ હોય તો પણ હું આ પુણ્ય કૃષ્ણાપર્ણ કરી દઉં છું.

******



http://AksharNaad.com

# ૧૯

## મા-બાપને ભૂલશો નહીં

આજે એક બહુ મહત્ત્વની અને અગત્યની વાત કહેવી છે. યાદ રાખજો. તમારાં બાળકો, તમે શું કહો છો તે પ્રમાણે જિંદગી નથી જીવવાનાં, તે પ્રમાણે જિંદગીમાં નથી કરવાનાં, પણ તમે તમારી જિંદગીમાં જે કરો છો તે જોઈને જ તેઓ શીખશે અને તે પ્રમાણે જ કરવાનાં છે.

આ વાક્યો તમારાં ઘરની દીવાલો પર લખી રાખો. આ માનસશાસ્ત્રનો અફર નિયમ છે. જુઓ, તમે તમારાં ઘરમાં જે ભાષા બોલો છો, તે ભાષા બાળકને કોઈ સ્કૂલમાં મોકલીને શીખવવી નથી પડતી. એ પોતાની જાતે જ શીખી જાય છે. એ તમારું અનુકરણ કરે છે, તમને ફોલો કરે છે.

હવે મોટાભાગનાં ઘરોમાં આજકાલ એક જ હૈયાહોળી ચાલે છે. ઘર છે સાંકડું અને ઘરડાં મા-બાપ કે વિધવા મા વચ્ચે અટવાયા કરે છે. પતિ-પત્ની રહે છે બાપનાં બનાવેલાં ઘરમાં, પણ હવે એમના માટે આ ડોસા-ડોસી ગળાની ફાંસ બની ગયાં છે. થાય છે, કે આ ડોસી મરે, તો એમના રૂમમાં બાળકો માટે સ્ટડી રૂમ બનાવું.

ઘરમાં પોતાનાં ઘરડાં માતા-પિતા માટે જ હવે જગ્યા નથી રહી, દિલમાં આદર નથી રહ્યો. છોકરીઓનાં મા-બાપ અને ખાસ તો મા, તેને બરાબરની તૈયાર કરીને સાસરે મોકલે છે કે, બધું કબજે કરી લેજે! ડોસીના દાગીના પણ તારી પાસે રાખજે! ડોસીને પહેલેથી જ દબાયેલી રાખજે!

જે પતિ-પત્ની ખુબ કમાય છે, તેઓ ઘરડાં મા-બાપને તેમનાં ઘરમાં છોડીને પોતે નવા ફ્લેટ-બંગલામાં ગોઠવાઈ જાય છે. બહુ હોશિયાર છોકરો હોય તો તે ધીમે રહીને પોતાની ઓફિસમાંથી જ એવું ગોઠવે છે કે, બહારગામની બ્રાન્ચમાં બદલી થઈ જાય. એટલે કોઈ પણ જાતના હૃદયબોજ વગર, સમાજમાં ખરાબ દેખાયા વગર, એ માતા-પિતાથી દૂર નવું ઘર એ વસાવી લે છે.

હવે જે છોકરા સાથે માતા-પિતા રહે છે અને છોકરો-વહુ મા-બાપની ઈચ્છાનું



http://AksharNaad.com

માન રાખે છે, માનથી બોલાવે છે, રોજ સવારે મા-બાપને પગે લાગીને ઓફીસ જાય છે, એનાં છોકરા-છોકરીને કહેવું નથી પડતું કે, તમે દાદા-દાદીને પગે લાગીને સ્કૂલે જાવ. અરે થોડા જ વખતમાં એ પોતાનાં માતા-પિતાને પણ પગે લાગવા લાગે છે!

ઘરમાં ઘરડાં સાસુ-સસરા કે વડીલ હોય તો તમે કેટલાં નિશ્ચિંત રહી શકો છો. તમારાં સંતાનોને તમારે આયાઓના હાથમાં મૂકી નથી જવાં પડતાં. દાદા-દાદીઓની વાતો અને દેખરેખમાં ઉછરેલાં બાળકોમાં એક ખાસ પ્રકારની નજાકત જોવા મળે છે.

આ બધાં કરતાં પણ તમને એક ખાસ વાત કહેવા માંગું છું કે, તમારે તમારી જિંદગીમાં બહુ તરક્કી કરવી છે, બહુ પૈસા બનાવવા છે, બહુ પ્રગતિ કરવી છે, તમે બહુ જ સ્વાર્થી પ્રકારના માણસ છો! અને તમારે તમારી જિંદગીમાં ખૂબ જ સ્વાર્થ સાધવો છે, ઓછી મહેનતે આગળ નીકળી જવું છે, તો તમારાં મા-બાપની ખૂબ સેવા કરો.

મારી વાત તદ્દન ઊલટી છે. જેમને જિંદગીમાં ફકીરની જેમ રહેવું છે, કશું જ મેળવવું નથી, તેઓ પોતાનાં માતા-પિતાની સેવા નહીં કરે તો ચાલશે. પણ જે લોકો મહાસ્વાર્થી છે, તેમણે પોતાના સ્વાર્થ સાધવા પણ મા-બાપની ખૂબ સેવા કરવી જોઈએ.

હું આ વાત આપણાં શાસ્ત્રોની મદદથી તમને સમજવું. તમે તમારાં મા-બાપની જીવ તે જીવ બહુ સેવા કરી છે અને સામાન્ય રીતે તો મા-બાપ વહેલાં મરતાં હોય છે. મર્યા બાદ તમારા પિતા કાં તો દેવયોનીમાં જશે, ક્યાં પ્રેતયોનીમાં જશે, ક્યાં પિતૃલોકમાં જશે.

હવે જીવ તે જીવ તો તમારાં માતા-પિતા બહુ સામાન્ય માણસો હતાં. મીડલ ક્લાસનાં ઓર્ડિનરી માણસો. પણ મર્યા પછી એ પ્રેતયોનીમાં જશે, તો પણ એમની આ મૃત્યુલોકની શક્તિ કરતાં તેમની પાસે પચાસ-સો ગણી તાકાત હશે. જો તમે જીવતેજીવ એમને રાજી કર્યાં હશે, તો એ પ્રેતયોનીમાંથી પણ તમને જેટલો ફાયદો કરવી શકતાં હશે તેટલો ફાયદો કરાવશે. એ યોનિમાંથી જેટલું થઈ શકતું હશે એટલું તમારું ભલું કરશે, કારણ કે એ તમારાં માતા-પિતા છે પણ તમે જો જીવ તે જીવ મા-બાપને પજવ્યાં છે, હેરાન કર્યા છે, ત્રાસ આપ્યો છે, તો તે તમારું ખરાબ કરવામાં પાછું વાળીને જોશે નહીં.

(જો તમે હસતાં હો કે ભૂત-પ્રેત જેવું કશું નથી, તો આચાર્ય રજનીશને વાંચજો. એ કહે છે કે પ્રેતયોની છે.)



http://AksharNaad.com

હવે જો તેમનાં પુણ્યને કારણે તેમનો દેવલોકમાં વાસ થયો તો તેમની સારું કે ખરાબ ફળ આપવાની તાકાત ૫00-૧000 ગણી વધી જાય છે.

ચાલો, તમે પ્રેતલોક કે દેવલોકમાં માનતાં નથી તો કઈ નહીં પણ પુનર્જન્મમાં તો માનો છો ને? તમે જો મા-બાપને ખૂબ ત્રાસ આપ્યો હશે તો એ મા-બાપ બીજે જન્મે તમારે ઘેર જન્મી તમને યેન-કેન પ્રકારે ત્રાસ આપ્યા વગર નહીં રહે. લકવામાં પથારીવશ થઈ ગયેલી સાસુની તમે સેવા નહીં કરો તો બીજે જન્મે એ અપંગ છોકરો થઈ તમારી કૂખે જન્મશે. સાસુની સેવા તો ૨-૫ વર્ષ કરવાની હતી જે તમે ના કરી તો હવે છોકરની સેવા તમે જીવશો ત્યાં સુધી કરવી પડશે.

ઘણા મા-બાપ કહેતાં હોય છે કે આ છોકરો કયા જન્મનું માંગતું લેવા આવ્યો છે, જિંદગી ઝેર કરી નાંખી છે. ત્યારે તેમણે સમજવું જોઈએ કે ગયા જનમમાં તમારા મા-બાપને તમે ઠરવા દીધા નથી, દુઃખી-દુઃખી કરી નાખ્યા હતાં તો આ જન્મે એ તમને દુઃખી કરવા આવ્યાં છે.

એટલે, જીવતાં મા-બાપની સેવા કરીને શું મળશે તેમ વિચારીને જેમણે એમને ત્રાસ આપ્યો છે, તે કદી સુખી થવાનાં નથી.

મારા જીવનની વાત કરું. અમારા કુટુંબે મારી લકવાગ્રસ્ત માની, દિલ દઈ ખૂબ સેવા કરેલી. મેં ન્યુઝ પ્લસ ચેનલ શરૂ કરી ત્યારે મારી પાસે માત્ર રૂપિયા ૧૫૬ હતા જેમાં તે સમયે ટીવીનું નવું રીમોટ માંડ આવતું. અને અનેક મુશ્કેલીઓ વચ્ચે મારી આ ચેનલ ચાલી છે તે મારી માના આશીર્વાદથી જ ચાલી છે.

******



http://AksharNaad.com

# ૨૦

## શ્રેષ્ઠ ગાયક કોણ?
## તાનસેન કે હરિદાસ સ્વામી?

એક દિવસ સમ્રાટ અકબરે દરબારમાં પોતાના રાજગવૈયા તાનસેનને કહ્યું, “તાનસેન, તું દુનિયાનો શ્રેષ્ઠ ગાયક છે. તારાથી સારું કોઈ ગાઈ જ ન શકે. સર્વશ્રેષ્ઠ, એમ.”

તાનસેનને કહ્યું, “ના જનાબ, એવું નથી. તમે મને સાંભળ્યો છે? હું સારું ગાઉં છું એ બરાબર, પણ દુનિયાનો સર્વશ્રેષ્ઠ ગાયક હું નથી.”

“તો તું કહે કોણ છે?”

“મારા ગુરુ છે, હરિદાસ સ્વામી. તમે એમને સાંભળો તો ખબર પડશે કે હું તો કંઈ ગાતો જ નથી.”

અકબરે કહ્યું, “બોલાવી લાવો હરિદાસ સ્વામીને, આપણે સાંભળીએ એમને. કોઈને મોકલો એમને તેડવા.’

તો તાનસેને કહ્યું, ‘એ તો નહીં આવે.’

‘તો આપણે હાથી લઈને દીવાનને મોકલીએ. તમે જઈ આવો એમને તેડવા.”

“હરિદાસ સ્વામી તો મારાથી પણ ન આવે, એમને સાંભળવા હોય તો આપણે ત્યાં જવું પડે.”

સમ્રાટ કબૂલ થઈ ગયા, “તારાથી સારું કોઈ ગાતું હોય, તો એ સાંભળવા તું કહીશ ત્યાં આવીશ.”

એટલે બેઉ જણ ગયા એક ગાઢ જંગલમાં.

એક જગ્યાએ તાનસેન રોકાયા, “મહારાજ, તમે અહીં જ રોકાવ. અહીં પાછળ જ મારા ગુરુનો એક નાનકડો આશ્રમ છે.”

અકબર કહે, “ચાલો આપણે આશ્રમમાં જઈએ.”



http://AksharNaad.com

તાનસેન કહે, "ના. આપણાથી અંદર ન જવાય. તમારે તો એમનું ગાયન સાંભળવું છે ને?"

"હા"

"તો અહીં જ બેસો."

રાત આખી બંને ત્યાં જ બેઠા. મચ્છરો કરડે, જંગલનો એટલો બધો ત્રાસ ને એમાં વળી ઠંડી કહે મારું કામ.

રાજા કહે, "પણ હવે ક્યારે? હવે તો સવાર પડી ગઈ. ચાલ, હવે તો અંદર જઈએ."

તાનસેન કહે,"ના જવાય,ગાયન સાંભળવું છે ને? બેસો."

"પણ ક્યારે ગાશે?"

"એમની મરજી હોય ત્યારે ગાય. એમને થોડા રાજ-દરબાર છે કે આટલા વાગ્યા એટલે ગાવાનું છે."

બંને બે દિવસ બેસી રહ્યા. પછી અકબર ખિજાયા, "અરે તાનસેન, આવું થોડું ચાલે યાર. આપણે બે દિવસથી બેસી રહ્યા છીએ. તું જઈને કહે તો તારા કહેવાથી ના ગાઈ શકે?"

"ના ગાય."

બીજે દિવસે સવારે ચાર વાગે એકદમ દિવ્ય સ્વરો ઊભરાયા.

સમ્રાટ અકબર હોશ ખોઈ બેઠા, કે આવું અદ્‌ભૂત કોઈ કઈ રીતે ગાઈ શકે, જેના વડે આખું જંગલ હલી જાય, આખું જંગલ નાચવા લાગે. આખી જીવન સૃષ્ટિ, ચેતન સૃષ્ટિ હલી જાય એવો નાદ થયો, એવું ગાયન થયું.

થોડીવાર પછી ગાયન બંધ થઈ ગયું, એટલે રાજાએ કીધું કે,'તું જા અને એમની પાસે ફરી ગવડાવ."

તાનસેને જવાબ આપ્યો,"એ એમ ન ગાય, સમ્રાટ. આપણે હવે ચાલો."

અકબર કહે,"આપણે પહેલાં એમનાં દર્શન તો કરી લઈએ."

તાનસેન કહે,"ભલે, દર્શન કરવા જઈએ. પણ એમની પાસે ફરીથી ગાવાની કોઈ



http://AksharNaad.com

વાત કરતા નહીં. દર્શન કરીને પાછા આવતાં રહીએ પણ તમારે બોલવાનું નહીં."

દર્શન કરી બંને પાછા ફરતા હતા, ત્યારે રસ્તામાં અકબરે તાનસેનને કહ્યું, "અલ્યા તાનસેન, તું તો શું ગાય છે? સાવ બેસૂરો છે તું તો."

તાનસેને જવાબ આપ્યો, "હું તો પહેલેથી કહેતો હતો કે હું સારો ગવૈયો નથી, મારા કરતાં મહાન ગવૈયા તો આ જ છે."

અકબરનું કુતૂહલ શમતું ન હતું. "તમારા બંનેમાં એવો ફેર શું છે કે એમનું ગાયન આટલું અદ્ભૂત, અને તું આટલું સામાન્ય ગાય છે."

"મહારાજ, એક જ ફેર છે."

"શું?"

"હું તમને ખુશ કરવા ગાઉં છું, અને એ એમના ભગવાનને ખુશ કરવા ગાય છે. એમને ક્યાં કોઈ બાદશાહ છે? હું તો બાદશાહ માટે ગાઉં છું અને બાદશાહ માટે જીવું છું, જ્યારે એ તો ખુદા માટે ગાય છે અને ખુદા માટે જીવે છે. તેઓ ખુદા માટે જે ગાય છે, એ ગાયકી તો હું ક્યાંથી લાવું મહારાજ? હું શીખ્યો છું એ જ અને ગાઉં છું પણ એ જ, જે એ ગાય છે. પણ એમને માટે ગાયન એ ખુદાની બંદગી છે, અને મારા માટે તો આપ જે કહો તે, અને જ્યારે કહો ત્યારે ગાવાનું છે. આટલો ફરક."

******



http://AksharNaad.com

# ૨૧

## સૂર્ય કે સૂર્યલોક

ભારતે સફળતાપૂર્વક મંગળયાનને મંગળની ભમ્રણકક્ષામાં મૂકી દીધું છે, તે બદલ ભારતના વેજ્ઞાનિકો ભારે અભિનંદનને પાત્ર છે. ભારત મંગળ પર યાન ઊતારનાર વિશ્વનો ત્રીજો દેશ બન્યો છે.

ભારતના વેજ્ઞાનિકો મંગળ પર મિથેન વાયુનો અભ્યાસ કરી મંગળ ઉપર ક્યારેક જીવન હતું કે નહીં તે તપાસવાના છે.

દુનિયાભરના વેજ્ઞાનિકોને પૃથ્વી સિવાય કયાંય પણ જીવન હોય તો તે શોધી કાઢવું છે.અને આ પરગ્રહવાસીઓ સાથે હલ્લો-હાય કરવું છે.

જ્યારે-જ્યારે આવા સમાચારો વાંચું છું કે દુનિયાના વૈજ્ઞાનિકો અન્ય ગ્રહો પર જીવનની સંભાવનાઓ તપાસી રહ્યા છે,ત્યારે શબ્દશઃ હસવું આવે છે.

શું સૂર્ય અને ચંદ્રની રચના કુદરતે માણસ માટે કરી છે? સૂર્ય શું પૃથ્વી માટે ટ્યુબલાઇટ તરીકે લટકાવ્યો છે? ચંદ્ર શું નાઇટલેમ્પ છે? આકાશમાં દેખાતા તારા શું આકાશને શોભાયમાન કરવા ઈશ્વરે બનાવ્યા છે?

મને કહેવા દો કે, સૂર્ય એ આપણી ટ્યુબલાઈટ નથી એ આપણને પ્રકાશ આપવા કે આપણું જીવન ટકાવી રાખવા ભગવાને નથી લટકાવ્યો, કે ના એણે ચંદ્રને માત્ર દરિયામાં ભરતી-ઓટ લાવવા મૂક્યો છે.

કોપરનિક્સ પહેલાના વેજ્ઞાનિકો અને વિચારકો માનતા કે પૃથ્વી બ્રહ્માંડનું કેંદ્ર છે. બધું પૃથ્વીની આસપાસ ફરે છે. ખગોળશાસ્ત્રીઓએ તો હવે સ્વીકારી લીધું કે પૃથ્વી બ્રહ્માંડનું કેન્દ્ર નથી અને પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે,પરંતુ બીજા અર્થમાં હજુ વેજ્ઞાનિકો કોપરનિક્સ પહેલાંના જમાનામાં જ જીવી રહ્યા છે. તેઓ માને છે કે સમગ્ર બ્રહ્માંડમાં જે કાંઈ છે તે મનુષ્ય માટે જ છે.સૂર્ય પણ સૂર્યલોક છે.ત્યાં પણ વસ્તી-સમાજ



http://AksharNaad.com

અને સંચાર છે, ત્યાં પણ જીવો જીવી રહ્યા છે, ત્યાં પણ જીવન છે. દુનિયામાં જો ૫૦ ડીગ્રી ઠંડીથી લઈને ૫૦ ડીગ્રી ગરમીમાં જીવન શક્ય હોય તો પછી સૂર્યના ૨,૦૦૦ સેલ્સિયસથી ૨૦,૦૦૦ સેલ્સિયસ સુધીનાં તાપમાનમાં જીવી શકતા જીવો કેમ ના હોઈ શકે?

પૃથ્વી પર પંચતત્ત્વોના બનેલા જીવ છે. જલ, વાયુ, પૃથ્વી, અગ્નિ અને આકાશ. તો સૂર્ય પર વાયુ, અગ્નિ અને આકાશ ત્રણ તત્ત્વોના બનેલા જીવો કેમ ના હોઈ શકે? માત્ર આ ત્રણ તત્ત્વોના બનેલા જીવો આ ગરમીમાં પણ જીવી શકે.

માટે દરેક ગ્રહ પર પૃથ્વી અને માણસના નિયમો લાગુ પાડીને ત્યાં જીવન હોઈ જ ના શકે તેવા નિર્ણય પર આવવું વૈજ્ઞાનિક મૂર્ખતા છે.

આપણું વિજ્ઞાન પણ કહે છે કે આપણે અમુક આવૃત્તિથી વધુ કે અમુક આવૃત્તિથી ઓછા અવાજો સાંભળી શકતાં નથી. તેવી જ રીતે આંખની પણ એક મર્યાદા છે. મર્યાદાની બહારની સૂક્ષ્મ કે વિરાટ વસ્તુ આંખ જોઈ શકે નહીં, તેમ છતાં કાન-આંખ ના જોઈ શકે તેવા અવાજો અને વસ્તુ અસ્તિત્વ ધરાવે છે.

તો મંગળના મિથેન વાયુમાં જીવતું જીવન પણ હોઈ શકે છે. આપણે જીવવા માટે પ્રાણવાયુ વાપરીએ છીએ, એમ અંગારવાયુ, મિથેન કે હિલિયમમાં જીવતાં અથવા પૃથ્વી પર ન હોય તેવા વાયુમાં કે વાયુ વગર પણ જીવતા જીવ હોઈ શકે છે તેવી સંભાવનાઓ શા માટે નકારી કાઢવામાં આવે છે?

આપણે થ્રી ડાયમેન્શનવાળી સૃષ્ટિમાં રહીએ છીએ. આપણે બે ડાયમેન્શન કે તેથી ઓછી ડાયમેન્શન વાળી વસ્તુને નારી આંખે જોઈ શકતાં નથી કે થ્રી ડાયમેન્શનથી વધુ ડાયમેન્શનવાળી વસ્તુ જોઈ શકતાં નથી આથી એવું પણ બને કે આપણી થ્રી ડાયમેન્શન પૃથ્વીની સાથે-સાથે કોઈ પાંચ ડાયમેન્શન કે આઠ ડાયમેન્શન વાળી પૃથ્વી સહ અસ્તિત્વ ધરાવતી હોય. પૃથ્વી પર જ્યાં આપણું ઘર છે ત્યાં ૬ ડાયમેન્શનવાળી પૃથ્વીનો મહાસાગર આવેલો હોય અને આપણાં ઘરમાંથી આઠ ડાયમેન્શન વાળી પૃથ્વીનો હાઈવે પસાર થતો હોય અને દર મિનિટે આઠ ડાયમેન્શનવાળી કાર આપણી ઉપરથી પસાર થઈ રહી હોય.

આમ, આખાં બ્રહ્માંડમાં બીજા ગ્રહ કે ઉપગ્રહ પર સજીવ સૃષ્ટિની શોધ-ખોળ



http://AksharNaad.com

કરવાનો પ્રયત્ન મૂર્ખતાપૂર્ણ છે, જેને વૈજ્ઞાનિકો બ્રહ્માંડમાં ખાલી જગ્યા તરીકે જુએ છે તે ખાલી જગ્યામાં પણ અનેક પ્રકારની સૃષ્ટિઓ વસતી હોય તેમ બને પણ ખરું. જે ઈશ્વર કીડીને છઠ્ઠાથી સાતમો વધારાનો પગ આપતો નથી તે કંજૂસ ભગવાન આટલા બધા તારા, ગ્રહો અને ઉપગ્રહો અને તે બધા વચ્ચેની અનંત જેવી ખાલી જગ્યાઓ કોઈ કારણ વગર તો બનાવે નહીં. બ્રહ્માંડમાં અત્ર-તત્ર-સર્વત્ર સૃષ્ટિઓ છે અને દરેક જગ્યાએ સજીવ સૃષ્ટિ છે બસ એ સૃષ્ટિ આપણી કલ્પના મુજબની ના પણ હોય તો શું થયું?

—————— ****** ——————



http://AksharNaad.com

# ૨૨

## તારા દિલની વાત તું બેધડક કહી દે.

માણસની જિંદગીમાં નિષ્ફળતા મળવા માટે ઘણાં કારણો જવાબદાર હોઈ શકે છે, પણ તેમાં સૌથી મોટું કારણ છે શરમ-ડર, કે જેને કારણે સામાવાળાને એ વાત જ કરી શકતો નથી.

આપણે વાત કરીશું અને સામાવાળો ના કહી દેશે એ ભયે આપણે વાતની શરૂઆત કરતા નથી. પણ આપણે એટલું સમજવું જોઈએ કે આપણે કોઈને કશું પણ પૂછીશું, તો મોટે ભાગે એનો જવાબ 'હા' કે 'ના'માં જ આવે છે. એટલે 'હા'માં જવાબ આવવાની સંભાવના ૫૦ ટકા જેટલી ઊંચી છે. તો પછી પૂછી શા માટે લેતા નથી? અને જે વાત આપણે કરીએ છીએ તેમાં ના સાંભળવા સિવાય આપણને મોટું કોઈ નુકસાન થવાનું નથી હોતું. ખાસ કરીને પ્રેમ પ્રકરણોમાં આ વાત ખૂબ સાચી પડે છે.

તમે તમારાથી ખૂબ જ ખૂબસૂરત યુવક કે યુવતી તરફ આકર્ષાયાં છો, તમારો દેખાવ સાવ સામાન્ય છે, તો તમારે તો એક પ્રશ્ન કરવાનો છે કે, તું મને ચાહે છે? પણ 'એ ના પાડશે તો?' એ ડરથી આપણે પૂછી શકતાં નથી. પણ એણે જો હા પાડી દીધી, તો લોટરી લાગી જશે તેવું વિચારીને તો પૂછી લો. પણ આપણે વિચારતાં જ રહીએ છીએ અને સ્કૂલ કે કોલેજનો એ સમય પસાર થઈ જાય છે, અને પછી માત્ર યાદો રહી જાય છે.

હું જ્યારે કોલેજમાં ભણતો ત્યારે વિદ્યાર્થી નેતા હતો. ફેકલ્ટી રિપ્રેઝન્ટેટિવ હતો. હું મારા એક મિત્ર સાથે બીજા એક વિદ્યાર્થી નેતાને મળવા ગયો. તે જમાનામાં ફોન પણ બહુ નહીં. અમે એને ઘેર ગયા ત્યારે એ બહાર ગયેલો. અમે પાછા નીકળવા જતા હતા, ત્યાં જ પવનના વાવાઝોડાની જેમ એક સુંદર યુવતી અમારી પાછળ આવી. મને કહે, "ભાઈ તો બહાર ગયો છે પણ તમે આવો અને બેસો. ભાઈ હમણાં આવી જશે."

અમે પાછા ફર્યા અને બેઠા. એ યુવતી રૂપરૂપનો અંબાર, એવી જ બોલકી અને એવી જ ઇન્ટેલિજન્ટ. એ હોમસાયન્સમાં ભણે. મીસ ફેમિના ઇન્ડિયામાં ભાગ લઈ આવેલી.



http://AksharNaad.com

કોલેજની અને સમાજની વાતો ચાલી. મારા મિત્ર કંટાળ્યા. મને કહે, "હું જઉં છું, તું બેસ." અમારી વાતો આગળ ચાલી. અમે બાર વાગ્યાથી વાતોએ વળગ્યાં હતાં. એક વાગવા આવ્યો. મે કહ્યું, "હું હવે નીકળું. ભાઈ જલ્દી આવે તેમ લાગતું નથી."

એ મને બહારના દરવાજા સુધી મૂકવા આવી. મે એને સીધું જ કહ્યું, કે હું તમને ખૂબ ચાહવા લાગ્યો છું, તમે મને પસંદ છો. શું તમે મને પસંદ કરો છો?

આ અમારી પહેલી જ મુલાકાત હતી. હું તો સાવ લઘરવઘર, ખાદીના લેંઘા-ઝભ્ભામાં ફરું. પગમાં કોલ્હાપુરી ચંપલ અને કોઈ વાતનાં ઠેકાણાં નહીં. એ કરોડપતિ બાપની બેટી.

એણે મારી સામે જે રીતે આંખો પટપટાવી આજે પણ મને યાદ છે. એણે મને કહ્યું, "હા જીતુ, મને તું ગમી ગયો છું. હું પણ તને ચાહવા લાગી છું."

અમારા બંને વચ્ચે કોઈ વાતની સરખામણી નહીં. એ ચંપો અને હું આકડો. પણ મને પહેલી જ મુલાકાતમાં જવાબ મળી ગયો. અમારા બંનેની જોડી આખી યુનિવર્સિટીમાં મશહુર થઈ. સાથે ફર્યાં, ખૂબ પ્રેમ કર્યો. ખેર, અમે પરણી ન શક્યાં.

આમાં મજાની વાત એ થઈ હતી કે, દસ-પંદર દિવસમાં જ અમારો પ્રેમ જાગજાહેર થઈ ગયેલો. હું વિદ્યાર્થી નેતા અને એ બ્યુટીક્વિન. અમારો એક કોમન ફ્રેન્ડ મને મળ્યો. મને કહે, "જીતુભાઈ, મારે તમને એક વાત કહેવી છે."

હવે આ મિત્ર પણ કરોડપતિ બાપનો દીકરો. ખૂબ હેન્ડસમ, ખૂબ સ્ટાઈલિશ. મને કહે હું અને આ છોકરી નાનપણથી જોડે ભણેલાં. મને આઠમા ધોરણથી એ ખૂબ ગમતી. એ કોલેજમાં આવી ત્યારથી મને રોજ થતું કે હું એને કહી દઉં, કે હું તને ચાહું છું. પણ હું કહી ના શક્યો. મને પૂછે કે જીતુ, તેં એને પૂછવાની હિંમત કેવી રીતે કરી?

મે કહ્યું, "બસ, પૂછી નાખ્યું. ત્યારે હું જાણતો ન હતો, કે તે મને હા કહેશે કે ના. મને કદાચ લાફો પણ મારી દેત. પણ મારે એનો જવાબ લીધા વગર જવું ન હતું. એટલે મેં ના સાંભળવાની હિંમત રાખી અને મને હા સાંભળવા મળી."

આજે પણ મને લાગે છે મારા એ મિત્રે યુવતીને ક્યારે પણ પૂછી લીધું હોત કે "તું મને ચાહે છે?" તો મારા કરતાં એને માટે હા પાડવાની સંભાવના ખૂબ જ વધારે હતી. પણ કમનસીબે એ પૂછી જ ના શક્યો.



http://AksharNaad.com

તો મારી સલાહ છે, કે જો તમે વરસોથી કોઈને પૂછવાનું વિચારતા હોય કે "તું મને ચાહે છે" તો બેઝિઝક પૂછી લો. બને કે સ્વર્ગના દરવાજા તમારા પૂછવાની જ રાહ જોતા હોય અને ખૂલી જાય.

ભાગ્યના બંધ દરવાજા ખૂલવાની રાહ જોતા જ હોય છે. આપણે પૂછ્યા વગર જ આગળ નીકળી જતાં હોઈએ છીએ.

—————— ****** ——————



http://AksharNaad.com

# ૨૩

## મારા પતિ પેલીની પાછળ કેમ ગાંડા થઈ ગયા છે?

મને એક બહેનનો ફોન આવ્યો કે જીતુભાઈ, હું બહુ દુઃખી-દુઃખી થઈ ગઈ છું. તમે મને સાંભળો અને માર્ગદર્શન આપો.

ફોનમાં એ બહેને એમની આ પરિસ્થિતિ કાંઈક આવા શબ્દોમાં કહી.

"મારાં પ્રેમલગ્ન છે. અમારા બંને વચ્ચે ખૂબ પ્રેમ. મારા પતિ ભગવાનના માણસ. મારા સિવાય કોઈની સામે આંખ ઊંચી કરીને જુએ પણ નહીં. અમારું ૧૫ વર્ષનું લગ્નજીવન, કોઈ વાતે બોલવા-ઝગડવાનું થયેલું નહીં.

બે મહિના પહેલાં અમે એક લગ્નમાં ગયેલાં, ત્યાં બે દિવસ રોકાવાનું હતું. ત્યાં અમે એક બહેનને પહેલી જ વાર મળ્યાં. મારા પતિ અને એ બહેન બંને વાતોએ વળગ્યાં. મોબાઇલ નંબરની આપ-લે થઈ. એ બહેન પણ વડોદરાનાં જ. મારે ઘેર આવતાં-જતાં થયાં. અને હવે મારા પતિદેવને એ બહેન સિવાય કાંઈ સૂઝતું જ નથી. ગાંડા થઈ ગયા છે. એ બંને બહાર એકલાં-એકલાં મળે છે. રાત્રે મધરાતે એ બહેનના ફોન આવે અને તમારા ભાઈ બીજી રૂમમાં જઈ ફોન પર અડધો કલાક વાતો કરે છે. મારું લગ્નજીવન જોખમાઈ ગયું છે. હું તો કહું કે, એ બહેનમાં એવા કોઈ વેતા વળ્યા નથી. એના કરતાં હું સો ગણી રૂપાળી અને હોશિયાર છું. તમારા ભાઈને આ શું થઈ ગયું છે? મારી સાથેના પંદર વરસના સંબંધો બે મહિનામાં ખતમ થઈ ગયા? વગેરે વગેરે..."

મેં એમને કહ્યું કે, આપની સાથે જે થયું છે તે બધાં બહુની વ્યથા-કથા છે. તમારા કેસમાં ભાઈ હાથથી ગયા છે, તો ઘણા કેસમાં પત્નીઓ પતિને છોડીને બીજા પાછળ ગાંડી થાય છે. હવે તમે જ કહો છો કે, પંદર વરસ સુધી તમારા પતિદેવે તમારા સિવાય કોઈની સામે આંખ ઉઠાવીને જોયું નથી, એટલે એક વાત તો નિશ્ચિત છે કે તમારા પતિદેવ કાછડી છૂટા તો નથી જ. તમારી ફરિયાદ એ છે કે પંદર વર્ષનાં લગ્નજીવન બાદ બે સંતાનો હોવા છતાં, તમારા પતિદેવ તમારા કરતાં ગઈ-ગુજરેલી સ્ત્રી પાછળ કેમ ગાંડા થયા?



http://AksharNaad.com

હવે બને છે એવું કે આપણો આત્મા લાખો યોનીમાં કરોડો જન્મ લઈને અહીં આ જનમમાં આવ્યો છે. ગયા જન્મે પણ તમારે અને તમારા પતિદેવને નિકટનાં સંબંધો હશે એટલે તમે બંને એકબીજાંને જોઈ આકર્ષાયાં અને પ્રેમમાં પડ્યાં, લગ્ન કરી લીધાં. હવે વાત આવે છે પતિ-પત્ની અને વોની. તમને બહુ આશ્ચર્ય થઈ રહ્યું છે કે, પંદર વર્ષનાં લગ્નજીવન પછી પતિ આમ પાગલ કેમ બન્યા? તો એવું પણ બની શકે કે તમારા પતિ અને આ બેન ઓકનાં વૃક્ષો હોય, અને ૧૫૦૦ વર્ષ સુધી એકબીજાંની જોડે ઊભાં રહીને એક બીજાની ડાળીઓનો સ્પર્શ માણ્યો હોય. વાત ભલે લાખો વરસ પહેલાંની હોય, પણ એ સહવાસ ૧૫૦૦ વરસનો હોય. બની શકે કે એ બંને નાગ-નાગણ હોય અને ૨૦૦ વર્ષ સાથે રહ્યાં હોય, કાચબો-કાચબી હોય અને ૪૦૦ વર્ષ જોડે રહ્યાં હોય.

એ બંને નહોતાં મળ્યાં ત્યાં સુધી વાત જુદી હતી. હવે એ બંને તો આ કશું જાણતાં નથી. પાછલા જન્મોની સ્મૃતિ તો જાગૃત નથી એમની, પણ પાછલા જન્મોનો પ્રેમ જાગૃત થઈ ગયો હોય.

આપણે જાણતાં નથી કે, આપણને આપણા કે બીજાના પાછલા જન્મો યાદ નથી રહેતા, કે નથી એની સ્મૃતિ રહેતી. પરંતુ ભાવજગત સ્મૃતિજગત કરતાં વધુ ઊંડું હોય છે. સ્મૃતિ એ જાગૃત મગજનો ભાગ છે. ભાવના એ સુષુપ્ત મનનો ભાગ છે.

આપણાં શાસ્ત્રોની વાત માનીએ તો આત્મા તો નિર્વિકાર છે, પરંતુ આત્મા મનથી દોરાય છે. મૃત્યુ પછી પણ મન જ આત્માને છેક સુધી લઈ જાય છે. જાગૃત મનની સ્મૃતિને મન મૃત્યુ સાથે ભૂંસી નાખે છે. પણ સુષુપ્ત મનમાં પડેલાં ભાવનાત્મક ચિત્રો બીજા જન્મોમાં સાથે આવે છે.

જ્યારે આ સુષુપ્ત મનમાં ભાવસ્મરણો જાગૃત થાય છે ત્યારે અને તે પ્રમાણે બીજા લોકો સાથે આપણું વર્તન નક્કી થતું હોય છે.

આપના પતિના કિસ્સામાં પણ આવું કાંઈ બન્યું હોઈ શકે, એટલે આપનો પંદર વર્ષનો પ્રેમ હારી ગયો હોય."

એ બહેને મને કહ્યું કે, એટલે શું જીતુભાઈ તમે મારા પતિની આ બેવફાઈને જસ્ટિફાઈ કરો છો?

મેં કહ્યું કે, ના, હું તો એટલું જ કહેવા માંગું છું કે માનવીને આપણે જેટલો સ્વતંત્ર



http://AksharNaad.com

સમજીએ છીએ એટલો એ સ્વતંત્ર નથી. માનવીને એમ થાય છે કે આ મારો નિર્ણય છે, આ મને ગમ્યું અને આ મને ના ગમ્યું. પરંતુ કોઈ નિર્ણય એના પોતાના નથી હોતા. એ પાછલાં કર્મો-સંસ્કારોનો બંધાયેલો હોય છે, પછી ભલે એ આઝાદ સ્વતંત્ર દેશમાં જન્મ્યો હોય, ગમે તેટલું ભણ્યો હોય, ગમે તેટલો વિદ્વાન હોય. એ પોતાનાં મનનો, ઈચ્છાનો માલિક નથી, ગુલામ છે. એટલે જ તો આપણાં શાસ્ત્રો, ઋષિમુનિઓ પોકારી – પોકારીને કહી રહ્યાં છે કે મોક્ષને પ્રાપ્ત કરો અને જીવન-મરણના આ ફેરામાથી મુક્તિ મેળવો.

—————— ****** ——————



http://AksharNaad.com

# ૨૪

## ના, ભારતમાં ક્યારેય પણ સ્ત્રીઓનું શોષણ થયું નથી.

ભારતીય સંસ્કૃતિ અને હિંદુ ધર્મ સામે એક આક્ષેપ છે અને તે આક્ષેપ બીજી સંસ્કૃતિ કે બીજા ધર્મના અનુયાયીઓ મારફતે થાય છે તેના કરતાં પણ વધુ ખુદ આપણાં જ દેશના કહેવાતા સુધારાવાદીઓ અને સ્ત્રી સશક્તિકરણના હિમાયતીઓ કરી રહ્યા છે અને તે આક્ષેપ છે કે આપણા સમાજમાં વેદકાલીન સમયને બાદ કરીએ તો સ્ત્રીઓને નામ માત્રની સ્વતંત્રતા હતી નહીં, સ્ત્રીઓને ગુલામની જેમ રાખવામાં આવતી અને સ્ત્રીઓનું શોષણ કરવામાં આવતું હતું.સ્ત્રીઓ દિવસના અઢાર-અઢાર કલાક કામ કરતી હોવા છતાં અને ખેતીવાડી અને પશુ ઉછેરમાં બરાબરની કામગીરી સંભાળી કુટુંબને આર્થિક રીતે પણ મદદરૂપ થતી હોવા છતાં, ઘરમાં-સમાજમાં તેનો કોઈ અવાજ ન હતો, તેને બોલવાની જ છૂટ નહીં, ઘરમાં જે કોઈ નિર્ણય લેવાય તેમાં તેમને કશું પૂછવામાં આવતું ન હતું. એટલી હદે કે, એમની જિંદગીનાં લગ્ન જેવા અગત્યના નિર્ણય પણ ઘરના પુરુષ સભ્યો જ લેતા હતા. સાવ નાનકડી ઉંમરે એને પરણાવી દેવાતી અને શાસ્ત્રોના નિયમો ટાંકી, સ્ત્રીઓને કહેવામા આવતું કે એણે પિતા,ભાઈઓ,પતિ અને છેવટે ખુદના સંતાનોનાં કહ્યામાં રહેવાનું.

પશ્ચિમી દેશોની આધુનિક વિચારસરણી પ્રમાણે પોતાનાં અગંત જીવનનો દરેક નિર્ણય જાતે લેવાનો અધિકાર દરેક વ્યક્તિને હોવો જ જોઈએ. સમાજ અને દેશના નિર્ણયમાં પણ દરેક વ્યક્તિનો અવાજ હોવો જ જોઈએ.પશ્ચિમની આ વિચારસરણીનો અંગ્રેજોનાં શાસન દરમિયાન આપણાં દેશમાં પ્રચાર-પ્રસાર થતાં આપણાં દેશની સ્ત્રીઓ પણ પોતાને કચડાયેલી-દબાયેલી અને શોષિત માનવા લાગી. અને દેશમાં સ્ત્રી-સ્વતંત્રતા અને સ્ત્રી-પુરુષ સમાનતાની એક લહેરનો પ્રારંભ થઈ ગયો છે.

હજારો વરસો સુધી આ દેશમાં સ્ત્રીઓ મૌન રહી. એણે શું પહેરવું-ઓઢવું,



http://AksharNaad.com

ખાવું-પીવું, વગેરે જેવા પ્રશ્નો પર પણ પુરુષો જ નિર્ણય લેતા. તેથી આજની વિચારસરણીના સંદર્ભે જોતાં તો સદીઓ સુધી ભારતમાં સ્ત્રીઓનું ભારે શોષણ થતું હોવાના આ આક્ષેપમાં ભારોભાર સત્ય લાગે છે.

પણ મારે આ બાબતમાં કેટલીક વાત કરવી છે. મારું તો માનવું એમ છે કે, ભારતમાં સ્ત્રીઓનું કોઈ શોષણ થયું જ નથી, અને આજની સ્ત્રી-સ્વતંત્રતા કરતાં એ સમયની કહેવાતી ગુલામી સ્ત્રીઓનાં અને સમાજનાં વિશાળ હિતમાં હતી. વાસ્તવમાં સ્ત્રીઓની એ કહેવાતી ગુલામીથી સ્ત્રીને અને સમાજને ફાયદો થતો હતો, તેમ કહું તો મારી, તે વાત કોણ માનશે? પણ સત્ય એ જ છે. વાસ્તવમાં તો એનાથી સ્ત્રીને અને સમાજને બહુ જ ફાયદો હતો તેમ મારું માનવું છે.

હિંદુ તત્ત્વચિંતનનો એક પાયાનો સિદ્ધાંત છે કર્મનો સિદ્ધાંત. કર્મનો સિદ્ધાંત કહે છે કે તમે સારું-નરસું જે કાંઈ પણ કામ કરશો તેનું ફળ ભવિષ્યમાં તમે જરૂરથી પામશો. એટલે ભૂતકાળમાં તમે કરેલાં તમામ કર્મો, તમારો આજનો વર્તમાન નક્કી કરે છે, અને વર્તમાનનાં કર્મો જ તમારું ભવિષ્ય બનાવે છે.

આપણા ઋષિઓએ તો ત્યાં સુધી કહ્યું કે ખરાબ કર્મો તો કરશો જ નહીં પણ શુભ કર્મોનો અતિરેક પણ ના કરશો, કારણ કે તમારે આગલી જિંદગીમાં બૂરાં કર્મોનું જ ફળ ભોગવવાનું નથી પણ શુભ કર્મોનું ફળ પણ ભોગવવાનું છે. એટલે શુભ કર્મો પણ મોક્ષના માર્ગમાં આંતરાયરૂપ છે. શુભ કર્મોનું ફળ ભોગવ્યા વગર મોક્ષ પામી શકશો નહીં.

આ પ્રમાણે આજનાં શુભ કે અશુભ કર્મોનું ફળ તમને કર્મનાં બંધનમાં નાખી આ જનમનું કે આવતા જનમનું ભવિષ્ય ઊભું કરશે અને એ ભવિષ્યમાં આ શુભ અશુભ કર્મનાં ફળ ભોગવતાં ભોગવતાં તમે નવાં કર્મો કરશો. જે નવાં કર્મો તમને નવાં કર્મનાં બંધનમાં નાખશે અને નવું ભવિષ્ય ઊભું થશે આમ કર્મ તે પછી કર્મનું બંધન, પછી કર્મનું ફળ એટલે કે ભવિષ્ય અને ભવિષ્યમાં થનાર કર્મો તેનું કર્મ બંધન અને વળી નવું ભવિષ્ય. આમ તો કર્મ – કર્મફળ – ભવિષ્ય – નવું કર્મ – નવું કર્મફળ – નવું ભવિષ્ય, જેવા ગોળ ચક્કરમાં એટલે કે જન્મો-જન્મના ફેરામાં દરેક આત્મા અટવાતો જ રહે.



http://AksharNaad.com

ટૂંકમાં દરેક આત્માએ શરીર ટકાવી રાખવા અનિચ્છાએ પણ કર્મ તો કરતાં જ રહેવું પડશે અને એ કર્મો જન્મો-જન્મ નવા – નવાં કર્મોને ઊભા કરતાં રહેવાનાં આનો અર્થ તો એ થાય કે આત્મા જન્મો-જન્મ સુખ અને દુઃખ ભોગવતા જ રહે અને ક્યારેય મોક્ષને પ્રાપ્ત કરી શકે નહીં.

ભારતના મહાન ઋષિમુનિઓએ કર્મનો સિદ્ધાંત આપ્યો કર્મ કેવી રીતે કામ કરે છે તે પણ સમજાવ્યું અને આ મહાન ઋષિઓએ કર્મબંધનમાંથી છૂટવા માટે- મુક્ત થવા માટે એક અદભૂત વ્યવસ્થા કરી. આપણે ઋષિમુનિઓની આ વ્યવસ્થાને સમજીએ.

જ્યારે કોઈ એક માણસ એક વ્યક્તિની હત્યા કરી નાખે છે ત્યારે સમાજ એને ફાંસીની સજા આપે છે, પરંતુ લડાઈના મોરચે કોઈ સૈનિક ૨૦-૨૫ દુશ્મનોની હત્યા કરી નાખે છે ત્યારે સમાજ એની બહાદુરીને બિરદાવે છે અને એનું સન્માન કરે છે. એક વ્યક્તિની હત્યા કરનારનું કર્મ પાપ ગણવામાં આવે છે જ્યારે સૈનિકનું ૨૦-૨૫ વ્યક્તિઓને મારી નાખવાનું કૃત્ય પુણ્ય ગણવામાં આવે છે. એક વ્યક્તિના હત્યારાને ફાંસી આપનાર જલ્લાદે કોઈ પાપ કર્યું હોય તેમ માનવામાં આવતું નથી. ૨૦-૨૫ વ્યક્તિઓની હત્યા કરનાર સૈનિક પણ પાપી ગણાતો નથી કારણ ૨૦-૨૫ દુશ્મનોની હત્યા કરી નાખવાનો નિર્ણય તે સૈનિકનો નહોતો. હત્યારાને ફાંસી આપવાનો નિર્ણય પણ જલ્લાદનો નહોતો. તે નિર્ણય કોઈ ન્યાયાધીશનો હતો આમ કર્મના સિદ્ધાંતનો એક પેટા સિદ્ધાંત એમ કહે છે કે કર્મ કોઈ વ્યક્તિને ત્યારે જ બાંધે છે જ્યારે તે નિર્ણય તેણે કર્યો હોય.

હવે કર્મનો સિદ્ધાંત તેના આ પેટા નિયમને સાથે રાખી સમજીએ તો એવું પ્રતિપાદિત થાય છે કે સારું કે ખરાબ કર્મ ભવિષ્યમાં સારું કે ખરાબ ફળ આપ્યા વગર રહેતું નથી પણ જો કોઈ કર્મ કરવાનો નિર્ણય કર્મ કરનારનો નહીં પણ બીજી કોઈ વ્યક્તિનો છે અને કર્મ કરનાર વ્યક્તિ બીજા કોઈની આજ્ઞાનું પાલન કરી રહી છે તો કર્મનું બંધન તેવી વ્યક્તિને પકડતું નથી અને તેના સારા કે ખરાબ ફળ પણ તેણે ભોગવવા પડતાં નથી.



http://AksharNaad.com

ભારતના ઋષિમુનિઓ જાણતા હતા કે પુરુષ થોડા જનમ પુરુષ દેહ ધારણ કરે છે અને તે પછી તે સ્ત્રીનો દેહ ધારણ કરે છે તે જ પ્રમાણે સ્ત્રીઓ પણ થોડા જનમ સુધી સ્ત્રી દેહ ધારણ કરી પછી પુરુષ દેહ ધારણ કરે છે.યાદ રહે કોઈ પણ પુરુષ પૂર્ણ પુરુષ હોતો નથી કે કોઈ સ્ત્રી પૂર્ણ સ્ત્રી હોતી નથી, એટલે ૫૧% પુરુષ અને ૪૯% સ્ત્રી હોય તેવા પુરુષ સ્ત્રૈણ એટલે કે સ્ત્રી જેવા નાજુક લાગે છે અને ૫૧% સ્ત્રી અને ૪૯% પુરુષ હોય તેવી સ્ત્રી ભાયડાછાપ લાગે છે અને આવું થવાનું કારણ એમણે આ જ જનમમાં સ્ત્રીમાંથી પુરુષ કે પુરુષમાંથી સ્ત્રીનું શરીર બદલેલું છે જેમ એમનામાં પુરુષત્વ કે સ્ત્રીઅત્વ વધતું જાય તેમ તે ડેશિંગમેન કે નાજુક નમણી સ્ત્રીમાં પરિવર્તન પામે છે અને ફરી પછી રિવર્સ સાઈકલ શરૂ થાય છે.

મહાભારતમાં આનું ઉદાહરણ મળે છે. કાશીરાજાની પુત્રી અંબાને ભીષ્મપિતામહ ઉપાડીને તો લાવ્યા પણ તેની સાથે ભીષ્મપિતામહે લગ્ન ના કરતાં તે અગ્નિમાં પ્રવેશી ગઈ અને બીજા જન્મે પુરુષ થઈ શિખંડી તરીકે જન્મી અને ભીષ્મપિતામહના વધમાં કારણરૂપ બની.

એટલે જ્યારે ઋષિમુનિઓ સમાજ માટે કોઈ કાયદા કે નિયમ બનાવતાં ત્યારે તેમને બરાબર સમજ હતી કે તેઓ પણ આગલા જન્મોમાં સ્ત્રી તરીકે જનમવાના છે. એટલે તેમના દ્વારા ઘડાયેલા કોઈ પણ કાયદા કે નિયમ સ્ત્રી કે પુરુષને અન્યાય કરતા હોય શકે નહીં.

કર્મનાં જટિલ અને વર્તુળાકાર બંધનમાંથી છૂટવા આ ઋષિમુનિઓએ એક બહુ સીધી સાદી પણ અદભૂત સમાજ વ્યવસ્થા ઊભી કરી જેમાં સ્ત્રીઓએ કોઈ જ નિર્ણય લેવાના નહીં એટલી હદે કે ઘરમાં શું ખાવા બનાવવાનું છે તે પણ ઘરમાં પૂછીને કરવાનું ઘરના નાના-મોટા કે જટિલ કોઈ પ્રશ્નમાં સ્ત્રીઓ નિર્ણય ના લે કદાચ ચર્ચામાં ભાગ લે એ પોતાનું મંતવ્ય કહી દે પણ નિર્ણય એનો ન હોય.મહાભારતનાં ભીષણ યુદ્ધ અંગે કુંતી, ગાંધારી, દુર્યોધનની પત્ની ભાનુમતી કશુંક બોલી હોય તેવો પણ ઉલ્લેખ નથી. દ્રૌપદીએ પાંડવોને યુદ્ધ માટે ઉશ્કેર્યા જરૂર પણ યુદ્ધનો નિર્ણય તો કૃષ્ણ અને પાંડવોનો જ હતો.



http://AksharNaad.com

રામાયણમાં કૈકયી મહારાણી છે, રામને વનવાસ મોકલવાનું વચન માંગે છે. કૈકયીએ ઇચ્છ્યું હોત તો રામને જાતે જ વનવાસ જતાં રહેવાનું કહી શકી હોત પરંતુ જીદ કરીને પણ એ નિર્ણય તો રાજા દશરથ પાસે જ લેવડાવે છે. અહીં રામને વનવાસ મોકલવાની જીદ ભલે કૈકયીની છે પણ નિર્ણય કૈકયીનો નથી.

આટલા સંદર્ભ પછી હવે આગળની વાત જોઈએ. ભારતીય સમાજ રચનામાં સ્ત્રીઓ કોઈ નિર્ણય લેતી નહીં ચાહે તે સામાન્ય ખેડૂત પત્ની હોય કે મહારાણી હોય એટલે જે સ્ત્રીઓને સૈનિક કે જલ્લાદને લાગુ પડતો નિયમ લાગુ પડતો. જ્યારે નિર્ણય કરનાર બીજો હોય ત્યારે તે નિર્ણયના આધારે કર્મ કરનારને કર્મ બંધન બાંધતું નથી એટલે કે તેવાં કર્મ તેનું ફળ પણ આપતાં નથી. આમ તે સમયની સ્ત્રીઓ જે કોઈ સારાં-ખોટાં કર્મો કરે તેની જવાબદારી તે સ્ત્રીઓની રહેતી નહીં એટલે સ્ત્રી તરીકેનો આખો જન્મારો સ્ત્રીઓ પોતાનાં પાછલાં સંચિત કરેલાં કર્મો ભોગવે છે એટલે કે પુણ્યશાળી સ્ત્રી કોઈ રાજા – મહારાજા કે નગરશેઠને ત્યાં સોનાના હિંડોળે ઝૂલે છે જ્યારે પુણ્યહીન સ્ત્રી કોઈ ગરીબને ત્યાં દુઃખ ભરેલી જિંદગી જીવે છે. પુણ્યશાળી સ્ત્રી પોતાનાં પુણ્યનાં ફળો ભોગવી લે છે અને પુણ્યહીન સ્ત્રી પોતાનાં પાપ કર્મો ભોગવી લે છે પણ આ બંને સ્ત્રીઓ કોઈ નિર્ણય લેતી નથી એટલે પોત-પોતાનાં પાછલાં કર્મો ભોગવતી જાય છે પણ નવાં કોઈ કર્મ બાંધતી નથી. આમ આત્મા સ્ત્રી જન્મમાં નવાં કર્મો બાંધ્યા વગર પોતાનાં પાછલાં કર્મો ભોગવીને પાછલા જન્મોના કર્મનાં બંધનમાંથી મુક્તિ પામતો હતો.

આમ ઓછાં ને ઓછાં કર્મ બંધનો સાથે સ્ત્રી થોડા જન્મોમાં પુરુષના દેહમાં પરત જતી હતી અને અનેક કર્મનાં બંધનથી બંધાયેલ પુરુષ સ્ત્રી જન્મ લઈ કર્મ બંધનોમાથી મુક્ત થતો. આમ સમાજની અડધો – અડધ વસ્તી એટલે કે સ્ત્રીઓ કોઈ પણ નિર્ણય નહીં લઈ કર્મ બંધનમાંથી મુક્ત થતાં તે જ પ્રમાણે સમાજના દલિત અને ગરીબ પુરુષો પણ કોઈ નિર્ણય લઈ શકતો નહીં. તેથી તેઓ પણ કર્મ બંધનમાંથી મુક્ત થતાં ઉજળિયાત પુરુષો પણ ઘરમાં વડીલ પુરુષો હોય ત્યાં સુધી કોઈ નિર્ણય લઈ શકતા નહીં. આમ સમાજના માંડ ૮-૧૦% લોકો દરેક નિર્ણય લેતા અને બાકીના



http://AksharNaad.com

લોકો નિર્ણય નહીં લઈને કર્મમાંથી મુક્તિ મેળવતાં.

અહીં રામાયણનો એક પ્રસંગ જોઈએ. દશરથ રાજા રામને એમના ઉત્તરાધિકારી બનાવવા માંગતા હતા. આ પ્રસંગે દશરથ કુલગુરુ વશિષ્ઠજીને કહે છે કે જો આપ આજ્ઞા આપો તો મારી ઈચ્છા રામને રાજા બનાવવાની છે. અહીં દશરથ રાજા છે તેમ છતાં જાતે નિર્ણય લેતા નથી નિર્ણય લેવાની જવાબદારી કુલગુરુ વશિષ્ઠ પર છોડે છે. રાજવીઓ પણ કુલગુરુ, મંત્રીઓ અને મનુસ્મૃતિના આધારે રાજ ચલાવતા.

આમ જ્યારે સ્ત્રીઓને, ગરીબોને નિર્ણય લેવાની જ્યારે મનાઈ હતી ત્યારે સમાજમાં ઘર્ષણ ઓછું હતું. સમાજમાં ગરીબાઈ હોય તો પણ દરેક જાણ હલકું-ફૂલકું અને પ્રફુલ્લિત હતું. દરેકનો આત્મા પ્રફુલ્લિત હતો કારણકે આત્મા પર કર્મ બંધનનો બોજો ન હતો.

હવે નવો જમાનો છે. સાવ પ વર્ષનાં બાળકને પણ પોતાનું ધાર્યું કરવું છે. ઘરમાં બે કેપ્ટન કે બે સેનાપતિ છે. કોઈ રમતમાં એવું વિચારી પણ શકાય નહીં કે એક સાથે બે કેપ્ટન હોય! હા, એક કેપ્ટન હોય તો એની સાથે બીજો વાઈસ કેપ્ટન હોય શકે. વિચારો ક્રિકેટની રમતમાં એક ટીમમાં બે કેપ્ટનો છે અને બંને કેપ્ટનો એક સાથે અને એક સરખી સત્તા ધરાવે છે તો એવી ટીમ રમત જીતવાની વાત તો જવા દો, રમત રમી પણ નહીં શકે. એક કેપ્ટન એક બોલરને કહેશે કે આ છેડેથી તું બોલિંગ કર અને બીજો કેપ્ટન બીજા ખેલાડીને કહેશે કે તું બોલિંગ કર. એક કેપ્ટન કહેશે કે હવે તું બેટિંગ કરવા જા અને બીજો કહેશે કે ના એને નહીં, આને બેટિંગમાં મોકલો. જો એક ૭-૮ કલાકની મેચમાં પણ બે કેપ્ટન ના હોઈ શકે તો પછી ૨૪ કલાક ૩૬૫ દિવસની સામાજિક વ્યવસ્થામાં એક કુટુંબમાં બે મુખિયા કેવી રીતે હોઈ શકે?

હવે સંસારમાં સ્ત્રી અને પુરુષને બંનેને કેપ્ટન થવું છે પોતાનું ધાર્યું કરવું છે. એટલું જ નહીં, બંને જણાં એમ ઇચ્છે છે કે બીજું પાત્ર પણ મારું કહ્યું કરે. કુટુંબનો દરેક સભ્ય ઇચ્છે છે કે કુટુંબના બાકી બધા સભ્ય મારું જ કહ્યું કરે ત્યારે કુટુંબમાં કંકાસ થયા વગર રહેશે નહીં.

સ્ત્રીને પુરુષ સમોવડી થવું છે અને પુરુષ એને કઈ પણ કહે એ એનાથી સહન



http://AksharNaad.com

જ થઈ શકતું નથી તે સંજોગોમાં ઘર છે અને વાસણ ખખડે તેટલી હદે વાત સીમિત રહેતી નથી. ઘર સંસારો ભાંગે છે, કુટુંબ વિખેરાય છે. આમ નબળી પડેલી કુટુંબ વ્યવસ્થા સમાજ વ્યવસ્થાને અને છેલ્લે રાજ્ય વ્યવસ્થાને નબળી પાડે છે અને બધાનું પરિણામ એ આવે છે કે આખું રાષ્ટ્ર છિન્ન-ભિન્ન થાય છે. સ્ત્રીઓ કર્મનાં બંધનમાંથી મુક્ત થતી નથી એટલે એની માનસિક તાણ ઓછી થતી નથી. સામે પક્ષે નવો જન્મેલો પુરુષ પણ સખત તાણમાં જન્મે છે. આમ આખો સમાજ અઢળક સાધન-સામગ્રી અને સમૃદ્ધિ હોવા છતાં તણાવગ્રસ્ત રહે છે. પરિણામે માનસિક અશાંતિ, તણાવ, ડિપ્રેશન અને માનસિક બીમારીઓ વધતી જાય છે.

આપણે સ્ત્રી સ્વતંત્રતાનાં નામે અને સ્ત્રી અને પુરુષ સમાન છે બંને સમોવડિયાં છે એવા નવાં સામાજિક સમીકરણો ઊભાં કરી હજારો વર્ષ જૂની એક દક્ષ અને વૈજ્ઞાનિક – સામાજિક વ્યવસ્થા છિન્ન-ભિન્ન કરી નાખી છે. આપણે જ કર્મ બંધનમાંથી સહજ મુક્તિ આપતો રસ્તો તોડી પાડ્યો છે અને હવે પાછા ફરવાનો કોઈ માર્ગ રહ્યો નથી.

કોઈ સ્ત્રી મને એવો સવાલ પૂછી શકે કે કર્મ બંધનમાંથી મુક્તિ મેળવવા માટે સ્ત્રી કે પુરુષ બેમાંથી એકે નિર્ણય લેવાનો હક્ક જતો કરવાનો હોય તો શા માટે પુરુષ નિર્ણય લેવાનો હક્ક છોડતો નથી?

તો મને કહેવા દો કે સ્ત્રીની વાત સાચી છે. પુરુષો પણ નિર્ણય લેવાનો હક્ક જતો કરી સ્ત્રી સમક્ષ સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી શકે પણ આવું થવામાં બે વાત નડતરરૂપ છે, એક સ્ત્રીઓ કરતાં પુરુષો વધારે અહંકારવાદી છે તેથી તે સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી શકે નહીં, બે કુદરતે દરેક સ્ત્રીમાં એક આંતરિક ઇચ્છ મૂકી છે કે એ કોઈ પુરુષ સામે સંપૂર્ણ શરણાગતિ સ્વીકારે.

આમ પુરુષ સંપૂર્ણ શરણાગતિ માટે લાયક નથી તેથી જો પુરુષ શરણાગતિ સ્વીકારવાનો પ્રયાસ કરશે તો તે સફળ થશે નહીં અને કુદરતે સ્ત્રીમાં જે સંપૂર્ણ શરણાગતિ સ્વીકારવાનો ગુણ મૂક્યો છે તેવી શરણાગતિ સ્વીકાર્યા વગર સ્ત્રીનો આત્મા પણ પરિતૃપ્ત થશે નહીં.



http://AksharNaad.com

એક આડ વાત કરી લઈએ આજના સમાજમાં સ્ત્રીઓને તેમની જિંદગીમાં એક ન પુરાય તેવો અસંતોષ રહ્યા કરે છે, કારણ કે એ પોતાના પ્રેમી કે પતિ સામે પૂર્ણ શરણાગતિ સ્વીકારી શકતી નથી. તેમાં એને નવા સમજે ઊભો કરેલો અહમ આડે આવે છે પરંતુ સામી બાજુ સંપૂર્ણ સમર્પણ વગર તેને શાંતિ પણ મળતી નથી એટલે એ એક પ્રેમીથી બીજા પ્રેમી કે એક પુરુષથી બીજો પુરુષ તરફ તે આકર્ષાતી જાય છે. સ્ત્રી નદી છે, જેમ નદી સાગરમાં પોતાની જાતને સંપૂર્ણપણે ઓગાળી દઈ પોતાની જાત મિટાવી દે ત્યારે જ આનંદિત થાય છે, તેમ સ્ત્રી પણ સર્વસ્વ ન્યોછાવર કર્યા સિવાય પરિતૃપ્ત થતી નથી. મજાની વાત એ છે કે આવી સ્ત્રી એમ માને છે કે આ પુરુષમાં મને પરિતૃપ્ત કરવાની તાકાત નથી માટે તે બીજા પુરુષ તરફ વળે છે. અહીં સ્ત્રી ભૂલ કરે છે એની પરિતૃપ્તિ નહીં થવાનું કારણ કોઈ પુરુષ નથી પણ આત્મ સમર્પણ નહીં કરી શકવાની તેની કમજોરી છે.

આજની સ્ત્રી એક ખૂબ મોટા સંઘર્ષમાં સંડોવાઈ છે. પુરુષ સમોવડી થવા માંગે છે તેથી એ પુરુષની બરોબર ઊભી રહેવા માંગે છે. તેણે જો સમાજને બતાવવું હોય કે એ પુરુષ સમોવડી છે તો તે પૂર્ણ આત્મ સમર્પણ કેવી રીતે કરી શકે? જ્યારે તેનામાં જે સ્ત્રી જીન્સ છે તે કોઈ પણ એક પુરુષને સમક્ષ આત્મ સમર્પણ કરી એ પુરુષની જાતમાં પોતાની જાત ઓગાળી દે તેવી માંગણી કરી રહ્યા છે. સમાજનો તકાદો છે કે તું સ્વતંત્ર નારી છું, કુદરતનો તકાદો છે કે તારે સમર્પિત થઈ જવાનું છે. બહારથી આધુનિક અને ખુશ-ખુશાલ લાગતી સ્ત્રી આ બે ઘંટીનાં પડ વચ્ચે પિસાઈ રહી છે અને કેરિયરમાં ઉચ્ચતમ સફળતા છતાં જીવનમાં એ ક્યાંયની રહી નથી.

આ સંજોગોમાં ઋષિમુનિઓએ સ્ત્રીઓમાં રહેલા સમર્પણ ભાવનો ઉપયોગ કરવાનું નક્કી કર્યું અને એવી સમાજ વ્યવસ્થા સ્થાપી કે જેમાં સ્ત્રીઓ નિર્ણય ના લે.

આજના જમાનાની વાત કરીએ તો જુઓ જેમના નસીબમાં એવી પત્ની હોય કે જે નિર્ણય લેવાના પોતાના હક્કને જવા દેવા માંગતી ના હોય, તો કુટુંબ અને જીવનમાં શાંતિ માટે તે પુરુષે તેવી સ્ત્રીને આત્મ સમર્પણ કરી દઈ પોતાની જિંદગીમાં શાંતિ મેળવી લેવી જોઈએ. પરંતુ યાદ રહે કે પતિને નમાવી આત્મ સમર્પણ કરાવનારી સ્ત્રીને



http://AksharNaad.com

તે સંજોગોમાં પણ આનંદની પ્રાપ્તિ થશે નહીં.

એક અતિ વૈજ્ઞાનિક અને કુદરતી પરિબળો પ્રમાણે ઊભી થયેલી એક આખી સમાજ વ્યવસ્થાને, નવી સમાજ વ્યવસ્થા ઊભી કર્યા સિવાય છિન્ન-ભિન્ન કરી નાખવામાં આવી, જેને પરિણામે આખો સમાજ અને વિશેષ કરીને સ્ત્રીઓ નવી વ્યવસ્થામાં પણ સૌથી વધુ દુઃખી છે. કુદરતની ગતિ કેટલી ન્યારી છે જ્યાં બહારથી સ્ત્રીઓ ગુલામ દેખાતી હતી ત્યાં તે મુક્તિ તરફ જઈ રહી હતી અને અત્યારે સ્ત્રીઓ સ્વતંત્ર દેખાય છે પણ તે દુઃખ તરફ જઈ રહી છે.

****** 



http://AksharNaad.com

# ૨૫

## સંસાર સુખી રાખવા સાસુ અને પતિનું કહ્યું કર.

"જો બેટા, હવે તું સાસરીમાં જઈ રહી છે એટલે સાસુ-સસરાના કહ્યામાં રહેજે, પતિનો પડ્યો બોલ ઉપાડજે. તો જ સુખી થઈશ."

૫૦-૧૦૦ વરસ પહેલાં સાસરીએ વિદાય લેતી પુત્રીને માતા આ શિખામણ આપતી હતી, અને મને લાગે છે કે આ શિખામણ આજના જમાનામાં પણ એટલી જ કારગત છે.

સાવ સ્વભાવિક વાત છે કે પતિ-પત્નીના સંસારને સુખરૂપ ચલાવવા એક કેપ્ટન હોવો જોઈએ અને બીજાએ સામાન્ય ખેલાડી બની રમવું પડે. એક સાથે બંને જણ તો કેપ્ટન ના થઈ શકે ને.

તો મારી સૌ બહેનોને આ જ સલાહ છે કે, બેટા સાસરિયાંના કહ્યામાં રહીએ અને જિંદગીમાં સુખ-શાંતિ લાવીએ.

મારા લગ્ન થયાં. પ્રેમલગ્ન હતાં. મારી પત્ની રોજ સવારના રસોઈ બનાવવા તપેલીમાં દાળ કાઢે અને પછી એક પ્યાલામાં થોડી દાળ લઈને મારી મા જે રૂમમાં બેઠી હોય ત્યાં જાય અને કહે, "બા, આટલી દાળ લઉં?" એટલે મારી બા કાં તો તપેલીમાંથી થોડી દાળ પ્યાલામાં પાછી નાખે અથવા પવાલામાંથી થોડી દાળ લઈ તપેલીમાં નાખે.

ચોખા-શાકભાજી દરેક વસ્તુ મારી માની મંજૂરીથી જ લેવાય. મારી પત્નીની આ વાત મને સમજાય નહીં. મને થાય કે રોજ તું જ રસોઈ બનાવે છે તો તને આટલી ખબર ના પડે કે કેટલી દાળ-ચોખા લઈએ? હું એની પર આ બાબતે ગુસ્સે થાઉં તો એ મને કહે, 'તને હમણાં નહીં સમજાય.' અને થોડા મહિના પછી મને આ વાત સમજાઈ ગઈ. અમારે કોઈ વાત પર ઝગડો થયો અને હું મોટેથી બૂમો પાડી અને લડવા માંડ્યો તો મારી માં કહે, 'તારે એને લડવાનું નહીં, તને એની જોડે ફાવતું ના હોય તો ઘર છોડીને જતો રહે. હર્ષા

તો મારી સાથે જ રહેશે. હવે મને સમજાયું કે હર્ષા તો મારી માંની કહ્યાગરી દીકરી હતી એટલે મા તો એનો જ પક્ષ લે ને!

મારી પણ બધી પત્નીઓને સલાહ છે કે બહાર જવાનું હોય તો તૈયાર થતાં પહેલાં તમારે શું પહેરવાનું તે પણ પતિને નક્કી કરવા દેજો, તમારે પતિને પૂછીને જ બહાર જવાના કપડાં નક્કી કરવાનાં છે પણ તે કેવી રીતે નક્કી કરવાનાં તે સમજી લો. પત્નીએ પતિને પૂછ્યું કે 'હું શું પહેરું?' એટલે પતિએ કહ્યું, 'પેલું મુંબઈથી જે નવો ડ્રેસ લાવ્યા છે તે.' પત્ની કહે, 'એ ડ્રેસ તો બહુજ સરસ છે પણ આપણે નાતનાં ફંક્શનમાં જઈએ છીએ અને બા પણ જોડે આવે છે ત્યારે સાડી પહેરી તો સારું લાગે પછી તમે કહો તેમ.' પત્ની કહે, 'કઈ સાડી પહેરું?' પતિએ કહ્યું, 'ભૂરી સાડી પહેર.' પત્નીએ કહ્યું કે, 'રાતના જવાનું છે એટલે એ ભૂરી સાડી બહુ જામશે નહીં.' પતિએ કહ્યું, 'પીળી પહેર.' પત્નીએ કહ્યું, 'એનો બ્લાઉઝ મળતો નથી.' પતિ કહે ગ્રીન તો કેહવાનું એનો ચણિયો લાવવાનો બાકી છે, પતિ કહે મરૂન તો કેહવાનું કે, બહેન પણ એવોજ કલર પેહરવાના છે, અને જ્યારે પતિ કહે ગુલાબી તો આપણે કેહવાનું બસ તમે કહ્યું તો ગુલાબી જ પહેરીશ.

સવારના પતિદેવ છાપું વાંચતાં બેઠા હોય તો તમારે પૂછવાનું કે શું ખાવાનું બનવું ? પતિદેવ કહે કે, " ચણા અને ભાખરી બનાવ" તો કહેવાનું કે,"ચણા શનિવારે બનાવશું". કહે,"મગ ભાખરી તો કહેવાનું કે,"બુધવારે બનાવીએ તો?" પતિ કહે,"કઢી ભાત બનાવ" તો કહેવાનું કે "જાઓ છાસ લઈ આવો" પતિ કહેશે કે "સારું દાળ ભાત શાક બનાવ" તમારે કહેવાનું કે,"સારું આપ કહો છો તો દાળ-ભાત બસ"

આમ કોઈ પણ બાબત હોય પતિ કે સાસુની રજા લીધા સિવાય તમારે કશું કરવાનું નહીં. જ્યાં સુધી તમે નક્કી કર્યું હોય તે જવાબ ના આવે તમારે બહાના કાઢતા જવાના અને આખરે ધાર્યું તો તમારું જ કરવાનું પણ પતિ કે સાસુને સધિયારો આપતા રહેવાનો કે ઘરમાં બધુ તમને પૂછીને જ કરું છુ.સરવાળે સાસરિયાં પણ ખુશ કે વહુ બહુ કહ્યાગરી.અને તમે પણ ખુશ!

******



http://AksharNaad.com

# ૨૬

## શિક્ષકોને વિદ્યાર્થીઓને મારવાનો હક્ક હોવો જોઈએ.

તાજેતરમાં અમદાવાદની એક શાળામાં એક વિદ્યાર્થી મોડો આવ્યો. પીટીનો પિરીયડ હતો. પીટી શિક્ષકે આ વિદ્યાર્થીને ગ્રાઉન્ડના ત્રણ રાઉન્ડ લગાવવાનું કહ્યું. બીજા રાઉન્ડમાં એ વિદ્યાર્થી પડી ગયો અને દવાખાનામાં લઈ જતાં તે મૃત્યુ પામ્યો. શિક્ષક સામે ફરિયાદ નોંધાઈ અને શિક્ષક જેલમાં છે.

શાળામાં વિદ્યાર્થીઓને મારવા સામે પ્રતિબંધ આવી ગયો છે અને વિદ્યાર્થીઓને નાની-મોટી શિક્ષા કરનાર શિક્ષકો જેલ ભેગા થાય છે. શિક્ષકો બાળકો પર ત્રાસ ન ગુજારે તે સમજાય એવી વાત છે, પણ શિક્ષકે વિદ્યાર્થીને ટપલી પણ નહીં મારવાની, એ વાત અમને તો સમજાતી નથી.

અમારી વખતે તો શિક્ષકો આંકણી લઈ મારે, ફૂટપટ્ટીથી મારે, છુટ્ટાં ડસ્ટર મારે, ભીંતમાં માથાં પછાડે, બેંચ ઉપર ઊભા કરી દે અને આખો દિવસ બેંચ પર ઊભા-ઊભા ભણવાનું.

હું વડોદરાની ન્યુ ઈરા હાઇસ્કૂલમાં ધો. ૫-૬-૭ ભણેલો. સ્કૂલમાં પેસીએ ત્યારથી જ માનસિક તૈયારી હોય માર ખાવાની.

પ્રિન્સિપાલ વહિયાસાહેબ તો ભગવાનના માણસ, પણ વાઈસ પ્રિન્સિપાલ દવે સાહેબ. આ દવે સાહેબ રોજ પ્રવેશદ્વાર પાસે જ ઊભા રહે, અંદર આવતાં વિદ્યાર્થીઓનું માથું એ પસંદ કરતા જાય, દવે સાહેબ આપણને બાજુ પર કાઢે એટલે સમજવાનું કે માર પડવાનો છે. પછી મારવાનું શરૂ કરે. બે-ત્રણ-ચાર ઝાપટો પડે, પણ ખબર ના હોય કે કેમ મારે છે, પછી કહે, 'સાલા, બાંયો ચડાવીને ફરે છે, તે ગુંડો થઈ ગયો છે?' પ્રાર્થના પૂરી થઈ જાય પછી શાળાએ પહોંચીએ એટલે બે-ત્રણ શિક્ષકો ઊભા હોય, તેમના હાથનો માર ખાઈને જ ક્લાસમાં જવાનું.

હોમવર્ક ન કર્યું હોય એટલે માર પડે, અક્ષર ગંદા હોય તો માર પડે, દાખલા ખોટા કરીએ તો માર પડે, કોઈ ક્લાસમાંથી આપણા વિરુદ્ધ ફરિયાદ કરે એટલે માર



http://AksharNaad.com

પડે,આગલા દિવસે રજા પાડી હોય તો પણ માર પડે.

ન્યુ ઈરા હાઈસ્કૂલનાં અગિયારમા ધોરણના વિદ્યાર્થીને આઠમા ધોરણથી લઈને બારમા ધોરણ સુધીના બત્રીસે-બત્રીસ પ્રમય મોઢે જ હોય, કારણ કે એક પણ પ્રમેયમાં ભૂલ પડે, કે તરત જ છુટ્ટું ડસ્ટર આવીને માથે વાગે. ઘણીવાર તો બીજા છોકરાને પણ વાગી જાય.

સૌથી ખરાબ શિક્ષા હતી વર્ગ બહાર ઊભા રહેવાની. વિદ્યાર્થીને વર્ગની બહાર ઊભેલો જોઈને આવતાં-જતાં દરેક શિક્ષક મારતા જાય. પોતાના ક્લાસમાં ભણાવતાં-ભણાવતાં પણ શિક્ષક વર્ગની બહાર આવીને જોઈ લે કે, બીજા કોઈ શિક્ષકે કોઈ વિદ્યાર્થીને વર્ગની બહાર તો કાઢ્યો નથી ને? આવો વિદ્યાર્થી નજરે પડે એટલે એ શિક્ષક ઈશારો કરી તે વિદ્યાર્થીને પોતાના ક્લાસ પાસે બોલાવે અને આપણે ચુપચાપ દાદરા ઊતરીએ શિક્ષક પાસે જઈને માર ખાઈ આવવાનો. મજાની વાત તો એ કે આ શિક્ષક તમને કદી પણ પૂછે નહીં કે કેમ બહાર કાઢ્યો છે? તારો વાંક ગુનો શું?

શાળામાં મને સૌથી વધારે મારનાર ધોરણ ૫ અને ૬ના અમારા વર્ગશિક્ષક રામચંદ્ર રાનડે, જે આજે મારા સૌથી પ્રિય ગુરુ છે. મારા જીવન ઘડતર માટે હું મારા મા-બાપ કરતાં રાનડે સરને વધુ શ્રેય આપું છું.

ધોરણ ૫માં વર્ગશિક્ષક રાનડે સર અને તેઓ આખી સ્કૂલમાં સૌથી મારકણા શિક્ષક. હું વેકેશનમાં જ બધાં પુસ્તકો મોઢે કરી નાખું અને ગણિત પણ મોટાભાઈઓ પાસે શીખી લઉં. મને એવી ટેવ કે હું કોઈ દિવસ કોઈ પણ વિષયનું લેશન કરું જ નહીં. હું શિક્ષકને કહું કે આપ મને જે સવાલ પૂછવો હોય તે પૂછો કે જે દાખલો ગણાવવો હોય તે ગણાવી લો પણ હું લેશન નહીં કરું. બીજા શિક્ષકોએ તો મારી હોશિયારી જોઈ લેશન કરવામાંથી મુક્તિ આપી દીધી પણ રાનડે સર કહે, 'લેશન તો કરવું પડે. ક્લાસમાં આવતાંની વારમાં જ લેશન નહીં લાવેલાઓને ઊભા થવાની સૂચના આપે અને જેટલાં ઊભાં થાય તે બધાંને ઝૂડી નાખે. સૌથી વધારે મને માર પડે કારણ કે લેશન નહીં લાવવાનું હું કોઈ કારણ આપી શકું નહીં.

ધોરણ ૫માંનો એ છેલ્લો દિવસ હતો. બધા મિત્રોએ મને વિદાય ભાષણ આપવાનું કહ્યું. હું ટેબલ પર ચઢી ગયો અને નાનકડા ભાષણમાં મેં કહ્યું, "આવતી સાલ બીજા જે સર આવે તે, આ હિટલરથી તો છૂટ્યા." વેકેશન પછી સ્કૂલ ખુલી સ્કૂલમાં



http://AksharNaad.com

પહોંચ્યા ત્યારે ખબર પડી કે રાનડે સરને પ્રમોશન આપી છઠ્ઠા ધોરણના વર્ગશિક્ષક બનાવવામાં આવેલા. સર ક્લાસમાં આવ્યા અને મને કહે, "જીતુ, પમાં ધોરણમાં જે વિદાય ભાષણ આપ્યું હતું તે મને તો સંભળાવ." એટલે કોઈ વિદ્યાર્થીએ રાનડે સરના વહાલા થવા ચાડી ખાધેલી તે વાત નક્કી થઈ. મેં ઊભા થઈ વિદાય ભાષણ શરૂ કર્યું તો મને કહે, "ટેબલ પર ઊભા થઈને." મને ખાતરી હતી કે આજે પહેલા જ દિવસે બહુ માર પડવાનો, છતાં મેં સરની હાજરીમાં કહ્યું કે બીજા જે કોઈ શિક્ષક આવશે તે આ હિટલરથી તો છુટકારો થયો.

રાનડે સર હાથમાં ફૂટપટ્ટી લઈને ઊભા હતા અને હું પણ માર ખાવા બિલકુલ તૈયાર ઊભો હતો પણ રાનડે સરે કહ્યું નીચે ઉતર અને તારી જગ્યા પર જઈને બેસ. મને જ નહીં આખા ક્લાસને આશ્ચર્ય થયું કે રાનડે સરે માર્યા વગર જવા દીધો. મારા બેસી ગયા પછી રાનડે સર કહે, "ખરેખર હું તમને બધાંને બહુ મારુ છું? ભલે તમને ગમે કે ના ગમે હું તો આ વર્ષે પણ તમને મારવાનો. ભલે રાનડે સરે મારવાનું તો ના છોડ્યું પણ એમનો હાથ પહેલા કરતાં નરમ ચોક્કસ પડી ગયો. આ જ રાનડે સર જીવ્યા ત્યાં સુધી હું નિયમિત એમને ઘેર જતો. અવાર નવાર સાથે જમતો અને સાચે જ એમણે મને આખી જિંદગી ખૂબ પ્રેમ આપ્યો.

પહેલાં શાળામાં માર પડવો એ સામાન્ય ગણાતું. વળી, સ્કૂલમાં માર્યાની ફરિયાદ લઈને કોઈ ઘેર ન આવે કે, કેમ માર્યો. પણ ભૂલેચૂકે ઘરે ખબર પડે કે શાળામાં માર પડ્યો હતો, તો ઘરે પણ ખૂબ માર પડે.

હું જ્યારે કોલેજમાં આવ્યો અને પોલીસ જોડે અથડામણો શરૂ થઈ, પકડા-પકડી શરૂ થઈ ત્યારે મને ન્યુ ઈરા હાઈસ્કૂલના શિક્ષકોની તાકાતનો અંદાજ આવ્યો કે, તેમના જેટલું તો પોલીસો પણ નથી મારી શકતા. તે સાથે જ પોલીસનો ડર મારા મગજમાંથી નીકળી ગયો.

હવે વિશ્વભરમાં વિદ્યાર્થીઓને મારવા સામે પ્રતિબંધો લગાડી દેવાયા છે. મા-બાપો ખુશ છે કે હવે મારા બાળકોને સ્કૂલમાં મારવામાં નહીં આવે.

હું વાલીઓને ચેતવવા માગું છું. આ કાયદાઓ તમારાં બાળકોનાં હિતમાં નથી લાવવામાં આવ્યા. દુનિયાભરની સરકારોએ અબજો રૂપિયા ખર્ચીને સંશોધનો ચલાવ્યાં, પછી તેમને ખબર પડી કે તમારે નાગરિકોને કહ્યાગરા, માયકાંગલા અને



http://AksharNaad.com

ડરપોક બનાવવા હોય તો શાળાઓમાં તેમને મારવાનું બંધ કરાવો. શાળાઓમાં શિક્ષકોનો માર ખાઈ-ખાઈને વિદ્યાર્થીઓ ખડતલ અને લડાયક બની જાય છે. એમને મારનો અને સરકારનો ડર જતો રહે છે. પોલીસથી તે ડરશે નહીં. જે નાગરિક પોલીસથી નહીં ડરે તે સરકારથી શાથી ડરે?

શાળામાં બાળકોને નહીં મારવા માટે શિક્ષણવિદ મોન્ટેસરીનું તો નામ આગળ કરાયું છે, પણ ટોટલ પ્લાનિંગ અમેરિકા અને યુરોપિયન દેશોનું છે. તમામ નાગરિકોને નિર્માલ્ય બનાવી દેવાનું આ કાવતરું છે.

હવે ધીમે-ધીમે એવા કાયદા આપણા દેશમાં આવી રહ્યા છે જે અત્યારે પરદેશમાં છે. બાળકોને ઘરમાં પણ મારવા-વઢવાનું નહીં. બાળક ફોન કરી પોલીસને કહે કે મને માર્યો કે શિક્ષા કરી, તો બાળકને સરકાર લઈ જાય, તમને વોર્નિંગ આપે. બીજી વાર આમ થાય તો જામીન આપો, અને પછી જાવ જેલમાં.

પહેલાંના જમાનામાં ભારતમાં વિદ્યાર્થીઓ ગુરુના આશ્રમમાં ભણવા જતા હતા. ગુરુ એની પાસે અઘરામાં અઘરું કામ કરાવે. રાજાનો રાજકુમાર હોય કે ગરીબ બ્રાહ્મણનો છોકરો, બધા માટે એક જ નિયમ. લાકડાં કાપવાં, પાણી ભરવું, દળણાં દળવાં, આશ્રમમાં રસોઈ કરવી, ખેતી કરવી, ગાયો ચરાવવી, જે મળે તે ખાઈ લેવું અને હાથનું ઓશીકું કરીને જમીન પર સૂઈ જવું. જિંદગીનાં શરૂઆતનાં પચ્ચીસ-પચ્ચીસ વરસ સુધી આકરામાં આકરું જીવવાનું. આ રાજકુમાર જ્યારે રાજા બનતો ત્યારે ગરીબ માણસોનાં દુઃખ સમજી શકતો એટલું જ નહીં રાજપાઠ હારી એકલો અટૂલો જંગલમાં અટવાતો ત્યારે પણ તે દુઃખી થતો નહીં. કારણ કે એ પહેલા ૨૫ વર્ષ હાડમારીમાં જ જીવ્યો છે.

અને હવે આપણે આપણાં ભણતાં બાળકોને રાજકુમાર બનાવી દીધાં છે. બાપ બેંકમાં પટાવાળો હશે, તો પણ કોલેજમાં જતા છોકરાને મોટરસાઇકલ અપાવી દેશે. મધ્યમ વર્ગનો બાપ પણ ભણતાં છોકરા-છોકરી માટે એ.સી. રૂમ બનાવી આપશે. કોમ્પ્યુટર-લેપટોપ-મોબાઇલ અને ખાસ્સી મોટી ખિસ્સાખર્ચી.

આજે તમે સામાન્ય પરિવારના વિદ્યાર્થીને રાજા-મહારાજની જેમ ઉછેરો છો, પછી જિંદગીમાં જ્યારે એને મુશ્કેલીઓ અને ત્રાસ પડે છે ત્યારે એ તૂટી જાય છે. એને જીવન અકારું લાગે છે. બોર્ડની પરીક્ષામાં ઓછા માર્કસ આવશે તેની બીકે તે



http://AksharNaad.com

આત્મહત્યા કરી લે છે. સ્કૂલમાં એક છોકરી એની સામે છેડતીની ફરિયાદ કરે, તો મારું શું થશે, તેની બીકે તળાવમાં પડતું મૂકે છે.

નાગરિક પોતાની સામે અવાજ ના ઉઠાવે, ગુલામ થઈને જીવે તે માટે આપણી સરકારો બાળકોના હક્કનાં નામે તેમને મારવા સામે કાયદાઓ લાવી રહી છે. આ કાયદા બાળકોના, વાલીઓના કે સમાજના હિત માટે નથી લવાતા. તાનાશાહ સરકારોને બચાવવા માટે લવાય છે.

આ કાયદાઓથી તમારાં બાળકોને રક્ષણ તો નથી મળવાનું. ઊલટાનાં એ નક્કામાં, બાપડાં અને કરોડરજ્જુ વગરનાં થઈ જવાનાં છે.

રોમમાં બાળકો સાત વર્ષનાં થાય એટલે એક નક્કી કરેલી પહાડી પરથી નીચે ફેંકી દેવામાં આવતાં. જે જીવતો રહેતો, તે જ નાગરિક બનતો. જે ગુજરી જતો, તેને મા-બાપ રોમન સમાજ માટે ભારરૂપ હોવાનું માની ભૂલી જતાં. આવા મજબૂત નાગરિકોને કારણે જ રોમ વર્ષો સુધી વિશ્વનું એક શક્તિશાળી રાજ બની ઊભું રહયું.

મારી તો સરકારને વિનંતી છે કે દરેક ગામ અને શહેરમાં થોડીક એવી સ્કૂલો પણ રાખો કે જે સ્કૂલોમાં વિદ્યાર્થીઓને મારવાની છૂટ હોય મારા જેવા ઘણાં મા-બાપ એમનાં છોકરાંઓને આવી સ્કૂલમાં જરૂર દાખલ કરશે.

આવો ફરીથી વાત કરીએ પેલા, અમદાવાદમાં ગ્રાઉન્ડના ત્રણ ચક્કર મારતાં મરી ગયેલા વિદ્યાર્થીની. સારું થયું આ ૧૬ વર્ષનો વિદ્યાર્થી ગ્રાઉન્ડનાં ત્રણ ચક્કર મારતાં હાર્ટએટેકથી મૃત્યુ પામ્યો, જો તેને આવી સજા ના કરી હોત તો તે કદાચ સુહાગરાતે જ એ તેની પત્નીની છાતી પર ગુજરી ગયો હોત.

******



http://AksharNaad.com

# ૨૭

## ભારતમાં દલિતોના સૌ પહેલા ઉધ્ધારક કોણ?

ભારતમાં દલિતોના નેતાની વાત આવે ત્યારે એ બાબાસાહેબ આંબેડકરથી શરૂ થતી હોય છે અને બીજાં ત્રણ ચાર નામો સાથે પૂર્ણ થઈ જતી હોય છે. મારા વિચાર પ્રમાણે ભારતમાં દલિતોના સૌથી પહેલા મસીહા કોઈ થયા હોય તો તે છે મહર્ષિ વિશ્વામિત્ર.

ભારતવર્ષમાં એમ તો અનેક મહાન મહર્ષિઓ થઈ ગયા. પરંતુ ભારતીય સંસ્કૃતિમાં જે બે મહાન ઋષિઓનાં નામ દરેક યુગ અને દરેક સમયે નજરે પડે છે તો તે છે એક વસિષ્ઠ અને બીજા વિશ્વામિત્ર. ભારતમાં બીજા તો અનેક સમર્થ ઋષિઓ થયા, પણ ભારતવર્ષના ઈતિહાસમાં આ બે ઋષિઓ જેટલું યોગદાન ભાગ્યે કોઈ અન્ય ઋષિનું હશે.

વસિષ્ઠ અને વિશ્વામિત્રનો ઉલ્લેખ રામાયણમાં પણ આવે છે અને મહાભારતમાં પણ છે, એટલે કોઈક એવી દલીલ પણ કરે કે, કોઈનું પણ આટલું બધું આયુષ્ય હોઈ શકે નહીં. વાસ્તવમાં આ બંને પરંપરાઓ છે. આ પરંપરામાં જે કોઈ ઋષિ થતા એ વસિષ્ઠ અને વિશ્વામિત્રનાં નામે જ ઓળખાતા. જેમ આજે પણ જગતગુરુ શંકરાચાર્યની પરંપરામાં દરેક નવા આચાર્યને શંકરાચાર્ય તરીકે જ ઓળખવામાં આવે છે.

આર્યો ક્યાંથી ભારત આવ્યા એ અંગે મત-મતાંતરો છે. કેટલાંક તો એવું માને છે કે આર્યો મૂળથી જ ભારત વર્ષના જ રહેવાસી હતા, આર્યો ભારત બહારથી આવ્યા જ નથી. પરંતુ મારો મત એવો છે કે આર્યો હજારો વર્ષ પહેલાં અફઘાનિસ્તાન થઈ ભારત આવ્યા. આર્યો પાસે અશ્વ હતા, આર્યો ખૂબ ઉમદા અશ્વસવાર હતા, અશ્વ પર બેસી યુદ્ધ કરવામાં નિપુણ હતા. તેમનાં શસ્ત્રો પણ વધુ સચોટ હતાં. એમનાં ધનુષબાણ પણ અત્યંત આધુનિક હતાં એટલે ભારતવર્ષની મૂળ પ્રજા દ્રવિડિયનો આર્યો સામે ટકી શક્યા નહીં એટલે આર્યોએ હાલનું પાકિસ્તાન, કાશ્મીર, પંજાબ અને

ઉત્તર ભારતમાંથી દ્રવિડ પ્રજાને દક્ષિણમાં ધકેલી દીધી. ગોરા, રૂપાળા, ખૂબ ઊંચા, ભૂરી આંખવાળા આર્યોને નીચા, પાતળા, દુબળા, કાળા અને અશિક્ષિત દ્રવિડો માટે કોઈ માન તો હતું જ નહીં પણ ભારો-ભાર તિરસ્કાર હતો.

એ સમયે નર્મદા નદીથી ઉપરના ભાગે આવેલો પ્રદેશ આર્યાવર્ત કહેવાયો જ્યારે નર્મદાની દક્ષિણે આવેલ પ્રદેશ દ્રવિડ સ્થાન કહેવાયું. ખૂબ મોટી સંખ્યામાં દ્રવિડો આ આર્યવ્રતમાં રહેતા હતા પણ તેમનું સમાજમાં સ્થાન ગુલામોથી સહેજ જ સારું હતું. પશ્ચિમના દેશોની જેમ ગુલામનાં છોકરાં ગુલામ અને ગુલામને મારી નાખવાનો હક્ક પણ માલિકને ખરો એવી વાત તો અહીં દેખાતી નથી પણ દ્રવિડોને આર્યોએ સમાજના ચોથા વર્ણ તરીકે ક્ષુદ્ર સમાજમાં સ્થાન આપ્યું. આ ક્ષુદ્રો સાથે રોટી અને બેટીનો વ્યવહાર સંપૂર્ણ નિષેધ હતો. એમને આર્યોની કોઈ વિદ્યા શીખવા સામે પણ નિષેધ હતો. આજે આપણે જેને નાગરિક હક્કો કહીએ છે તેવા કોઈ નાગરિક હક્કો આ દ્રવિડો કે ક્ષુદ્રોને નહીં.

બીજી બાજુ દક્ષિણમાં આ દ્રવિડોએ મોટાં રાજ્યો ઊભાં કર્યાં, સંપૂર્ણ સમાજ વ્યવસ્થા ઊભી કરી અને અનેકવાર આર્યો અને દ્રવિડો વચ્ચે નાનાં મોટાં યુદ્ધો પણ થતાં રહ્યાં. આ સમયે બે વિચારસારણી ઊભી થવા માંડી જેમાં અગ્રેસર હતા બ્રહ્મર્ષિ વશિષ્ઠ, તેઓ બ્રાહ્મણ હતા અને તે સમયના શક્તિશાળી રાજાના તેઓ કુલગુરુ હતા. બ્રહ્મર્ષિ વશિષ્ઠનો મત હતો કે આર્યોએ શુદ્ધતમ અને શક્તિશાળી સમાજ વ્યવસ્થા ઊભી કરવી હોય તો અનાર્યો સાથે કોઈ પણ જાતનો સામાજિક વ્યવહાર રાખી શકાય નહીં. બ્રહ્મર્ષિ વશિષ્ઠે આદેશ બહાર પાડ્યા કે જો કોઈ આર્ય સ્ત્રી અનાર્ય સાથે લગ્ન કરે તો તે બંનેને તત્કાળ સિરચ્છેદ કરવો અને જો કોઈ આર્ય પુત્ર અનાર્ય કન્યા સાથે લગ્ન કરે તો અનાર્ય કન્યાનું વધ કરવો.

સામાપક્ષે એક ઉદારતમ વિચારસરણી આકાર લઈ રહી હતી. એ વિચારસરણી માનવતાવાદી હતી અને એ વિચારસરણી હતી વિશ્વામિત્રની. વિશ્વામિત્ર જન્મે ક્ષત્રિય હતા. ખૂબ કઠિન તપસ્યા પછી તેઓ બ્રહ્મર્ષિ પદને પામ્યા. તે સમયે વિશ્વામિત્રનો મત હતો કે આ દબાયેલા, કચડાયેલા દ્રવિડોને આર્ય સમાજમાં સમાવી લેવા જોઈએ એટલે કે અનાર્યો સાથે રોટી-બેટીનો વ્યવહાર થવા દેવો જોઈએ.



http://AksharNaad.com

અનાર્યોને પણ આર્ય વિદ્યા ભણાવવી જોઈએ, એમને પણ સુસંસ્કૃત કરવા જોઈએ. અનાર્યોને પણ સમાનતાનો અધિકાર છે, નાગરિક હક્કોનો અધિકાર છે. વિશ્વામિત્ર તે સમયે ૧૦ રાજ્યોના કુલગુરુ હતા પરંતુ આ ૧૦ રાજાઓ પણ વશિષ્ઠના અનુયાયી પુરૂ રાજાની સરખામણીમાં શક્તિશાળી નહીં. વિશ્વામિત્રના મતને માનનારા રાજાઓએ વિશ્વામિત્રને ઉદારચિત્ત, માનવતાવાદી અને સમાનતાના સિદ્ધાંત પર ઊભેલા સુધારાવાદી વિચારોનો અમલ શરૂ કર્યો. વશિષ્ઠ ઋષિએ આ સુધારણા અમલ કરવા સામે આ રાજાઓને અને વિશ્વામિત્રને મનાઈ ફરમાવી અને જો આ સુધારા લાગુ પાડવામાં આવશે તો મહાયુદ્ધની ધમકી પણ આપી.

વિશ્વામિત્ર અને તેમના સાથીદાર ૧૦ રાજાએ સુધારાવાદી વિચારો પર અડગ રહ્યા. વરિષ્ઠ અને પુરુની ધમકીને વશ થયા વગર અનાર્ય સાથે સમાનતાનાં ધોરણે સંબંધો બાંધવાની શરૂઆત કરી. વશિષ્ઠે પુરૂને આ દશે રાજાઓ ઉપર આક્રમણ કરવા આદેશ આપ્યો અને ભારતવર્ષના સૌથી પહેલા મહાયુદ્ધની શરૂઆત થઈ. પુરૂ રાજાની સેના મહાશક્તિશાળી હતી તેણે દશે રાજાઓને હરાવ્યા તેમના પ્રદેશો જીતી લીધા. આ યુદ્ધમાં વિશ્વામિત્રનાં ખૂબ નજીકનાં સગાં સંબંધીઓને પણ મારી નાખવામાં આવ્યાં. યુદ્ધની હારથી વ્યથિત વિશ્વામિત્ર આર્યવ્રતના મધ્ય ભાગમાંથી ખસી સાવ છેવાડાના ભાગે એટલે કે નર્મદા કિનારા તરફ ચાલ્યા ગયા. અહીં એમણે પાવાગઢ, વડોદરાની મધ્યમાં આવેલ આટકોટ (અકોટા) અને કાયા અવરોહણ એટલે હાલનું કારવણ આ પ્રદેશમાં સ્થાયી થયા.

આમ વિચારસરણીના આ મેદાની યુદ્ધમાં વિશ્વામિત્ર બહુ ભૂંડી રીતે પરાજિત થયા એમનું સર્વ ઐશ્વર્ય લૂંટાઈ ગયું અને એકલા અટૂલા આ વડોદરાની પાવન ભૂમિ પર વિચરણ કરતા રહ્યા. હવે કુદરતનો ખેલ જુઓ યુદ્ધ તો વશિષ્ઠ જીત્યા, થોડાક સમય માટે વિશ્વામિત્રની દલિત ઉદ્ધારક વિચારસરણી પાછળ ધકેલાઈ ગઈ. પણ છેવટે તો વિશ્વામિત્રની સર્વેસમાવીસ વિચારસરણી આખા સમાજે સ્વીકારી. આજે દ્રવિડો અને આર્યોની એકતામાંથી ભારતવર્ષ ઊભું થયું છે. નથી હવે એ આર્યાવર્ત કે નથી દ્રવિડ સ્થાન, માં નર્મદા તો આજે પણ વહે છે પણ હવે એ સરહદ તરીકે નહીં પણ બે મહાન પ્રજાને જોડતી પાવન માતા તરીકે વહી રહી છે.



http://AksharNaad.com

દસ રાજાનાં આ યુદ્ધને પરિણામે મહર્ષિ વિશ્વામિત્રએ આર્યવ્રતનાં કેન્દ્રને છોડી સાવ છેવાડાના વડોદરામાં આવી નિવાસ કર્યો અને મહર્ષિએ આધ્યાત્મિક જગતમાં કેવાં સાહસો કર્યાં, વિજય પામ્યા, સૃષ્ટિ રચયિતા બ્રહ્માને પડકાર આપી નવા સ્વર્ગની રચના કરી, દેવોને પરાજિત કર્યા અને નવી જીવસૃષ્ટિની ઉત્પતિ કરી, તેનું વડોદરા સાક્ષી બન્યું તેની વાત બીજી કોઈવાર.

—————— ****** ——————

# ૨૮

## શું ઋષિઓ દાનવના જન્મદાતા હતા?

રામાયણમાં રામચંદ્રજી અનેક દાનવોના વધ કરે છે તેવી કથાઓ છે. મહાભારતમાં પણ હિડંબા અને બકાસુરની કથા આવે છે.જે બંનેનો વધ ભીમ કરે છે.

પણ હવે શાસ્ત્રો-પુરાણોમાં વર્ણવેલા દાનવો આપણને ક્યાંય દેખાતા નથી. અર્વાચીન ઈતિહાસમાં પણ એમનો કોઈ ઉલ્લેખ જોવા નથી મળતો.

તો પછી પુરાણોમાં જેનો ઉલ્લેખ છે તે દાનવો શું માત્ર લેખકોની કલ્પના જ હતી કે પછી દાનવોનો સત્યાનાશ થઈ ગયો? ડાઈનોસોરની જેમ એમની આખી પેઢી જ ખલાસ થઈ ગઈ કે શું?

બહુ ઊંડાણથી વિચારીએ, ત્યારે એવું લાગે છે કે આપણાં મહાભારત કે અન્ય પુરાણોમાં ભલે થોડીઘણી વિસંવાદિતા અને અતિશયોક્તિ હોય તેવું લાગે છે, પણ આપણા ઋષિ-મુનિઓએ એ રીતે તે સમયનો સાચો ચિતાર આપવાનો જ પ્રયાસ કર્યો હતો.

મહાભારતમાં જે સંજયદૃષ્ટિની વાત આવે છે, તે સંજય હસ્તિનાપુરમાં બેઠા-બેઠા મહાભારતનું યુદ્ધ નજરે જોતા હતા અને તેનું લાઈવ ટેલીકાસ્ટ ધૃતરાષ્ટ્રને સંભળાવતા હતા.આજથી સો વર્ષ પહેલાં આ વાત કવિની કલ્પના લાગતી હતી, પરંતુ હવે દરેક ઘરમાં આ સંજયદૃષ્ટિ –ટેલિવિઝન હાજર છે અને આપણે દુનિયાભરની વાતો લાઈવ જોઈ રહ્યા છીએ.

દોઢસો વર્ષ પહેલાં રામાયણનું પુષ્પક વિમાન પણ કલ્પના જ લાગતી હતી. આજે રોજ કરોડો લોકો વિમાનમાં ઊડીને સફર કરતા હોય છે.

તો પછી અતિશક્તિશાળી –ઈચ્છાધારી રૂપ ધારણ કરી શકનાર દાનવો-રાક્ષસો પણ એ જમાનાનું સત્ય હશે જ, તો પછી આ દાનવો-રાક્ષસો ગયા ક્યાં? આજના આપણા આ જમાનામાં દાનવો-રાક્ષસો કેમ દેખાતા નથી?

એ સમયની અન્ય એક વાત પણ મને બહુ આશ્ચર્ય પમાડે છે. આ દાનવો-



http://AksharNaad.com

રાક્ષસોનો ઉલ્લેખ જે પુરાણોમાં છે, તે જ પુરાણોમાં ઋષિઓનો ઉલ્લેખ પણ બહુ આવે છે. આજે એવા ચમત્કારી, દેવો અને ઈશ્વરને પણ "રુક જાવ" કહી દેનાર ઋષિઓ પણ નજરે પડતા નથી. ભૃગુ ઋષિની કથા છે કે, તેમણે વિષ્ણુ ભગવાનને પણ લાત મારી દીધી હતી અને રામ, કૃષ્ણ અને દેવો પણ દુર્વાસા ઋષિના શ્રાપથી ગભરાતા હતા. રામ-લક્ષ્મણનાં મૃત્યુ સાથે દુર્વાસા ઋષિ જોડાયેલા હતા.

આ બંને બાબતોની સામ્યતા મને બહુ રોમાંચિત કરી રહી છે કે, દાનવો અને ઋષિઓ સમકાલીન હતા. અને જે રીતે અતિ શક્તિશાળી ઋષિઓ પૃથ્વી પર નથી, તેની સાથે-સાથે દાનવો પણ પૃથ્વી પર નથી.

તો પછી ઋષિ અને દાનવોને જોડતી કોઈ કડી હોઈ શકે? આ વાતનો જવાબ કાંઈક આવો હોય એવું મને લાગે છે.

પણ એ પહેલાં, આપણે મન અંગે થોડુ સમજી લઈએ. આપણા શરીરમાં એક અંગ તરીકે મગજ-બ્રેઈન તો નજરે પડે છે, પણ મન નામનાં અંગને શરીરમાં શોધી શકાય એમ નથી. અને તો પણ આપણે મનનો ઈન્કાર કરી શકીએ તેમ નથી. કારણ કે વિચારવાનું, નિર્ણય લેવાનું, એકઠી થયેલ તમામ વાતો-માહિતીનો તાળો બેસાડવાનું કામ શરીરમાં કોઈક તો કરે જ છે. આપણને આપણાં શરીરમાં, આપણા જ અવાજમાં, માત્ર આપણી જ સાથે વાત કરતા મનનો અનુભવ છે જ.

સારા-નરસા નિર્ણયો, એનું આયોજન, એનો અમલ, આ બધું મન જ કરાવે છે. આ મન એટલું બધું શક્તિશાળી છે કે, તમે જ્યારે બુદ્ધિથી કોઈ નવું કામ કરો છો ત્યારે બે-ચાર વારનાં પુનરાવર્તન પછી એ કામ મન પોતે જ સંભાળી લેતું હોય છે.

હવે આપણા ઋષિ-મુનિઓ પોતાનાં તપ, યોગ, યજ્ઞ, હોમ-હવન દ્વારા અને કોઈ ખાસ જ્ઞાન દ્વારા, પોતાનાં મનમાં જે નેગેટિવ ભાવ છે, મનની જે નકારાત્મક, સંશયાત્મક શક્તિઓ છે તેને પોતાનાં મનની પોઝિટિવ –સકારાત્મક શક્તિથી છૂટી પાડી દેતા હતા. એટલે કે મનને તેઓ બે ભાગમાં વહેંચી દેતા હતા. સકારાત્મક મન અને નકારાત્મક મન. પછી કોઈક યૌગિક પ્રકિયા દ્વારા તેઓ પોતાનાં જ નકારાત્મક મનને શરીરમાંથી બહાર ફેંકી દેતા હતા.

આ પછી ઋષિ-મુનિઓમાં જે રહેતું, તે પ્રચંડ તાકાતવાન સકારાત્મક મન. આ મનમાં સંશયવૃત્તિનો તદ્દન અભાવ રહેતો. તેમના મનમાં નકારાત્મકતાનો એકપણ



http://AksharNaad.com

અંશ ન હોવાથી કોઈ પણ નિર્ણય પર પહોંચવા માટે તેમણે કોઈ દ્વંદ્વનો સામનો કરવો પડતો ન હતો.

માત્રને માત્ર હકારાત્મક વિચારોથી ભરપૂર ઋષિ-મુનિઓનું મન તેમને દેવતુલ્ય-ઈશ્વરતુલ્ય બનાવી દેતું હતું.

આપણે આપણી જિંદગીનું પૃથક્કરણ કરીએ તો ખબર પડશે કે જિંદગીમાં કોઈ પણ મોટો નિર્ણય લેવાનો સમય આવે ત્યારે આપણું મન આપણી સામે ત્રણ-ચાર વિકલ્પો સૂચવતું હોય છે અને પછી મન સંશયાત્મક હોવાથી આપણે કોઈ એક નિર્ણય પર જલ્દી પહોંચી શકતાં નથી; અને આખરે જે નિર્ણય લેવાય તે ખોટો નિર્ણય લેવાય અને સરવાળે આપણે નસીબ-સમય સામે હારી જઈએ, ઊર્જા ગુમાવી હતાશ અને નિરાશ થઈ જઈએ. પરંતુ સકારાત્મક માનસિક ઊર્જાથી ભરેલા ઋષિ-મુનિઓ સામાન્ય મનુષ્ય જે ન કરી શકે તેવાં અનેક પરાક્રમો-કાર્યો સરળતાપૂર્વક કરી શકતા.

આપણા આવા ઋષિઓએ પૃથ્વી પરથી જ, કોઈ પણ જાતનાં સાધનની મદદ વગર આખાં બ્રહ્માંડનાં રહસ્યો ઊકેલી નાખ્યાં હતાં. સાતે લોકમાં સદેહે જવા-આવવાની તાકાત તેમણે મેળવી લીધી હતી.

હવે ઋષિઓએ પોતાનાં શરીરમાંથી જે નકારાત્મક સંશયાત્મક મનને બહાર ફેંકી દીધું હતું તેનું શું થયું?

યાદ રહે કે, આમ શરીરમાંથી બહાર ફેંકાઈ ગયેલ નકારાત્મક મનમાં પણ અનંત વિકૃતિઓ, હિંસા, પરપીડન જેવી વૃત્તિઓ ભેગી થઈ હોય છે. આ નકારાત્મક શક્તિઓ હકારાત્મક શક્તિઓ કરતાં પણ વધુ વિધ્વંસકારી છે, પ્રચંડ તાકાતથી, એનર્જીથી ભરપૂર છે અને કોઈ શારીરિક બંધનથી બંધાયેલું નથી, તેના ઉપર કોઈ શારીરિક મર્યાદા નથી.ગમે તેટલા મજબૂત મનનો માણસ એક ટનની શીલા ઉપાડી ન શકે. પરંતુ આ એકલું મન જ હોવાથી તેની પર શારીરિક મર્યાદાનાં બંધન લાગુ પડતાં નથી.

એ મન કોઈ ઋષિ-મુનિનું છે, એટલે પણ એની શક્તિ ગજબની છે. એ એકલું મન હોવાથી પોતાને જોઈએ-ગમે તેવા કદરૂપા, બિહામણાં કે સુંદર આકારનું શરીર ધારણ કરી લેવા સ્વતંત્ર છે. મારિચી રાક્ષસે એ જ રીતે સુવર્ણ હરણનું રૂપ ધારણ કરી લીધું હતું.



http://AksharNaad.com

મન હોવાથી તે અનંતવેગે એક જગ્યાએથી બીજી જગ્યાએ, એક લોકમાંથી બીજા લોકમાં ગતિ કરી શકે છે.એ મનનો એક ભાગ છે એટલે પોતે જ પોતાના અનેક ભાગ કરી અનેક રૂપ ધારણ કરી શકે છે.પહાડ-પર્વત ઊંચકી લઈ શકે છે.

આમ દાનવો જે કાંઈ કરી શકતા હતા તે જોશો તો ખ્યાલ આવશે કે,એકલું મન જે કાંઈ કરી શકતું હતું,તે આ રાક્ષસો કરી શકતા હતા.

હવે એક મજાની વાત કહું જે ઋષિઓ પોતાની શક્તિથી ગમે તે કરવા શક્તિમાન હતા, તે ઋષિઓ તેમનાં યજ્ઞોનો ભંગ કરનાર દાનવો-રાક્ષસોને કશું કરી શકતા ન હતા.જે ઋષિ દર્ભની સળી પર મંત્રનું આહવાન કરી કોઈને પણ મારી નાંખવા સક્ષમ હતા તે ઋષિ દાનવોને કશું જ કરી શકતા નહીં.

બીજી બાજુ જે દાનવો ગમે તે પ્રાણીને ખાઈ જતા, તે ઋષિઓના હવનો અભડાવતા પણ ઋષિ-મુનિઓને મારીને ખાઈ જતા ન હતા.

તો આ બંને વાત પાછળ શું રહસ્ય હશે?

તો વાત એમ હતી કે ઋષિઓને કનડતા રાક્ષસો-દાનવો એ જ ઋષિઓનાં નકારાત્મક મન હતાં,એ ઋષિઓનો જ એક ભાગ હતા.એટલે ઋષિઓ દાનવોનો નાશ કરી શકતા નહીં.કોઈ પોતાની જાતને જ કેવી રીતે મારી શકે?

વાત રહી દાનવોની. દાનવો હવનનો ભંગ કરતા હતા, કારણ કે એમને ખબર હતી કે આ યજ્ઞ-હવન-જપને કારણે જ તેઓ શરીર વગરના થયા છે. શરીરમાંથી બહાર ફેંકાયા છે.તેથી હવનભંગ કરીને તેઓ ઋષિ-મુનિઓને તપમાંથી ચલિત કરવા માગતા હતા,જેથી એ ઋષિ-મુનિનાં શરીરમાં પરત ફરી શકે.

આ દાનવો માટે સૌથી મુશ્કેલ વાત એ હતી કે કામ-વાસના-મદથી ભરેલું એમનું મન દુનિયાનાં તમામ સુખો ભોગવવા આતુર રહેતું,જ્યારે પોતાને દેહ ન હોવાથી તેમણે જે નકલી દેહ ધારણ કરેલા હતા તેનાથી તેઓ ગમે તેટલી કામ-વાસના ભોગવે, તેમને તૃપ્તિ જ થતી નહીં.કદાચ શુદ્ધ,પવિત્ર,સકારાત્મક મનને ઋષિઓએ બહાર ફેકી દીધું હોય, તો તે મન આટલું બધું છટપટત નહીં.પણ કામ-વાસનાથી ભરેલું મન ભોગ ભોગવવા આતુર રહેતું હતું.

આમ ઋષિઓ અને દાનવો વચ્ચે નિરંતર સંઘર્ષ ચાલતો રહેતો હતો.ઋષિઓ તેમણે શરીરમાંથી બહાર ફેંકી દીધેલાં નકારાત્મક મનને પોતાનાં શરીરમાં પરત



http://AksharNaad.com

આવવા દેવા માંગતા ના હતા કારણ કે જો નકારાત્મક મન શરીરમાં પરત ફરે તો તેમની તમામ રિદ્ધિ-સિદ્ધિઓ વિલુપ્ત થઈ જાય માટે ઋષિઓ જપ-તપ-યજ્ઞ દ્વારા મનની શુદ્ધિને જાળવી રાખવા માંગતા હતા, જ્યારે દાનવો તેમની કામ વાસના પરિતૃપ્ત કરી નહીં શકવાને કારણે ખૂબ વ્યાકુળ રહેતા હતા અને તે ઋષિઓનાં શરીરમાં કોઈ પણ ભોગે પરત જવા માંગતા હતા અને આ સંઘર્ષ સતત ચાલુ રહેતો હતો.

હવે જ્યારે-જ્યારે ઈશ્વર રામ-કૃષ્ણનાં રૂપમાં અવતાર લેતા, ત્યારે ઋષિ-મુનિઓ તેમના હાથે જ પોતાનામાંથી જ પેદા થયેલ તેમના માનસપુત્ર દાનવોનો વધ કરાવી નાખતા.

જ્યારે ઈશ્વર આ દાનવોનો વધ કરી નાખતા, ત્યારે ઋષિ-મુનિઓ પોતાનાં સકારાત્મક મન સાથે આંનદમય જીવન જીવતા, કારણ કે તેમનામાંના નકારાત્મક રાક્ષસનો નાથ થઈ ચૂક્યો હતો.

જેમણે પણ ડૉક્ટર જેકીલ એન્ડ મિસ્ટર હાઈડની સ્ટોરી વાંચી હશે તે આ વાત સરળતાથી સમજી શકશે. ડૉ. જેકીલ એક બહુજ ઉમદા અને ઉચ્ચ કોટિના ભલા ડૉક્ટર હતા. તેઓ એક નવી દવાની સંશોધન કરી રહ્યા હતા અને તે દવા તેમણે જાતે પી લીધી અને એ દાવાને પરિણામે તેમનાં શરીરમાં ભયાનક ફેરફારો થયા અને તે રાત્રે શેરીઓમાં નીકળી હત્યાઓ કરવા માંડ્યા. જ્યારે તેઓ જેકીલનાં શરીરમાં પરત આવતા ત્યારે એમને બહુ વ્યથા થતી પણ દવા પીધા વગર તેમણે ચેન પડતું નહીં અને રાત્રે ફરી વાર હાઈડ બની ગુનાહિત કૃત્યો કરતા. આ સ્ટોરીમાં એકનું એક શરીર બે સ્વરૂપ ધારણ કરે છે, જેમાંનું એક શરીર ઋષિ તુલ્ય છે જ્યારે બીજું શરીર દાનવ બની જાય છે. જ્યારે ઋષિમુનિઓ પોતે શુદ્ધતમ રહી માત્ર નકારાત્મક મનને શરીરમાંથી બહાર ફેંકી દેતા હતા એટલે તેઓ માત્ર ડૉ. જેકીલની ભૂમિકામાં જ રહેતા હતા એમનું નકારાત્મક મન હાઈડની ભૂમિકા ભજવતું હતું.

મને તો દાનવો-રાક્ષસોની ઉત્પત્તિ અને સૃષ્ટિમાંથી કાયમ માટે તેમના વિલય થવા પાછળ આ સિવાય કોઈ થિયરી નજરે પડતી નથી. આપને જો કોઈ થિયરી મળે તો આપણે સાથે બેસીને તેની ચર્ચા કરીશું.

******



http://AksharNaad.com

# ૨૯

## આ મમ્મીઓને શું કહીશું?

હાલમાં ધોરણ બાર અને દસની બોર્ડ પરીક્ષાઓ ચાલી રહી છે. ઘેરથી ઓફિસ આવતાં રસ્તે અનેક શાળાઓ પાસેથી પસાર થાઉં છું, તો દરેક શાળાની બહાર ચારસો-પાંચસો વાલીઓનાં ટોળાં બહાર બેસી રહ્યાં હોય છે. પરીક્ષાને દિવસે છોકરા-છોકરીને શાળા સુધી મૂકી જવાં એ સમજાય એવી વાત છે. પણ પરીક્ષા ચાલુ થઈ ગયા પછી ત્રણે ત્રણ કલાક શાળાની બહાર બેસી રહેવાની વાત સમજાય એવી નથી.

અમારા સમયે તો મા-બાપ જાણતાં પણ ન હતાં કે ક્યા વિષયની આજે પરીક્ષા છે અને કઈ સ્કૂલમાં નંબર આવ્યો છે. તે સમયે બે પ્રશ્નપત્રો રહેતાં એક દિવસમાં. તો મા-બાપ બે-ત્રણ રૂપિયા નાસ્તાના આપી દેતાં.

પણ હવે તો હદ થઈ રહી છે. વાલીઓ અને તેમાં પણ મમ્મીઓ બોર્ડની પરીક્ષા વખતે જે ગાંડાં કાઢે છે તે સમજાય એવાં નથી. તમને સ્કૂલના પરીક્ષાખંડમાં તો કોઈ જવા દેવાનું નથી. નથી તમારો લાડકો બહાર આવીને તમારી પાસે પેન-પેન્સિલ માગવાનો. માનો કે એની પેન બગડી ગઈ તો પરીક્ષક એને પેનની સગવડ કરી જ આપવાના છે. પણ નહીં. મમ્મીઓ બહાર ટોળે વળીને બેસી જ રહે છે, કે મારા લાલાને કે બાબલીને અંદર કશું થાય, તો હું દોડી જઉં.

આ મમ્મીઓને કહેવું છે કે લાલાઓને અને બબલીઓને થોડાં ટફ થવા દો. એમને તમારાંથી થોડાં અળગાં થવા દો. તેમની ચિંતા તેમની પર છોડી દો. કશો પણ પ્રશ્ન ઊભો થાય તો તેમને પોતાના નિર્ણય જાતે લેવા દો. નાની-મોટી કટોકટીનો સામનો એમને કરવા દો. એમની જિંદગીમાં અનેક કટોકટી અને પ્રાણપ્રશ્નો ઊભાં થવાનાં છે. ત્યારે કદાચ તમે નહીં હોવ એમની સાથે, અને હશો તો પણ તમે એમની કોઈ મદદ કરી શકો તેવી સ્થિતિમાં પણ નહીં હોવ.

યાદ રાખો કે, મોટા વડના છાંયડામાં ઊગેલા નવા છોડ મોટા થતા નથી. તમે વડ થઈને તમારાં બાળકોનું રક્ષણ કરવાની કોશિશ ના કરો. એમના પર તડકો, તોફાન,



http://AksharNaad.com

વરસાદ પડવા દો. એમણે પણ વડ થવાનું છે.

ઓવર-પ્રોટેક્ટિવ મમ્મીઓ માયકાંગલાં અને નબળાં લાલાઓ અને બબલીઓને ઉછેરતી હોય છે. આવી મમ્મીઓને ખરી સલાહ એ છે કે, શાળામાં કે પોળમાં તમારાં બાળકને તેમના દોસ્તારો માર મારે તો તમે પોળમાં કે શાળામાં ધસી ના જાવ. તમારા એ લાલાને કહો કે, કાલે એને મારનાર મિત્ર કે વિરોધીઓ જોડે એ ફરીથી લડીને આવે. તમારી બેબલીની ચોપડી કોઈ બહેનપણી લઈ ગઈ છે તો બેબલીને કહો કે એ હક્ક કરીને લઈ આવે, જોઈએ તો લડીને લઈ આવે.

આવા ઓવર-પ્રોટેકશનમાં મોટાં થયેલાં બાળકો જિંદગીની લડાઈમાં બહુ જ મિઝરેબલી ફેઇલ થઈ જતાં હોય છે.

બોર્ડની પરીક્ષામાં બાળકને દહીં-ગોળ ખવડાવી રવાના કરો. કહો કે સાંજે પેપર સારું ગયું છે તેવા સમાચાર લઈને આવજે.

પણ તમે એમ નહીં કરી શકો. કારણ કે હવે તો પપ્પાઓમાં પણ એક ફેશન શરૂ થઈ છે. છોકરો-છોકરી બોર્ડની પરીક્ષામાં બેસવાનાં છે, તો અઠવાડિયાની રજા લઈ લો. એટલે પપ્પા અને મમ્મી બંને શાળાની બહાર બેસી રહેવા બેતાબ છે.

હું તો દેશની છોકરીઓને કહું છું કે, તમને જોવા છોકરો આવે અને બંનેનાં ઘરવાળાં કહે કે, જાવ જોડેની રૂમમાં જઈને વાત કરી લો, તો તમે પૂછી-પૂછીને કેટલું અને શું પૂછશો? હું તો બધી છોકરીઓને કહીશ, કે જો તમારે તમારા માટે પતિ પસંદ કરવાનો છે તો તેને માત્ર એક સવાલ પૂછજો, કે તું બોર્ડની પરીક્ષા આપવા ગયો ત્યારે તારા પપ્પા-મમ્મા તારી સ્કૂલની બહાર બેસી રહેતાં હતાં? જો છોકરો કહે કે હા, મારી મમ્મી બેસી રહેતી હતી, તો આવા માવડિયા છોકરાને હરગિઝ પતિ તરીકે પસંદ ના કરતાં. કારણ કે જે મા, પોતાનો છોકરો બોર્ડની પરીક્ષા આપી રહ્યો હોય ત્યારે સ્કૂલની બહાર બેસી રહી હોય, તે મા તમારી સુહાગરાતે તમારા બેડરૂમની બહાર કાન માંડીને બેસી રહેશે, કે હાય-હાય બા, મારો લાલો પારકી છોકરી જોડે બેડરૂમમાં એકલો જ છે.

******



http://AksharNaad.com

# 30

## ભારતનાં ન્યાયતંત્રમાં આટલા ફેરફારો ના થઈ શકે?

ભારતનું ન્યાયતંત્ર તદ્દન ખાડે ગયું છે. સામાન્ય માણસ માટે કોર્ટમાં જવું એના કરતાં નરકમાં જવું સારું એવી હાલત પ્રર્વતે છે.

ભારતમાં એક નાનકડો કેસ ચાલી જતાં વરસો થાય છે. ફોજદારી કેસમાં પહેલી ટ્રાયલ ચાલતાં જ ૧૮-૨૦ વર્ષ લાગતાં હોય અને પછી હાઈકોર્ટ-સુપ્રીમકોર્ટ તો બાકી જ હોય છે.

જયલલિતાના કેસમાં ચુકાદો આવતાં ૧૫ વર્ષ થયાં લાલુપ્રસાદનો ચુકાદો આવતાં ૨૨ વર્ષ થયાં. ગુજરાતનાં એન્કાઉન્ટરના કેસ દસ-દસ વર્ષથી ચાલુ નથી થયા

૧૯૯૨માં નર્મદા બચાવો આંદોલનના નેતા મેઘા પાટકરે સુપ્રીમ કોર્ટમાં કેટલાક હજાર પીડિતોને પૂરી રાહત નથી અપાઈ તે મુદ્દે સુપ્રીમ કોર્ટમાં રીટ કરી.

આ નર્મદા યોજનામાં ગુજરાત, મહારાષ્ટ, રાજસ્થાન અને મધ્યપ્રદેશની જનતા એટલે કે ૨૦ કરોડની જનતાનું હિત સમાયેલું છે. ૨૦ કરોડ જનતા એટલે કે દેશની કુલ વસ્તીના ૧૫% લોકોનું હિત. ભારત સરકાર અને અન્ય સરકારોના આ યોજનામાં અબજો રૂપિયા લાગેલા હતા તેમ છતાં સુપ્રિમ કોર્ટને આ કેસ સાંભળવા માટે દસ વર્ષે સમય મળ્યો. ૨૦૦૨માં કહે હવે ડેમની ઊંચાઈ વધારવી હોય તો વધારો. આ દસ વર્ષમાં આ નર્મદા યોજનાના ખર્ચમાં અજબો રૂપિયાનો વધારો થઈ ગયો એ જુદો.

આ દેશમાં હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટમાં જ સેંકડો જજોની જગ્યા પૂરતી નથી. ટ્રાયલ જજો અને મેજીસ્ટ્રેટોની સંખ્યા તો હજારોમાં ઓછી પડે છે.

તો મને કહેવા દો કે, આપણા દેશમાં જજોને નિવૃત જ શા માટે કરાય છે? ઇંગ્લેન્ડમાં જજોની નિવૃતિની ઉંમર જ નથી. જજ ઇચ્છે ત્યાં સુધી કામ કરે. સિવાય કે



http://AksharNaad.com

માનસિક-શારીરિક રોગથી પીડાતા હોય તો જ રાજીનામું આપે. ૮૦-૮૦ વર્ષના જજો ફરજ બજાવે છે.

આ દેશમાં વરસે દહાડે ૪૦૦ આઈ.એ.એસ. અને આઈ.પી.એસ.ની જરૂર પડે છે તો તેની ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યુટ છે તો હાઈકોર્ટ-સુપ્રિમકોર્ટના જજો માટે ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યુટ ના ખોલી શકાય? જેમાં H.S.C. પાસ થયેલા બ્રાઈટ વિદ્યાર્થીઓને ૫-૭ વર્ષની તાલીમ આપી જજ તરીકે કેમ ના નીમી શકાય?

ભારતનાં ન્યાયતંત્ર સામે મારી એક મોટી ફરિયાદ છે, શા માટે આટલા મોટા ઉપખંડ જેવડા દેશમાં માત્ર દિલ્હીમાં જ સુપ્રિમકોર્ટના જજો બેસે?, શા માટે દરેક મોટાં રાજ્યોને સુપ્રિમકોર્ટની બેંચ ના આપી શકાય?, દરેક હાઈકોર્ટનાં બિલ્ડિંગમાં જ સુપ્રિમ કોર્ટની બે જજોની બેંચ બેસે. રાજ્યમાંથી આવતી તમામ અપીલો આ બેંચ જ સાંભળે. બંધારણીય કેસો ભલે દિલ્હી ચાલે.

પણ કહે છે કે સુપ્રિમ કોર્ટ જ દેશમાં બીજી બેંચ બેસાડવા રાજી નથી. સુપ્રીમકોર્ટના જજોને હાઈકોર્ટ જજો સાથે બેસતા કે દિલ્હીની બહાર બેસતાં નાનમ લાગે છે એમની ડિગ્નિટિ ઓછી થઈ જતી હોય એમ લાગે છે.

તો મને કહેવા દો કે સુપ્રિમકોર્ટમાં બેસતાં પહેલા જે તે જજો હાઈકોર્ટમાં જ ફરજ બજાવતાં હતા કે નહિ? તો આગલે દિવસે મુંબઈ, અમદાવાદ, લખનઉમાં બેસવા સામે વાંધો ન હતો પણ હવે સુપ્રિમકોર્ટમાં પ્રમોશન થયું એટલે મુંબઈ, અમદાવાદ, લખનઉમાં બેસવું ગમતું નથી?

તો પછી હવે પછી જે હાઈકોર્ટ જજોને પ્રમોશન મળે તેને પહેલાં દિલ્હી બેસાડો જ નહીં, તેમને સુપ્રિમ કોર્ટમાં લો ત્યારે ૨-૫ વર્ષ સુપ્રિમકોર્ટની સ્ટેટ બ્રાંચમાં જ બેસાડો.

અરે! આ શું વાત થઈ સુપ્રિમ અને હાઈ કોર્ટના ૪૫૦ જજોની ડિગ્નિટિ એટલી મોટી છે કે દેશના ૧૨૫ કરોડ નાગરિકો હાલાકી અને અસહ્ય નાણકીય ભાર ઉઠાવે.

સુપ્રિમ કોર્ટ માત્ર દિલ્હીમાં બેસતી હોવાથી દીલ્હીના ૧૦-૧૨ હજાર વકીલોની સુપ્રીમ કોર્ટમાં મોનોપોલી થઈ ગઈ છે જે હવે લાખો કરોડોમાં ફી લેતા થઈ ગયા છે.



http://AksharNaad.com

આજ ધારાધોરણ હાઈકોર્ટ માટે લાગુ પાડો. શા માટે હાઈકોર્ટ જજો દરેક જીલ્લા કોર્ટમાં બેસી જીલ્લાની અપીલોનો નીકાલ ના લાવે?

સુપ્રિમ અને હાઈકોર્ટના જજોના સન્માન-ડિગ્નિટિનાં નામે દેશની ૧૨૫ કરોડની વસ્તીને તો બાનમાં ન લઈ શકાય.

મારું તો સુચન છે કે સુપ્રિમ કોર્ટના જે જજો સ્ટેટ લેવલે બેસે એ જજોને એક હેલીકોપ્ટર આપી દો, જેથી રોજ રાત્રે એ દિલ્હી જતા રહે તો એ સસ્તું પડશે. કારણ કે, સુપ્રિમ કોર્ટમાં રોજ સેંકડો લોકો ભારતભરમાંથી આવે એના કરતા આ થોડા જજો રોજ દિલ્હી આવે તો કશું ખોટું નથી.

અદાલતોમાં મુદત પાડવા પર કોઈ મર્યાદા લાવી દો. દરેક પ્રકારના કેસો કેટલા સમય મર્યાદામાં ચલાવી લેવા તેના નિયમ બનાવી દો.

સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટમાં જ્યારે લાખ્ખો કેસ પેન્ડિગ હોય ત્યારે આ જજો મહિનાઓનાં વેકેશનો ભોગવે તે પણ હવે બંધ કરવું જોઈએ. પહેલાં અંગ્રેજ જજો ઈંગ્લેન્ડથી ભારત આવતા એટલે એમને મહિનાઓ લાંબા વેકેશનો જોઈતાં હતાં. હવે ભારતીય જજો પણ વર્ષમાં ૧૮૦ દિવસ કામ કરે તો તેમણે પણ વધુ દિવસ કામ કરવું જોઈએ તેવી માંગણી જનતા કરે તો કશું ખોટું નથી!

******

# નોંધ

# નોંધ

પુસ્તકો વાંચી એકબીજા સાથે બદલી કરી નાખીએ અને ત્રીજા દિવસે તો લારી પર જઇ નવાં પુસ્તક ભાડે લઈ લઈએ. આજે લોકો રસ્તા પર ચાલતા ચાલતા મોબાઈલ પર વાતો કરે છે ત્યારે મને ગુસ્સો નથી આવતો કારણકે હું બસ સ્ટેન્ડથી ઘરે જતાં રસ્તામાં પણ વાંચતો હતો. ઉતરાણમાં પણ હું અગાસીમાં પતંગ જોવાને બદલે પુસ્તક વાંચતો બેસી રહું,

ગુજરાત રાજ્યની જેમના હાથે સ્થાપના થઈ એ રવિશંકર મહારાજ મારી માં ના ફુવા થાય. એક સંબંધીને ત્યાં લગ્નમાં એમના દર્શનનો મને લાભ મળ્યો. મેં એમની સાથે ગાંધીજીના તત્વ ચિંતન પર માંડ ૧૫ વર્ષની ઉંમરે ચર્ચા શરૂ કરી. ત્યાં બેઠેલા કોઈ વડીલે કહ્યું તને ખબર છે, મહારાજ ગાંધીજીના સાથીદાર હતા અને તું એમની સાથે આવી ચર્ચા કરે છે. મહારાજે એ વડીલને કહ્યું કે આજે મને આનંદ થયો કે આટલા નાના જીતુએ ગાંધીજી વિશે આટલું બધુ ચિંતન કર્યું છે.કોઈ એને રોકશો નહીં.

કોલેજ પૂરી કર્યા પછી હું મજૂર મહાજન મંડળમાં જોડાયો. મારા નસીબ એટલા સારા કે આ ઓફિસમાં એક મોટી લાઈબ્રેરી અને ગાંધી સાહિત્યને લગતા હજાર જેટલા પુસ્તકો બસ પછી તો પૂછવાનું શું.

છેલ્લે ૨૦૦૮ થી “કવિ સંગત” મારફતે વડોદરા અને ગુજરાતનાં ઊંચ ગજાના કવિઓ સાથે ખુબ સત્સંગ થયો અને આ કવિ મિત્રો પાસેથી ઘણું શીખવાનું મળ્યું.

છેલ્લા થોડા વર્ષોથી વાંચવાનું નહિવત થઈ ગયું છે, પણ ફરી એકવાર એવુ જ વાંચન જરૂર શરૂ કરવું છે.

**જીતુભાઈ પંડ્યા**



# મારી સાહિત્યયાત્રા

વાત ૧૯૬૨ કે ૧૯૬૩ ની હશે. મુંબઈ પાર્વતી મેન્શનમાં રહીએ. આ ચાલી સિસ્ટમમાં અમારા એક પાડોશી ડોલરરાય ભગત, (આ અમારા પાડોશી ડોલરરાય ભગતની પૌત્રી એટ્લે વડોદરાના જાણીતા કવિ દિપ્તી વછરાજાની અને તેમના જમાઈ પણ જાણીતા કવિ કૌરશ વછરાજાની.) એમને ત્યાં કરનાળી(ચાણોદ)થી એક સાધુ આવ્યા. કરનાળીમાં દક્ષિણામુર્તિ મહાદેવનું મંદિરના એ વહીવટદાર, ને મંદિરમાં બે રૂમ. મંદિરની આવક બહુ પાંખી એટ્લે તેઓ આ બે રૂમો ભાડે આપવા માંગતા હતા. મારા પિતાજીએ વાર્ષિક રૂ.૧૫૦/-ના ભાડે આ રૂમો રાખી લીધી. પછી તો દર વેકેશનમાં અમો એકાદ મહિનો નર્મદા કિનારે કરનાળીમાં રહીએ. સવાર અને સાંજનો સમય તો નર્મદાજીમાં નાહવામાં જતો રહે પણ ઉનાળાની કાળ-ઝાળ ગરમીમાં પતરાવાળા રૂમમાં બપોરના ૬ કલાક પસાર કરવા ખૂબ અઘરા. આ મંદિરને અડીને ગામમાં એક નળિયા નાખેલું વિશાળ ગાયકવાડી પુસ્તકાલય. ૧૫૦૦ થી ૨૦૦૦ પુસ્તકો અને બીજા દિવસે ૩-૪ છાપા પણ આવે. મને તો મજા પડી ગઈ. નળિયાવાળા પુસ્તકાલયમાં ગરમી પણ ના લાગે અને પુસ્તકો વાંચતાં સમય ક્યાં ગયો તે ખબર ના પડે. નાની ઉંમરમાં જ ૭-૮ વર્ષમાં મેં લગભગ બધા જ પુસ્તકો વાંચી નાખ્યા અને રોજ છાપા વાંચવાની ટેવ પણ પડી ગઈ.

કોલેજમાં મારા મિત્ર પ્રકાશ પંડ્યાને પણ આવો જ વાંચવાનો શોખ એમને એ શોખ એમના પિતા કમળાશંકર પંડ્યા પાસેથી વારસામાં મળેલો. અમે લારી પરથી ૨૦૦-૨૫૦ પાનાનાં બે પુસ્તક ભાડે લઈએ. બીજે દિવસે એ

અનુસંધાન... અંદરના મુખપૃષ્ઠ પર